
# કેડે કટારી ખભે ઢાલ




કુમારપાળ દેસાઈ

કચ્છના કણકણમાં મહેકતી કુરબાની-કથાઓ

# કેડે કટારી, ખભે ઢાલ

કુમારપાળ દેસાઈ

**પ્રાપ્તિસ્થાન**

**ગૂર્જર સાહિત્ય ભવન**

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001

ફોન : 079-22144663, 22149660

e-mail : goorjar@yahoo.com. web : gurjarbooksonline.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ, સિટી સેન્ટર પાસે, સીમા હૉલ સામે,

100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ 380015

ફોન : 26934340, 98252 68759 - gurjarprakashan@gmail.com

કિંમત : રૂ. ૧૦૦

પહેલી આવૃત્તિ : 1969

તૃતીય સંવર્ધિત આવૃત્તિ : 2017

**Kede Katari, Khabhe Dhal**

A collection of Short Stories baised on KUTCHHI BRAVE PERSONS

by Kumarpal Desai

Published by Gurjar Granth Ratna Karyalaya, Ahmedabad-1

© કુમારપાળ દેસાઈ

પૃષ્ઠ : 4 + 100

ISBN : 978-93-5162-447-9

નકલ : 1000

પ્રકાશક : **ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ,

અમદાવાદ-380001 ફોન : 22144663,

e-mail : goorjar@yahoo.com

****

મુદ્રક : **ભગવતી ઑફસેટ**

સી/૧૬, બંસીધર એસ્ટેટ, બાલડોલપુરા, અમદાવાદ-380 004

## આરંભે

સૌરાષ્ટ્રના સોનગઢના શ્રી મહાવીર જૈન ચરિત્ર કલ્યાણ રત્નાશ્રમમાં વચ્ચોવચ્ચ આવેલા વિશાળ વડલાની શીતળ છાયામાં શ્રી કલ્યાણચંદ્રજી બાપા આરામખુરશીમાં અઢેલીને બેઠા હોય, આજુબાજુ સર્જક જયભિખ્ખુ સહિત આશ્રમમાં આવેલા અતિથિઓ ટોળે વળીને બેઠા હોય અને ત્યારે દુલેરાય કારાણી પાસેથી કચ્છી લોકસાહિત્યની કથાઓ અને પ્રભાવક શૈલીમાં કચ્છી દુહાઓ સાંભળવા મળ્યા.

બાળપણના એ સંસ્કારોએ ૨૭ વર્ષની વયે કચ્છના ઇતિહાસની વીરકથાઓ શોધવાનો રંગ લગાડ્યો અને પછી તો એવી વીરગાથાઓ મેળવી કે જેની પાછળ વિશાળ ભારતદેશના અંગભૂત કચ્છના નાના પ્રદેશમાં આવેલા આતિથ્ય અને આત્મસમર્પણનું ખમીર ઊછળતું હોય.

સામાન્ય ખ્યાલ એવો પ્રવર્તે કે રાજ્ય જેને જાકારો આપે, એ કાં તો બહારવટિયો થાય અથવા તો રાજદ્રોહી બને. જ્યારે અહીં કચ્છની એવી કથાઓનું આલેખન કર્યું છે કે રાજવીએ જેને અપમાનિત કરીને કાઢી મૂક્યા હોય તેવા માનવીઓએ માત્ર વહાલા વતનના પ્રેમ ખાતર દુશ્મનો સામે એકલા લડીને શહાદત વહોરી છે. અંગત માન-અપમાન કરતાં દેશભક્તિ ઘણી મહાન બાબત છે તે આ પ્રસંગોમાં પ્રગટ થાય છે.

'કેડે કટારી, ખભે ઢાલ' પુસ્તકને ભારત સરકારની બાળસાહિત્યની ૧૫મી રાષ્ટ્રીય સ્પર્ધામાં પારિતોષિક પ્રાપ્ત થયું હતું.

આજે આ પુસ્તક નવસંસ્કરણ પામીને ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા પ્રકાશિત થાય છે તે માટે એ સંસ્થાનો અને શ્રી મનુભાઈ શાહનો આભારી છું.

આશા છે કે આ પુસ્તક રાષ્ટ્ર પ્રત્યે ભક્તિ, સિદ્ધાંત માટે સ્નેહ અને નેક-ટેક કાજે જાનફેસાનીની ભાવના જગાવશે.

૧૨-૪-૨૦૧૭ **કુમારપાળ દેસાઈ**

અમદાવાદ

❑

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | વીસ ભીમ | 5 |
| ૨. | કેડે કટારી, ખભે ઢાલ | 12 |
| ૩. | જનતાના જૌહર | 19 |
| ૪. | હું છું સિપાઈ બચ્ચો | 27 |
| ૫. | દોસ્તીના દાવે | 35 |
| ૬. | જનતા અને જનેતા | 40 |
| ૭. | વીર પુત્ર વીંઝાર | 50 |
| ૮. | ત્યાગની ત્રણ મૂર્તિઓ | 59 |
| ૯. | એકથી એક સવાયો | 66 |
| ૧૦. | રણબંકો રણમલ | 72 |
| ૧૧. | છત્તો મેહાર | 78 |
| ૧૨. | ઉમર અને મારઈ | 83 |
| ૧૩. | તીરંદાજ | 88 |
| ૧૪. | વીર લધાભા | 96 |


❑

— ૧ —

# વીસ ભીમ

રડીબામ્ રડીબામ્ થાય છે.

નગારાં વાગે છે. ત્રંબાળું પિટાય છે. ડંકાનિશાન ગડગડે છે.

સિંધનો અમીર કાળઝાળ ગુલામશાહ કચ્છ સર કરવા ચાલ્યો આવે છે. હજારોની સેના સાથે છે. અનેક જાણીતા સેનાપતિઓ ભેરમાં છે.

જંગને રંગ દેનાર અને વલો વતનને સર્વસ્વ માનનાર કચ્છી જુવાનો પોકારી ઊઠ્યા છે :

'અરે, શા ભાર છે ગુલામશાહના કે કચ્છની ધરતીને રોળે ! કચ્છી શૌર્યતેજ એણે હજી જોયાં નથી; કચ્છી પાણી એણે હજી માપ્યાં નથી; એટલે જ ગુલામશાહે આ મનસૂબા બાંધ્યા છે. ચાલ્યો આવ ! કેટલી વીસે સો થાય એની કચ્છમાં ખબર પડશે.'

કચ્છમાં ઘેરઘેર સમાચાર ફેલાયા છે. ગુલામશાહ સિત્તેર હજારના લશ્કર સાથે આવે છે. લોકો કહે છે :

'વાહ ! સં. ૧૮૧૯ના ચોપડા હમણાં જ શરૂ કર્યા છે. હજી કારતક માસ પૂરો થયો છે, ત્યાં ગુલામશાહ જમા-ઉધાર કરાવવા આવી રહ્યો છે ! આવવા દો, જંગને રંગ દેનારા કચ્છીઓ સામૈયા માટે તૈયાર છે !'

મૂછનો દોરો હજી ફૂટ્યો ન હોય એવા કચ્છી જવાનો તલવારો ઘસવા બેસી ગયા. છરી-ખંજર સમરાવવા લાગ્યા. ઘેર-ઘેર લાપસીચૂરમાં રંધાવા લાગ્યાં. બહેન ભાઈને મળવા આવી છે; ભાઈ બહેનને મળીને

આવી ગયો છે ! બાપે દીકરાને વિદાય આપતાં કહ્યું છે કે, 'બેટા ! જોજે, પાણી જાય નહીં ! કુળ લજવાય નહીં.'

ઓહ ! ઇતિહાસમાં પાણીપત હશે, પ્લાસીનું યુદ્ધ હશે, પણ કચ્છના ઝારાની તળેટીમાં લડાયેલું યુદ્ધ અનોખું હશે !

લોકને આનંદ છે, પણ એક વાત સાંભળે છે ને મોં પડી જાય છે :

'આપણા દેવકરણ શેઠનો દીકરો પૂંજો સિંધના શાહને તેડી લાવ્યો છે !'

આ વાત સાંભળે છે, ત્યારે સહુની આંખમાં મરચાં પડે છે. લોહીનાં આંધણ મુકાય છે, મોટો નિસાસો નંખાઈ જાય છે :

'ફટ રે, ભૂંડા પૂંજા ! ઘરઘરના ઝઘડા કંઈ આમ બહાર કઢાય ! ઘરની એબ ઘરમાં ઢંકાય ! સિંધનો ગુલામશાહ તારી હિંમતથી કચ્છ પર ચડી આવ્યો છે, નહિ તો શા ભાર હતા એના !'

કોઈ પ્રભાતે પૂંજાનું નામ લેતું નથી. સહુ ફટ ભણે છે ! થોડા સ્વાર્થ ખાતર વતનને કંઈ વેચાય ! દેશ તે કંઈ વાણિયાના હાટનું વસાણું છે ? માના તે વળી સોદા હોય ? જનની અને જન્મભૂમિ તો એક છે.

જીવણ શેઠ કચ્છી જવાંમર્દોને લઈને શત્રુઓનું સામૈયું કરવા તૈયાર થયા છે. કચ્છી લોકો હોંશે હોંશે લશ્કરમાં ભરતી થવા આવે છે; સહુના હાથ ચચળી રહ્યા છે. ક્યારે સિંધી સેના આવે અને ક્યારે આપણી તલવારનો એમને સ્વાદ ચખાડીએ !

સિંધનો ગુલામશાહ પણ ભારે હોશિયાર છે ! એની ઇચ્છા છે કે જીવણ શેઠને સૂતો દબાવવો. કોઈ ટૂંકો માર્ગ લઈને ચડી જવું. શોધો કોઈ ભોમિયાને ! ભોમિયા ટૂંકા કેડા બતાવશે.

પણ એવો ભૂંડો માનવી કોઈ ન મળ્યો. માગી ખાનારો કચ્છનો માનવી પણ દેશનો દ્રોહ કરવા તૈયાર નથી. રાજ આપો તોય મારગ બતાવવા રબારીય તૈયાર નથી. મા એ મા !

ગુલામશાહે પૂંજા શેઠને કહ્યું, 'શેઠ ! રસ્તાનો ભોમિયો શોધી લાવો. એને મોં-માંગ્યું ઇનામ આપો.'

પણ ઇનામ માટે કંઈ દેશ વેચાય ? પાઘડી માટે માથું ન દેવાય.

પૂંજા શેઠે ખૂબ શોધ કરી. એને ખબર પડી કે અહીં એક જાગીરદાર છે. એને બે પુત્રો છે : નામ છે ભીમજી અને વીસાજી. બંને લડવામાં હોશિયાર છે. માર્ગોના ભોમિયા છે. વળી કહેવાય છે કે જો ભીમજી અને વીસાજી સાથે હોય તો 'વીસ ભીમ' જેટલું જોર ધરાવે છે.

કહેનારે ખાસ વાત એ કહી કે આ ભીમજી અને વીસાજીની માએ જાગીરદાર સાથે રીતસર લગ્ન કર્યાં નહોતાં, રખાતના દીકરા છે.

આ બંને જણા જ્યારે મહારાવના દરબારમાં લશ્કરમાં ચાકરી નોંધાવવા ગયા ત્યારે એમને કહેવામાં આવ્યું કે 'તમે ક્ષત્રિય-સંતાન નથી. તમને લશ્કરમાં સ્થાન ન હોય, તમે તે વળી લડી શું જાણો ?'

ભીમાજી અને વીસાજીએ કહ્યું, 'અમારા દિલમાં દેશ છે. એ દેશ માટે લડવા અમને રજા આપો. વતન માટે અમેય મરીશું.'

મહારાવે બંનેનો તિરસ્કાર કર્યો. ભરસભામાં અપમાન કર્યું. બંને ભારે દુઃખ સાથે પાછા ફર્યા.

પૂંજો શાહ કહે, 'કચ્છના આ બે જણા વીસ ભીમને નામે ઓળખાય છે. એકસાથે પચાસ માઈલ ચાલે છે. એકલા સો જણને ભારે પડે છે. આ જગ્યાની તસુએ તસુ જમીન એ જાણે છે !'

ગુલામશાહ કહે, 'બોલાવો વીસ ભીમને ! અમે એ વીસ ભીમ પર આફરીન છીએ !'

ગુલામશાહે આ બંને ભાઈઓને બોલાવ્યા. એમને ખૂબ માનપાન આપ્યાં. પછી ગુલામશાહે બંનેને કહ્યું,

'ભાઈઓ, તમે મને મદદ કરશો ? હું પરદેશી માણસ છું.'

ભીમજીએ કહ્યું, 'જહાંપનાહ, અમારાથી બનશે તો જરૂર મદદ કરીશું. તમે અમારા મહેમાન છો, મહેમાન તો અમારે ત્યાં દેવ સમાન ગણાય છે.'

પૂંજા શેઠે તક ઝડપી અને કહ્યું, 'અને જહાંપનાહ પોતાને મદદ

કરનારને ખૂબ બદલો આપે છે. ગુલામશાહ તો દિલના દરિયા છે, સખાવતે સિકંદર છે.'

ગુલામશાહે કહ્યું, 'તમે જાગીરદારના પુત્રો છો. આ દેશ અજબ છે. લોકો તો ગજબના છે ! દેશને જ્યારે તમારી પડી નથી તો તમને દેશની શી પડી હોય ! અરે ! આપ મૂએ, પીછું ડૂબ ગઈ દુનિયા ! અહીંના લોકોને તમારી કિંમત નથી, પણ મારા દરબારનાં તો તમે રત્ન છો. મારું એક કામ કરો. તમને જીવણ શેઠની કચ્છી છાવણીના ટૂંકા માર્ગની ખબર હશે. તમે મારા લશ્કરને એ માર્ગ બતાવો. કોઈ છૂપે રસ્તે છાપો મારી શકાય એવી જગા પણ બતાવો. તમને ખૂબ-ખૂબ બાદશાહી માન-અકરામ મળશે. જાગીર મળશે. જિંદગી અમન-ચમન અને ઇજ્જતથી પસાર થશે.'

ભીમજીએ કહ્યું, 'મહારાજ, બીજું કોઈ કામ હોય તો કહો, પણ માભોમની છાતીમાં અમારાથી ઘા ન થાય.'


બાદશાહ ગુલામશાહે કહ્યું, 'અરે ! તમારું આટલું અપમાન થાય, તોય તમારી મા ! અરે, ધૂળ-માટીમાં શું ભર્યું છે ?'

વીસાજી બોલ્યો, 'નામદાર, અમને અમારી માતા જેટલી જ જન્મભૂમિ વહાલી છે. મા ગમે તેવી હોય તોય કોઈ વેચે ખરું ?'

પૂંજો શેઠ બાજી વણસતી જોઈ બોલ્યો, 'પણ જુઓ, તમને લશ્કરમાં પણ ન રાખ્યા. બેઇજ્જતી કરીને હાંકી કાઢ્યા. તમને આવું ઘોર અપમાન ખટકતું નથી ? તમારે એનો બદલો લેવો જોઈએ. એ માટે આ સોનેરી તક છે.'

ભીમજીએ કહ્યું, 'અપમાનની આગ અમારા હૃદયમાં ભભૂકી રહી છે, પણ એને આ પરદેશીઓના મલિન જળથી બુઝાવવી નથી. જરૂર પડશે તો એને બુઝાવવા અમારું લોહી વાપરીશું. અને પૂંજા શેઠ ! એક નાચીઝ દીવાનગીરી ખાતર તમારા જેમ કોઈ દેશને વેચવા ન નીકળે.'

ચતુર ગુલામશાહે કહ્યું, 'અરે, તમે જાગીરદારના બેટા છો. તમને જાગીરની પડી નથી પણ તમારી માતાને દીકરા જાગીરદાર થાય એની એટલી હોંશ હશે ! માતાનું મન રાજી કરવાનો આ મોકો મળ્યો છે. મોં ધોવા ન જશો.'



**બાદશાહે કહ્યું, 'આ ધૂળ-માટીમાં શું ભર્યું છે ?'**

નાનો વીસાજી તરત બોલી ઊઠ્યો, 'જહાંપનાહ, મારી માની વાત કરો છો? એ તો તમારી અને તમારા લશ્કરની ક્યારનીય વાટ જોઈને બેઠી છે. કહે છે કે મા એ મા ! ધરતીએ કોઈ દિવસ ભેદ રાખ્યો નથી. ભૂખ્યા રાખ્યા નથી, એ ધરતીની આઝાદી માટે મરી ફીટવું આપણો ધર્મ છે. અમારા બંનેની સાથે એ પણ રણજંગ ખેલવા તૈયાર છે.'

ભીમજીએ ભાઈની વાત ઉપાડી લેતાં કહ્યું, 'એની ઇચ્છા તો તાતી તલવારથી પરદેશીઓને વધાવવાની છે. રોજ અમારી પાસે શસ્ત્રના દાવ શીખે છે. એનો ઉપયોગ તમારા પર કરવા થનગની રહી છે. એની ઇચ્છા તો ગુલામશાહની સોનાની ગુલામી કરતાં માદરેવતનની માટીમાં સૂવાની વધુ છે અને જહાંપનાહ, અમારી ઇચ્છા પણ અમારી માતાના જેવી જ છે.'

ગુલામ શાહે કહ્યું, 'તમને લશ્કરમાં તો રાખ્યા નથી. પછી લડશો કેવી રીતે ?'

ભીમજીએ કહ્યું, 'ગા વાળે તે ગોવાળ. ભલે લશ્કરમાં અમારી સાથે ભેદ રાખવામાં આવે, પણ અમે છીએ તો એક ધરતીના જાયા ને ! એ ધરતીને બચાવવા અમે એકલા લડીશું. એકલા મરીશું. પણ એમ ને એમ માભોમને પરદેશીઓના હાથમાં જતી જોઈ રહીશું નહીં.'

વીસાજીએ છાતી કાઢીને કહ્યું, 'અમારા જીવતાં તમે આગળ વધી શકશો નહીં. અહીંથી પાછા વળો એમાં જ તમારી શોભા છે.'

ગુલામશાહને બધી મહેનત નકામી જતી લાગી. પૂંજા શેઠને એની મુત્સદ્દીગીરીની હાર થતી જણાઈ. આખરે આ બંને ભાઈઓને ગુલામશાહે અબી ને અબી છાવણી છોડી જવા ફરમાન કર્યું.

કચ્છમાં ઝારાના સ્થળે કચ્છીઓનું લશ્કર ભેગું થયું. ઝારાની તળેટીમાં આ બંને ભાઈઓ શસ્ત્ર સજીને દુશ્મનની રાહ જોઈ ઊભા રહ્યા, સાથે એમની માતા પણ હથિયાર સજીને ખડી હતી !

'ચાલ્યા આવો, અમારી જનમભોમને જેર કરનારાઓ !'

લલકાર ગાજી રહ્યો.

સિત્તેર હજારનું ઘૂઘવતું સિંધી લશ્કર આવ્યું. એની એક ટુકડી આ તળેટીમાંથી આગળ વધી અને ભીમજીએ પડકાર ફેંક્યો. વીસાજીએ ઘા કર્યો. બંને ભાઈઓ અને તેમની માતા જીવસટોસટ લડાઈ ખેલવા લાગ્યાં. જેટલા થાય એટલા દુશ્મનો ઓછા કરવાની તમન્ના હતી. એમને શરીરે ઠેકઠેકાણે ઘા પડ્યા. લોહીના ફુવારા ઊડતા જાય પણ થંભે કોણ ? જાણે મહાભારતની લડાઈમાં એક નહિ, વીસ-વીસ ભીમ સાથે લડવા આવ્યા!

ભીમજી કેટલાયને મારીને રણમાં પોઢ્યો. વીસાજી હજી લડી રહ્યો હતો.

દુશ્મનના ઘાએ એની ઘણી તાકાત હણી લીધી હતી. તલવાર વીંઝતો એ આગળ વધતો ગયો. પાછળ એ બંનેની શૂરવીર માતા પણ હતી. એનો એક-એક ઘા એક-એક માનવીનો હિસાબ લેતો હતો.

ગુલામશાહની ટુકડી પર ટુકડીઓ ચાલી આવતી હતી. મા-દીકરો તો તલવાર વીંઝતાં હતાં. બંને ઘેરાઈ ગયાં. એમનાં માથાં છેદાઈ ગયાં.

ભીમજી અને વીસાજીએ પોતાનો બોલ પાળ્યો. એમનો દેહ પડ્યો પછી જ સિંધી સૈન્ય આગળ વધી શક્યું.

કચ્છના ઇતિહાસમાં આ બે ભાઈઓ અને તેમની માતાની કુરબાની સુવર્ણ અક્ષરે લખાઈ છે.

કોઈ પણ લોભ વગર, કોઈ પણ લાલચ વગર, ફક્ત માભોમના રક્ષણ કાજે કુરબાન થનાર એક મા અને બે દીકરાની વાત આજે ઘરઘરમાં ગવાય છે.

❖

## ૨

# કેડે કટારી, ખભે ઢાલ

ભુજનો કેડો જાય છે. ઝારાનું યુદ્ધ ખેલાઈ ગયું છે.

લડવૈયાની ટાંચ પડી છે અને હથિયારની ખોટ છે. દારૂગોળાની અછત થવા લાગી છે.

દેશ પર લડાઈ નોતરી લાવનાર કચ્છના દીવાન પૂંજાને મહારાવે મીઠી-મીઠી વાતોમાં રાખ્યો છે. દીવાનપદ આપ્યું છે ને બીજે દિવસે ઠોંટ મારી એ પદ આંચકી પણ લીધું છે.

દગાખોર સાથે વળી દોસ્તી શી ?

ભુજની ભરી બજારમાં દેશદ્રોહી પૂંજાને પગમાં બેડી અને હાથમાં કડી પહેરાવીને ફેરવ્યો. સહુ કહે છે કે એ જ લાગનો પૂંજો છે. એણે હજારો કચ્છવાસીઓના પ્રાણ લીધા છે.

ગામલોક ફિટકાર વરસાવતાં કહે છે, "ફટ અભાગીઆ, કાગડો પણ કાગડાની માટી ખાય નહીં. માલ વગરના મંત્રીપદ માટે તેં કચ્છડો વેરાન કર્યો, કચ્છી વીરોને મોતને ઘાટ ઉતાર્યા, કચ્છી સ્ત્રીઓને વિધવા કરી."

સહુ કહે, "આ દેશદ્રોહીને તો ગરદન મારવો જોઈએ."

પૂંજા દીવાનને જ્યારે ગરદન મારવા લઈ ચાલ્યા ત્યારે એણે કહ્યું, "ચેતતા રહેજો. સિંધનો ગુલામશાહ કચ્છને રોળીટોળી નાખશે. મને ગરદન મારીને તમે સુખે રહેવાના નથી. ગમે તેવો તોય હું સારો છું."

કચ્છી વીરો બોલ્યા, "એ તો લાખ ભેગા સવા લાખ. દેશના દુશ્મનને ભરી પીશું."

ને પૂંજાની વાત સાચી પડી.

ગુલામશાહને સિંધ-હૈદરાબાદ બેઠાં બધી જાણ થઈ. એ સફાળો બેઠો થઈ ગયો. પૂંજા દીવાને એને કચ્છ અને કન્યા - બંને અપાવવાની લાલચ આપી હતી.

પૂંજો મર્યો, અને કચ્છ તથા કન્યા બંને ગયાં !

એણે રણશિંગાં વગાડ્યાં. સિંધી લશ્કરે કૂચ કરી. લશ્કરની ધૂળથી આકાશ છવાઈ ગયું.

કચ્છના રાવને સમાચાર મળ્યા. સામનો કરવો હતો, પણ જ્યાં ત્યાં કરવો નહોતો. છેક ભુજ આગળ લડાઈ આપવાનો તેમણે નિરધાર કર્યો.

કચ્છના શહેરે-શહેરે અને ગામડે-ગામડે બૂંગિયો પીટ્યો.

ગામેગામ સંદેશા પહોંચ્યા, "કેડ બાંધજો કચ્છી વીરો ! હથિયાર બાંધી શકે એવા કોઈ મરદ ઘેર રહેશો નહીં."

"કચ્છનો કાળ ચાલ્યો આવે છે."

"ભુજ સુધી આવવા દેવો છે."

"ભુજમાં એનું પાણી ભરી પીવું છે."

અને શહેર પનાહની રાંગે અને ભુજિયા કિલ્લાની દીવાલે તોપો ગોઠવાઈ ગઈ.

યુવાનો ગામેગામથી નીકળી પડ્યા.

શ્રાવણનાં ઝરણાં જેમ વહે તેમ સહુ વહી નીકળ્યા - વહાલા વતન માટે મરવા નીકળ્યા - હતા. કોઈ કાલે પરણ્યા હતા, હાથે મીંઢળ હતું, પણ આ તો વલો વતનનો સાદ. હવે કાંઈ રંગ માણવા રહેવાય નહીં.

અરે ! ખળામાં દાણા છે. ભાઈઓને ભાગ વહેંચવાના બાકી છે. થશે એ તો, અત્યારે તો વલો વતનનો સાદ પડ્યો છે. ખળું ઢાંકી ભુજ પહોંચી જવું જોઈએ.

ભુજિયો કિલ્લો તો ધણધણી રહ્યો. નગારાં ગડગડવા લાગ્યાં. નેજાં ફરકવા લાગ્યાં. આ તરફ ગુલામશાહ લશ્કર લઈ લુણાને રસ્તે નીકળ્યો, પણ માર્ગમાં કોઈ ગામ સારું મળે જ નહીં.

દરેક ગામના કૂવા પૂરેલા, તળાવની પાળો ભાંગેલી, રસ્તા ખોદેલા, દુકાનો ઉજ્જડ. માણસ જોવા મળે નહીં.

ગુલામશાહ ખિજાતો જાય અને ખેપ કરતો જાય.

માણસને ખાવાનું ન મળે, જનાવરોને ચારો ન મળે. પાણી વિના તો એક ડગલુંય કેમ ચલાય ?

એમ કરતાં એ એક ગઢી પાસે આવ્યો.

નાની શી ગઢી.

એનું નામ મૂળુની ગઢી.

ગામ આખું ઘરબાર છોડીને જતું રહેલું, પણ અંદર એંશી બુઢ્ઢા એકઠા થયેલા.

એ હતા જાડેજા વીરો.

એમાં જમાનાનાં પાણી પીધેલા જગતસિંહ, માનસિંહ, ખેતસિંહ અને ધનસિંહ હતા. અજેસિંહ અને અભેસિંહ પણ હતા.

સવારનાં ઠુંગાપાણી કરીને બેઠા હતા, ને ધૂળની ડમરી આકાશે ચડેલી દેખી.

માનસિંહે કહ્યું, "અલ્યા, મારી આંખું તો એંશી વર્ષે ઝંખવાણી. આજે સોમાં નવ બાકી છે. તમારામાં જેની આંખો સારી હોય, એ કોઠીએ ચઢી જુએ, મામલો શો છે ?"

પંચ્યાસી વર્ષનો કેસરસિંહ મકવાણો ખડો થયો અને બોલ્યો, "ભાઈઓ, પાંચ વર્ષથી આંખમાં પરવાળાં આવે છે. નહીં તો આકાશમાં ઊડતાં ગીધને પાડતો. અલ્યા ખેતસિંહ, તેં તો ભગરી અને ચંદેરી ભેંસોનાં ઘી-દૂધ ખાધાં છે. તારી આંખ તો દીવા જેવી છે."

ખેતસિંહ ખડો થયો. એણે કહ્યું, "ઝારાની લડાઈ પછી મેં ઘી-દૂધનું નીમ લીધું છે. અરે જુવાનજોધ દીકરો કપાય ને આપણને ઘી-દૂધ કેવાં? છતાં અડધો ગાઉં માથેરું જોઈ શકીશ."

"પણ સિત્તેરનો રાયસિંહ બેઠો હોય ત્યાં સુધી તમારે દખધોખો શો કરવાનો ! અરે, રણમલ, મારી સાથે ચાલ."



**ખેતસિંહે ખડા થઈને લલકાર કર્યો**

રાયસિંહ અને રણમલ - બંને જણા કોઠી પર ચઢ્યા અને થોડી વારે બૂમ પાડી,

"કચ્છનો દુશ્મન ગુલામશાહ આવે છે. કાળનો કુહાડો બનીને આવી રહ્યો છે."

"ભાઈ, કુહાડા તો કાંઈ કરી ન શક્યા. આ તો બધી કરામત હાથાની છે. આ પેલી વાત છે ને, એક કઠિયારો કુહાડીઓનાં ફળાં લઈને નીકળ્યો. સઘળાં વૃક્ષ ધ્રૂજી હાલ્યાં. ગજબ થયો. આટલાં ફળાં છે ! કાપતાં શી વાર લાગશે. ત્યાં એક માનબાપુ જેવો ડાહ્યો માણસ હશે, એણે કહ્યું કે જ્યાં સુધી આપણામાંથી કોઈ હાથો થયો નથી, ત્યાં સુધી કઠિયારાના કુહાડાનાં ફળાં ઝખ મારે છે. ભાઈ, આપણે હાથા બન્યા, ને હાથનાં કર્યાં હૈયે વાગ્યાં."

"ભાઈ ખેંગારજી, અહીં ડહાપણ ડોળવાનું નથી. તલવાર તોળો. દુશ્મન નજીક આવે છે. જય મા આશાપુરી."

"આપણે બૂઢાખખ શું કરશું ?"

"શું કરશું ? અલ્યા, વાંદરો ઘરડો થાય તોય ઠેક ચૂકે નહીં.

દુશ્મનને આ ભોમ પર ભરી પીશું.''

''અલ્યા વગર કારણે ભાલામાં માથાં કાં નાખો ? ભીંત હેઠળ ભીંસાઈ મરશો.''

''તો હવે જીવવું કેટલું છે ? પથારી માથે જમ બેઠો છે. જીવન ઊજળું કરો ! છતાંય જેને ભાગવું હોય એ ભાગી છૂટે !''

''ના, ના. ધોળામાં ધૂળ નથી નાખવી.'' એંશી જાડેજા વૃદ્ધો ઊભા થઈ ગયા. કેડે કટારી અને ખભે ઢાલ નાખી. એંશી ઘરડાઓને જાણે જુવાની ચઢી ! હાકલા-પડકારા કરવા લાગ્યા. તલવારો ખેંચીને છલાંગો ભરવા લાગ્યા ને બોલ્યા,

''ભુજમાં તો જે રણરંગ જામે એ ખરો, પણ અહીં આપણે ગુલામશાહને થોડું શિરામણ પીરસીએ. થોડોક આપણા હાથનો નાસ્તો કરતો જાય.''

એંશીયે એંશી જાડેજા વીરો, ગુલામશાહના લશ્કરનો સામનો કરવા તૈયાર થઈ ગયા. હાથમાં બંદૂકો લીધી. ગોળીઓ ભરીને તૈયાર કરી અને દુશ્મનના લશ્કરને નાનકડી વાટકડીનું શિરામણ પીરસવાની વાટ જોઈને બેઠા !

સહુ નિશાન તાકીને બેઠા. આજે આ ઘરડા-બુઢ્ઢાઓમાં જુવાનને શરમાવે એવો ઉત્સાહ હતો. એમના દેહ પર જરૂર કરચલીઓ વળી હતી, પણ એમની હિંમત અને વીરતા તો એવાં ને એવાં જ હતાં.

સૌથી પહેલી ગોળી રાયસિંહે છોડવાની હતી. લશ્કર નજીક આવ્યું. આખે રસ્તે એક ચકલુંય મળેલું નહીં. ગામેગામ ખાલી અને ઉજ્જડ ભાળ્યાં હતાં. ક્યાંય એક જાનવર ન મળે, ત્યાં માનવી તો ક્યાંથી હોય?

લશ્કર ધીરેધીરે વધતું હતું. એને નહોતી દુશ્મનની ફિકર કે નહોતી હુમલાની ચિંતા. લડાઈ તો ઠેઠ ભુજિયા કિલ્લા પાસે આપવાની હતી ને!

રાયસિંહે નિશાન લીધું. ગોળી છોડી. લશ્કરનો નાયક ગાજીખાં ધબ દઈને નીચે પડ્યો. આખુંય વાતાવરણ ધમધમી ઊઠ્યું, લશ્કર અટક્યું, પણ કોઈ સિપાહીએ કહ્યું, ''અરે, અટક્યા કેમ ? આ તો આકાશનો મેઘ ગાજે છે. બાકી દુશ્મનની ગોળીઓ તો હવે છેક ભુજ આવે ત્યારે ગાજે તો ગાજે. માટે ડર્યા વિના આગળ ચાલો.''

બૂમ પડી, "ગાજીખાંને કોઈએ ગોળીએ દીધો." પણ હજી આ શબ્દો પૂરા બોલાઈ ન રહે ત્યાં ફરી બીજી ગોળી આવી.

આખુંય લશ્કર થંભી ગયું. બે પળમાં મોરચા ગોઠવાઈ ગયા. સામેથી સતત ગોળીઓ આવતી હતી. સિંધી લશ્કરને લાગ્યું કે કોઈ મોટી સેના સામના માટે આવી રહી છે. તેઓએ પણ ગોળીઓ છોડવા માંડી. પછી તો જાણે નવલખ ધારે ગોળીઓનો વરસાદ વરસવા લાગ્યો અને ટપોટપ માણસો મેદાન પર પડવા લાગ્યા.

એંશી વયોવૃદ્ધ જાડેજાઓએ ગોળીઓની રમઝટ બોલાવી. આંખો સહેજ કાચી હતી, પણ નિશાન ઘણાં પાકાં હતાં.

મૂળુની ગઢીમાંથી લડાઈ આપતા જાડેજાઓ પાસે ધીરેધીરે ગોળીઓ ખૂટવા લાગી.

જાડેજા આગેવાને કીધું, "ભેરુઓ ! આજ ખરાખરીનો ખેલ છે. કેડથી કટારી કાઢો, ખભેથી ઢાલ ઉઠાવો."

જેમની પાસે બંદૂકની ગોળી ન રહી એ ભેટની તલવાર કાઢી ગઢી પરથી નીચે ઝંપલાવતો અને પછી 'જય મા આશાપુરી'ની રણહાક ગાજી ઊઠતી.

"અય કાફરો, પાછા હઠો. નહીં તો એકેયને જીવતો જવા દઈશ નહીં." સિંધનો બાદશાહ ગર્જ્યો.

"ભલા માણસ, અહીં જીવવું જ કોને છે ? આજ તો જીવતર ઉજાળવું છે. બને તેટલા ઘા ઝીકવા છે. જેટલા ઓછા થાય એટલા દુશ્મન ઓછા કરવા છે."

જાડેજા વીરો એક હાથમાં કટાર અને બીજા હાથમાં ઢાલ લઈને અભિમન્યુની જેમ મેદાનમાં ચકરાવા લેવા લાગ્યા.

શત્રુઓના ઘા ઝીલી સામે ઘા મારવા લાગ્યા.

મેદાન પર જબરો જંગ જામ્યો. ગુલામશાહ અકળાઈ ગયો. એના સેનાપતિઓ ત્રાહ્ય-તોબા પોકારવા લાગ્યા, પણ ગુલામશાહની વિશાળ સેના સામે આ એંશી ઘરડા જાડેજાઓ ક્યાં સુધી ટકી શકે ?

એક જાડેજાએ દોડીને ગઢીના ભોંયરામાં રહેલા દારૂગોળામાં અંગારો ચાંપ્યો. એક મોટો ધડાકો થયો. ચારે બાજુ આગ ફેલાઈ. ચોતરફ ધુમાડો ફેલાઈ ગયો.

અને આ શું ? લગભગ મરવાની નજીક આવેલા જાડેજાઓ ગઢી તરફ પાછા ફરવા લાગ્યા. હાલ તો જુઓ ! કોઈનો એક હાથ કપાયો છે, કોઈની આંખ ફૂટી ગઈ છે, કોઈના શરીરમાંથી લોહીની સેરો વછૂટે છે.

આ બધા ગઢી તરફ પાછા શા માટે જતા હશે ? આખરની ઘડીએ પાછાં પગલાં શા માટે માંડ્યાં ? જેમના પગ કપાયા હતા. એ જાડેજાઓ જમીન પર ઘસડાઈને ગઢી તરફ જવા લાગ્યા. કેટલાકને પેટમાં ઘા લાગ્યા હતા, પણ આંતરડાં બહાર ન નીકળે માટે જોરથી પાઘડી વીંટાળી ગઢી તરફ જતા હતા.

આ જાડેજા વીરોએ દુશ્મનોને હાથે મરવા કરતાં અગ્નિના ખોળામાં જઈને ચિરનિદ્રા લેવાનું પસંદ કર્યું હતું. ઘરડા સાવજો પાંજરે પડવા ઇચ્છતા નહોતા. તેઓ એક પછી એક ગઢીમાં લાગેલી આગમાં કૂદી પડવા લાગ્યા. અગ્નિએ આ એંશીય વીરોને પોતાની સોડમાં સમાવી લીધા.

આ એંશી વીરો સાથે લડાઈ ખેલ્યા પછી જ ગુલામશાહનું લશ્કર ભુજ તરફ કદમ બઢાવી શક્યું.

એંશી વૃદ્ધ જાડેજા વીરોએ પોતાનાં બલિદાનોથી એક વાત અમર કરી -

"આઝાદીની રક્ષા કરવા માટે પોતાની શક્તિ-અશક્તિનો, ઉંમરનો વિચાર કરવાનો ન હોય. સહુએ પોતાની તાકાત પ્રમાણે જંગ ખેલી લેવાનો હોય છે."

આજે પણ આ એંશી જાડેજાઓની કથા સહુ કોઈને વલો વતનના પ્રેમની પ્રેરણા આપે છે.

❖

# 3

# જનતાનાં જૌહર

ફાગણ ફૂલડે મહોર્યો હતો, ને કેસૂડે કેસરિયા વાઘા સજ્યા હતા. બધે લગ્નોના ઢોલ બજી રહ્યા હતા, ને ઢેલડીઓ જેવી જાનડીઓ મધુરાં ગીત ગાઈ રહી હતી.

અંજારના દીવાન વાઘજી પારેખના ભાઈ કોરા પારેખના આંગણામાં લગ્નનો મંડપ નંખાયો હતો અને ચતુરાના હાથે ચિતરાયેલા ચંદરવા બંધાયા હતા. માણેકથંભ રોપાયો હતો, ને ચૂલે કંસારનાં આંધણ ચડ્યાં હતાં.

માંડવા નીચે બેસી કોરા પારેખ કંકુછાંટી કંકોતરી લખી રહ્યા હતા. મોટા ભાઈ વાઘા પારેખ હજી ભુજમાં હતા, અને ઘડી-બેઘડીમાં આવવાની રાહ જોવાતી હતી. ભુજની ગાદીએ મહારાવ રાયધણજી હતા, ને વાઘા પારેખ દીવાનપદે હતા.

વગડામાં ધૂળની ડમરી ચડતી ને લોકો માનતા કે વાઘા પારેખ આવ્યા ! જાનડીઓ ગાતી :

*'ભુજના ભડવીર આવ્યા,*
*'અંજારના જાયા આવ્યા;*
*'આવ્યા આવ્યા રે,*
*'કચ્છના સૂબા આવિયા.'*

વાઘા પારેખ લોહાણા વાણિયા હતા. એ વખતે વાણિયા-બ્રાહ્મણ તલવારો બાંધતા, જમૈયા રાખતા અને સમરાંગણે સંચરતા; ભલભલા ભડવીરોનેય ભરી પીતા.

કોરા પારેખે માંડવામાં બેઠાબેઠા દૂરદૂર નજર કરી. જોયું તો એક નાનોશો વંટોળિયો પૂરવેગે ધસ્યો આવતો હતો. થોડી વારમાં ખ્યાલ આવી ગયો કે એ સાંઢણીસવાર હતો, અને ભુજના કેડા પરથી ધસમસ્યો આવતો હતો.

સાંઢણીસવાર સાવ નજીક આવી ગયો હતા. એણે પોતાની સાંઢણી ઝોકારી અને નીચે ઊતર્યો. એની પાસે મહત્ત્વનો સંદેશો હતો. એણે દોડીને કોરા પારેખની સામે લખોટો ધર્યો.

કોરા પારેખે ઊઠીને સામા પગલે જઈ કાગળનો લખોટો લીધો, ઉઘાડ્યો. એ લખોટો વાઘા પારેખનો લખેલો હતો. રે ! આવે મંગળ અવસરે ભાઈએ જાતે આવવાને બદલે સંદેશો શા માટે મોકલ્યો હશે ? શંકાની એક અમંગળ વાદળી ચિત્તઝરૂખાને આવરી રહી. નક્કી, કંઈક અવનવીન હોવું ઘટે !

કોરા પારેખે ભાઈનો કાગળ ખોલ્યો અને વાંચવા માંડ્યો :

'સ્વસ્તિશ્રી અંજાર મધ્યે, ભાઈ કોરા ને સમસ્ત બાલગોપાળ !

'ભુજથી લખિતંગ મોટા ભાઈ વાઘાના આશિષ !

'લીધે લગ્ને તમને આ કાગળ મળશે. કંકુ છાંટી કંકોતરીને બદલે લોહી માગતી કંકોતરી વાંચીને અચરજ થશે. પણ આ કાગળ વાંચી લગનનું કામ મેઘજી શેઠને ભળાવી બેઠા હો ત્યાંથી ઊભા થજો, ને ઊભા હો ત્યાંથી ચાલતા થજો ! મરદ સહુ મોડું ન કરે, ને ખડિયામાં ખાંપણ લઈને ભુજને પાદર સહુ આવી મળે !

'લગનની મોજના બદલે હું ખડિયામાં ખાંપણ લેવાની વાત લખું છું, તો એ વાત મારે તમને સમજાવવી જોઈએ, જેથી આવનાર કોઈ સહેજ પણ ગફલતમાં ન રહે.

'ભુજના મહારાવ શ્રી રાયધણજી આપણા અન્નદાતા છે, પણ અન્નદાતાએ હમણાં અન્નને અને દાંતને વેર કરાવ્યું છે. મહારાવ રાયધણજી હમણાં કેટલાક મઝહબી લોકોના હાથા બન્યા છે, એ તો આપણે સહુ જાણીએ છીએ. કચ્છના જાડેજા વંશના રાજવીઓ જેટલું હિંદુ ધર્મના સંતોને માન આપે છે, તેટલું મુસ્લિમ ધર્મના મહાત્માઓને માન



**કોરા પારેખે કાળનો કાગળ વાંચ્યો**

આપે છે. પણ કેટલાક મતલબી લોકોએ મહારાવને પોતાની મેલી વિદ્યાથી ને જાદુઈ ચમત્કારોથી આંજી દીધા છે. એ મતલબી યારોનું કહ્યું કરે છે. એમણે ઠસાવ્યું છે કે અનેક દેવદેવીઓમાં શ્રદ્ધા ધરાવવાથી હિંદુઓની તાકાત ઘટી રહી છે, ને ઇસ્લામ એક દેવમાં માને છે, માટે એના જેવી તાકાત બીજી કોઈ નથી !

'તમે જાણો છો કે છેલ્લા વખતથી હબસી કર્મચારીઓનું મહારાવ પાસે ચડી વાગ્યું છે. તેઓ ચોવીસ કલાક કાન ભંભેરે છે કે તમારા સામંતો સ્વાર્થી છે; ભાયાતો તો લાગ તાકીને બેઠા છે; તમારું લશ્કર તમને વફાદાર નથી. જે એક ઈશ્વરને માને એ એક રાજાને માને ! તમે ઇસ્લામ કબૂલ કરો, પછી જુઓ મારા સીદી-હબસી સિપાઈઓ તમારા માટે જાન કુરબાન કરશે. આમ સતત ઝેરી પ્રચારથી મહારાવ ઇસ્લામ તરફ વળી ગયા છે.

'અહીં સુધી કંઈ હરકત નહોતી. ધર્મ તો પોતાની અંતરની માન્યતા ને હૃદયનું ધન છે, પણ મહારાવ એથી આગળ વધ્યા છે. ભુજની શેરીઓમાં એ પોતાના પઠાણ હજૂરિયા સાથે નીકળી પડે છે; રસ્તે જે મળે તેને નાતજાત કે માનમોભો જોયા સિવાય વટલાવવા લાગ્યા છે; ન વટલાય તેના ઉપર તલવારના વાર કરવા લાગ્યા છે.

‘નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે મોટાના થોડા અવગુણ ખમી ખાવા જોઈએ. વાત આનાથી આગળ વધી ન હોત, તો આમ ને આમ સુખદુ:ખમાં દિવસો પસાર કરી નાખત, પણ એક વાર રાજગોર ઓધવજી સામા ભેટી ગયા. રાજગોર ઓધવજી એટલે કચ્છની જીવંત સરસ્વતી. માણસ માબાપને માન ન આપે, એટલું ઓધવજીને આપે ! મહારાવે તો સીધું ફરમાન કર્યું કે અયબરહમન ! જનોઈ કાઢી નાખ ને કલમો પઢ, નહિ તો આ જોઈ છે… !

‘રાજગોરને રાવે તલવાર દેખાડી, પણ એમ એ માને ! એમણે સામનો કર્યો; સાફ રીતે કહ્યું કે એ નહિ બને. ટુકડા થઈશ એ હક; પણ જનોઈ નહિ કાઢું. હવે ઓધવજી જેવી પવિત્ર પ્રતિમાને રાજમાર્ગ પર અડવાની હિંમત ક્યાંથી લાવે ? પછીથી પકડીને જેલમાં નાખ્યા.

‘આખું ગામ આ પાવન પુરુષને છોડાવવા ઊમટ્યું; તો મહારાવ તલવાર લઈને ટોળામાં કૂદી પડ્યા. ઘણા ઘાયલ થયા. કેટલાક લોકો ઉશ્કેરાયા. મહારાવને ત્યાં ને ત્યાં પૂરા કરી દેત, પણ ‘લાખ મરો, લાખનો પાલનહાર ન મરો’, જૂનું સૂત્ર યાદી કરી બધા વીખરાઈ ગયા !

‘આ વાત માણસ-માણસ વચ્ચેની હતી. લોકો ખમી ખાય, પણ આગળ વધીને હવે માણસ અને દેવ વચ્ચે આવી છે. કુંવરી કમાંબાઈએ સ્થાપેલ વાઘેશ્વરી માતાની મૂર્તિ વિશે તમે સહુ જાણો છો. બે દિવસ પહેલાં પોતાના પઠાણ હજૂરિયાઓ સાથે મહારાવ ત્યાં પહોંચી ગયા. પૂજારી પાસે કલમા પઢાવ્યા. મંદિર તોડી નાખ્યું. મૂર્તિને ખંડિત કરી.

‘અહીંના મુસ્લિમોને પણ આ ગમ્યું નહિ ! તેઓ હિંદુઓની જોડે ઊભા રહ્યા. મહારાવનો બચાવ કરનારા કહેવા લાગ્યા કે મહારાવને કોઈ કોઈ વાર ઘેલછા ઊપડી આવે છે; ઘેલછામાં એ આવું ન કરવાનું કરી બેસે છે; પણ આ જવાબ બરાબર નથી. ઘેલછા વખતે મુસ્લિમ સ્થાપત્યોને કેમ જફા પહોંચાડતા નથી ? મુસ્લિમ પ્રજાને કેમ હેરાન કરતા નથી ?

‘અહીંના મુસ્લિમ ભાઈઓ હિંદુઓ સાથે એવા એકરાગથી રહે છે કે આ વાત પણ ભુલાઈ જાત, પણ હમણાં તેમણે જાહેર કર્યું છે કે

રામેશ્વરની મૂર્તિને સંભાળજો. એને તોડવા આવવાનો છું ! બૂતોનો (મૂર્તિઓનો) હું વિરોધી છું.

'માટે ભાઈ કોરા, અને અંજારના તમામ જવાંમર્દો ! શેઠશ્રી મેઘજીભાઈને અંજાર ભળાવી દેજો ને આ પત્ર વાંચીને કેડે તલવાર બાંધી શકે તેવા કોઈ પાછળ રહેશો નહિ. રાજા શાસ્ત્રમાં અવધ્ય કહ્યો છે. આપણે ફક્ત તેઓને પકડી, કેદ કરી તેમના ગાંડપણની દવા કરવી છે.'

કોરા પારેખ બેઠો હતો ત્યાંથી ઊભો થઈ ગયો. એણે ઓરડામાં જઈ કપડાં પહેર્યાં, તલવાર બાંધી, ઢાલ ચડાવી અને જમૈયો કેડે ખોસ્યો.

ગામમાં બૂંગિયો ઢોલ વાગી રહ્યો.

પડછંદ મેઘજી શેઠ પણ આવી પહોંચ્યા. એમને બધી વાત પહોંચી ગઈ હતી. એમણે આવતાંવેંત કહ્યું : 'કચ્છ માથેથી રાજા જ ટાળવો જોઈએ. વાઘને ત્યાં વાઘ જન્મે, એમ રાજાને ત્યાં રાજા જન્મે અને સત્યાનાશ વરતાવે ! માટે રાજા નામનું પાપ માથેથી ટાળવા આપણે યત્ન કરવો જોઈએ.'

'મેઘજી શેઠ ! એ વાત મારા માટે ઘણી મોટી ગણાય. તમે અને મોટા ભાઈ બે જણા સમજજો. બાકી મોટા ભાઈની આજ્ઞા આવી છે. જવાંમર્દો સમશેરો બાંધીને ઊભા છીએ. અમે ભુજ જઈએ છીએ. કદાચ અમને રજાકજા થાય તો પાછળનું તમે જોજો. જય માતાજી !'

'જય માતાજી ! કોરા ! તમને ઊની આંચ આવી તો યાદ રાખજો, રાવનું સત્યનાશ કાઢી નાખીશ. ભુજથી મને પણ સમાચાર મળતા રહે છે. મનમાં ભૂકંપ ભર્યો છે; પણ સમયની રાહ જોતો બેઠો છું.' મેઘજી શેઠે કહ્યું.

'સમય આવી પહોંચ્યો. લ્યો, પ્રણામ !' ને કોરો પારેખ ચારસો જણ સાથે ભુજ તરફ ગિરિનદીના વેગથી વહી નીકળ્યો.

*

ભુજિયા ડુંગરાની તળેટીમાં ભુજનગર વસ્યું હતું, ને ભુજનગરની વચોવચ રાજમહેલ આવ્યો હતો.

રાજમહેલની ઊંચી અગાસી પરથી હમણાં ફૂલ-ગોળીની રમત રમીને મહારાવ રાયધણજી નીચે ઊતર્યા હતા; નમાજનો સમય થયો હતો ને નમાજ પઢી રહ્યા હતા.

ફૂલ-ગોળીની રમત સાવ અવનવીન હતી. મહારાવ અગાસી પર ચડીને કોઈ હિંદુ વરઘોડો નીકળતો કે હિંદુ સ્ત્રીઓ પાણીના શેરડે જતી તેઓના પર ગોળીઓ છોડતા. અવારનવાર કેટલાંક ધાર્મિક જુલૂસ નીકળતાં. એના પર પણ ગોળીબાર કરતા ને કૂકડાંની જેમ ભાગતાં સ્ત્રી-પુરુષોને જોઈ, ઊંચેથી અટ્ટહાસ્ય કરતા, પઠાણ ને હબસી હજૂરિયાઓ એમને લોલે લોલ કરતા !

નમાજ પૂરી કરી મહારાવ અંતઃપુર તરફ જતા હતા, ત્યાં રાજમહેલના દરવાજે હોહા સંભળાઈ. મારો-મારો કરતું એક ટોળું દરબારગઢનાં તોતિંગ દ્વાર ખોલી અંદર પેઠું. પ્રત્યેકના હાથમાં ઢાલ, તલવાર ને સાંગ હતી ને મોંમાં 'અન્યાયનો નાશ કરો'નાં સૂત્રો હતાં.

પાણીના પૂર વેગે બધા આગળ વધતા હતા. ચારે તરફથી અવાજો ઊઠતા હતા : ક્યાં છે એ અન્યાયી રાજવી ? આજ વેર વસૂલ કરીએ !

મહારાવે ત્રીજે મજલેથી નીચે જોયું તો પોતાના કારભારી વાઘા પારેખ અને કોરા પારેખની આગેવાની નીચે ચારસો જવાંમર્દોની સેના ધસમસી રહી હતી. દરવાજો તોડ્યો હતો, પરસાળ વીંધી હતી, અંદરના ખંડમાં પ્રવેશ્યા હતા.

સામે જ ઉપર આવવાના દાદર ઉપર દાદર હતા. એક અને બે દાદરા વળોટ્યા કે મહારાવ હાથમાં !

દાદરા ફટોફટ બંધ થયા !

કોરા પારેખે ઉઘાડી તલવારે દોટ દીધી. દાદરાના બારણાને માથાની ઢીંક દીધી. દાદરાના ફટાક લઈને બે કકડા !

વાહ રે વણિક, વાહ !

કોરા પારેખનું તાળવું દાદરાના ખીલાથી વીંધાઈ ગયું. તોતિંગ વૃક્ષ વાવંટોળથી જેમ નીચે તૂટી પડે તેમ એ નીચે તૂટી પડ્યો.

વાઘા પારેખે નાના ભાઈને પડતો જોયો ને દોટ દીધી. બે છલાંગે એક મજલા પર. હવે એક દાદરો બાકી હતો, ને ઉપર ગુનેગાર ખડો હતો!

પણ અફસોસ ! મહારાવના વફાદાર જમાદાર ડોસલવેણે આખો દાદરો હલબલાવી નાખીને નીચે ફેંક્યો. હવે તો હનુમાનજીને લંકાનો ગઢ ઠેકવા જેવું કપરું કાર્ય સામે આવીને ઊભું હતું !

ઉપરથી મહારાવ, જમાદાર ડોસલવેણ અને તેના સાથીદારોએ બંદૂકોની ધાણી ફોડવા માંડી, પણ ચારસોમાંથી એક પણ જવાંમર્દ આજે પાછો હઠવા આવ્યો નહોતો; જાનફેસાની કરવા આવ્યો હતો; અન્યાય મિટાવવા રણે ચડ્યો હતો. પણ ત્યાં તો પગ નીચેની જમીન ગરમ-ગરમ લાગવા માંડી ! થોડી વારમાં ખબર પડી કે નીચેનો માળ સળગાવવામાં આવ્યો છે, અને આગને વિશેષ ને વિશેષ ભભૂકાવવા એમાં દારૂગોળો ઝીંકવામાં આવે છે !

વાઘા પારેખે પોતાનું મોત સામે જ જોયું, પણ શૂરાઓને અડધી ફરજે મોત કદી ગમતું નથી. એ કૃતનિશ્ચયી બન્યો. એણે તલવાર દાંતમાં પકડી એવી મોટી છલાંગ દીધી કે ઠેઠ દાદરાનો છેડો પકડી લીધો. ત્યાં ઉપરથી ગોળી આવી - સન્‌ન્‌ન્ !

વાઘો પારેખ વીંધાઈને નીચે પડ્યો.

વાઘો પારેખનું સ્થાન બીજાએ લીધું; એની પણ એ જ દશા ! અને નીચેથી આગની જ્વાળાઓ હવે ઉપર આવી રહી હતી. ધુમાડાના ગોટેગોટ આંખ-નાકને ગૂંગળાવી રહ્યા હતા. સજ્જડ રીતે દરવાજા ને બારીઓ બિડાતાં હતાં. થોડી વારમાં નીચેથી હબસી સિપાઈઓ ધસી આવ્યા.

ભયંકર ઘમસાણ મચ્યું.

ચારસોએ ચારસો જવાંમર્દોએ અજબ વીરત્વ દાખવ્યું ને ત્યાં ભિડાઈને, ચંપાઈને, ગૂંગળાઈને મૃત્યુ પામ્યા.

એ રક્તવર્ણી સાંજ ઊગી ત્યારે મજૂરો ખાડો ખોદીને એમાં ચારસો લાશોને કોઈ પણ સંસ્કાર વિના ભંડારતા હતા. એ કાળી રાત મૃત્યુથી ભીષણ બની રહી !

ભુજમાં રાવણરાજ્ય જામી ગયું. મરનાર પાછળ અંજલિ આપવાની વાત તો દૂર રહી, આંસુ સારનાર પણ અપરાધી હતો.

અંજાર-ભુજનો એકાકી પંથ મોતનો પંથ બની ગયો.

*

એક દિવસ એ માર્ગે એક વણિક વાવંટોળની જેમ ધસતો આવ્યો. એનું નામ મેઘજી શેઠ ! અંજારનો એ કારભારી હતો. કચ્છમાંથી એણે કેટલાય જવાંમર્દોને નોતર્યા હતા. રાજાશાહીના નાશ માટે એ નીકળ્યો હતો. એકના પાપે કચ્છની કિસ્તી વમળમાં ફસાઈ હતી. એ એકને આજ દૂર કરવો હતો, એકહથ્થુ સત્તાનો નાશ કરવો હતો, ને નાગરિકોનું રાજ સ્થાપવું હતું.

ભુજના કિલ્લાનાં તોતિંગ દ્વારના એણે ભુક્કા બોલાવ્યા. ભલભલા જવાંમર્દોને ભૂ પાયાં, ને બિલાડી ઉંદરને પકડે એમ મહારાવ રાઘધણને કેદ કર્યા !

વાઘા પારેખ, કોરા પારેખ અને અન્ય ચારસો શહીદોની ખાખ પર ઊભા રહીને એણે જાહેર કર્યું, 'આજથી કચ્છ માથેથી રાજાનું પાપ ટાળું છું. રામ રાજાઓનો વંશ તો ક્યારનો ચાલ્યો ગયો, આજે રાવણવંશના રાજાઓ નામશેષ થાય છે. આજથી કચ્છનો વહીવટ કરશે, હિંદુ-મુસ્લિમ પ્રજાના સભ્યો.

કચ્છમાં એ દિવસે પ્રજાતંત્ર સ્થપાયું : મરનાર ચારસો શહીદોની જગ્યા આજે વાઘાસર-કોરાસરને નામે ભુજ શહેરમાં જાણીતી છે.

આ સમય ઈ.સ. ૧૭૮૬નો.

❖

# ૪

# હું છું સિપાહી બચ્ચો

સવારનો પહોર છે. નદીનો કાંઠો છે.

ભરવાડો ઘેટાંબકરાં ચારે છે.

ભરવાડ તો ઘણા જોયા, પણ આ ભરવાડનો છોકરો જરા જુદો છે. આખો દિવસ વિચાર કર્યા કરે. ઘેટાંબકરાં ચરતાં-ચરતાં ક્યાંય ચાલ્યાં જાય. સાંજે ભેગાં કરતાં દોડી-દોડીને એનો દમ છૂટી જાય !

પણ આ તો ફત્તુ !

ફત્તુને એવી કોઈ ચિંતા નહીં. થાક શું, દોડધામ શું !

કોઈ વાર બકરાં-ઘેટાંને લશ્કરની જેમ એક લાકડીએ હાંકે ને બોલે : 'કૂચ-કદમ ! કૂચ-કદમ ! આગે બઢો ! દાંયે ફિરો, બાંયે ફિરો ! હોશિયાર સિપાહી હોશિયાર !'

બકરાં પણ જાણે સમજતાં હોય એમ હારમાં ચાલે. કહે તેમ વળે. કહે તેમ ઊભાં રહે.

ફત્તુ જુદી દુનિયાનો માણસ હતો. ધંધો ભરવાડનો હતો, પણ દિલ સિપાહીનું હતું. સિપાહી થવાનાં અરમાન હતાં.

એ વખતે કચ્છ પર લૂંટારાનાં ધાડાંનાં ધાડાં આવે. ફત્તુ વિચાર કરે કે જો હું સિપાહી થાઉં તો બધાંને મારી ભગાડું ! જો મને થોડા સિપાહી મળે તો હું રાજા થાઉં ને પ્રજાનું પાલન કરું.

પણ વો દિન કહાં કિ મિયાં કે પાંવ મેં જૂતી !

કોઈ સિપાહી જંગલમાંથી પસાર થાય કે ફત્તુ એની પાસે પહોંચી

જાય, પૂછપરછ કરે.

કોઈ સિપાહી કહ્યે ઊભો ન રહે તો બકરાં આડાં મૂકે, ઘેટાંના ટોળાને રસ્તામાં ખડું કરી દે. એને ઊભો રાખે.

સિપાહી નારાજ થાય, ગમે તેમ બોલે, પણ ફત્તુ લાકડીનો ગોબો લઈ સામે થાય.

પહેલાં સામસામા આવી જાય, પણ ધીરેધીરે બે મિત્ર બની જાય.

સિપાહીને ઘોડેથી ઉતારે. બે ઘેટાં તાબડતોબ દોહી નાખે. પાસેનો રોટલો કાઢીને જમાડે. પછી પૂછે : "હું સિપાહી થઈ શકું કે ?"

સિપાહી હસીને કહે, "ભલા માણસ ! બકરાં-ગાડરાં ચારી ખા. બાકી આમાં તારું કામ નહીં."

"એમાં એવું તે શું કામ કરવાનું હોય ?"

"અલ્યા, એમાં માથું હથેળીમાં રાખવાનું હોય, લડવાનું હોય. મોત સાથે જીવવાનું હોય."

"જંગલમાં વાઘ-દીપડા હોય એના કરતાંય ત્યાં ખરાબ ! માથું તો અમે હથેળીમાં જ રાખીએ છીએ."

સિપાહીને ભરવાડનો છોકરો પાગલ લાગે. થોડી વારે એ ચાલ્યો જાય.

ફત્તુ વળી બકરાં-ગાડરાંને કવાયત કરાવે.

'કૂચ-કદમ ! કૂચ-કદમ ! આગે બઢો ! દાંયે ફિરો, બાંયે ફિરો !'

બકરાં અને ફત્તુની ભારે પ્રીત. સહુ એ કહે તેમ ચાલે.

આમ દિવસ ધમાલમાં જાય અને રાત ઝોકમાં આમ ને આમ સમય પસાર થાય. બકરાં ઊંઘે પણ ફત્તુને ઊંઘ કેવી ?

કોઈ વાર કૂચ કરતું લશ્કર પસાર થાય. ફત્તુ એની પાછળ ક્યાંય સુધી જાય. લાકડીની બંદૂક બતાવી નિશાન લે. ગોફણ ચલાવે.

ફત્તુનાં સપનાં ભરવાડનાં નહિ.

ફત્તુનાં સપનાં રાજા-મહારાજાનાં.

લોકો ફત્તુને પાગલ કહે. ફત્તુ કહે, “જો, જો ! એક વાર હું સિપાહી થઈશ. લશ્કરો હાંકીશ. શહેર જીતીશ. રાજા થઈશ. મારો હુકમ ચાલશે.”

લોકો આ સાંભળી ખડખડાટ હસે.

એવામાં ફત્તુને એક કામ આવી પડ્યું. પડોશીની ગાય પરગામ મૂકવા જવાની હતી.

બધા ભરવાડનાં છોકરાંમાં ફત્તુ સૌથી બળિયો. એને કોઈ ડરાવી, ફસાવી કે હરાવી ન શકે. બાવડાંના અને બુદ્ધિના ખેલમાં એ પાવરધો હતો.

ફત્તુ તો ચાલ્યો. પરગામ જવાનું એટલે સારાં કપડાં પહેર્યાં. રસ્તામાં ખાવા માટે ભાતું લીધું અને પડોશીએ વાટખર્ચી માટે પૈસા આપ્યા.

ધીરેધીરે ચાલતો જાય. વચ્ચે દુહા ગાતો જાય. ભાતું આરોગતો જાય અને ઝાડને છાંયે આરામ લેતો જાય.

પછી ગામ આવ્યું. ગાય સોંપવાની હતી એને સોંપી દીધી. ફત્તુને ખબર પડી કે આજે દરબાર ભરાયો છે.

ફત્તુ ટહેલતો-ટહેલતો દરબાર જોવા નીકળ્યો, પણ પહોંચ્યો ત્યારે દરબાર બરખાસ્ત થઈ ગયો હતો. ઠાકોર અને રાજગુરુ પાછા વળતા હતા.

ફત્તુ તો ઠાકોરનો દમામ જોવા લાગ્યો. સામેથી આવતા ઠાકોર અને રાજગુરુની નજર તેના પર પડી. રાજગુરુએ ધ્યાનથી આ ભરવાડને જોયો. એના કદાવર શરીર અને બળવાન બાહુની તાકાત માપી. એની તેજસ્વી આંખો ગમી ગઈ.

રાજગુરુએ ઠાકોરને કહ્યું, “આ છોકરો બળવાન લાગે છે, એ લશ્કરમાં જોડાય તો જરૂર બહાદુર સેનાપતિ બનશે.”

ઠાકોરે દૂરથી પોતાના તરફ જોતા ફત્તુને બોલાવ્યો. ફત્તુ એના પોતાના રોફમાં ચાલતો ઠાકોર આગળ આવ્યો. ઠાકોરે પૂછ્યું, “કેમ, તારે સિપાઈ બનવું છે ?”

ફત્તુને તો ભાવતું હતું ને વૈદ્યે કહ્યું, એણે કહ્યું, “હોવે.”

રાજગુરુ બોલ્યા, "તારી તાકાત અને તારો ચહેરો કહે છે કે તું મોટો સૈનિક બનીશ. તારા વતનની સેવા કરીશ."

રાજગુરુના શબ્દો ફત્તુના દિલમાં વસી ગયા. એ ભુજમાં જઈને લશ્કરમાં જોડાયો. મનમાં તો એક જ લગની કે મોટા સિપાઈ બનું કે વલો (વહાલું) વતન કચ્છની સેવા કરું.

ફત્તુની આવડત જોઈને એને અગિયાર સૈનિકોની ટુકડીનો ઉપરી બનાવવામાં આવ્યો.

ફત્તુ એક પછી એક હથિયાર ચલાવવામાં નિપુણતા મેળવવા લાગ્યો. એકેએક કામ પૂરી ધગશથી કરવા માંડ્યો.

ધીરેધીરે ફત્તુ જમાદાર બન્યો. હવે સહુ એને 'જમાદાર ફતેમામદ' કહેવા લાગ્યા. થોડા સમયમાં કચ્છના સેનાપતિ ડોસલવેણનો એ જમણો હાથ બની ગયો.

આ સમયે કચ્છની દશા કપરી હતી. રાવ રાયધણે હિંદુઓ પર જુલમ વરસાવવા માંડ્યો હતો. એક વાર રાવને પ્રજાએ કેદ કર્યો, પણ થોડા સમય પછી દયા ખાઈને છોડી દીધો.

કચ્છની પ્રજાએ રાયધણ કેદ થવાથી માંડ નિરાંતનો શ્વાસ લીધો, પણ રાયધણ ફરી મુક્ત થતાં લોકો ભયથી થરથરવા લાગ્યા. આ રાવ કયે સમયે કઈ આફત અને અશાંતિ જગાવશે તે કોઈ કહી શકતું નહિ. પ્રજાને રાવની મુક્તિ પસંદ ન પડી.

જમાદાર ફતેમામદ હવે રાજકાજમાં રસ લેતો હતો. રાવના કાળા કોપનો એને પૂરો ખ્યાલ હતો. એણે પણ કચ્છી પ્રજાની પેઠે રંગમાં ભંગ પડાવનારી રાવની મુક્તિ ન ગમી.

જમાદાર ફતેમામદે પોતાના સાથીઓ આગળ પોતાનો અણગમો વ્યક્ત કર્યો, મનોમન નક્કી કહ્યું કે ગમે તે થાય, પણ રાવને ફરી કેદ કરવા જોઈએ.

જમાદાર ફતેમામદ પોતાની મુક્તિથી નાખુશ થયો છે, એવી રાવને ખબર મળી. રાવ રાયધણનો કાળો કોપ ફાટ્યો. એને થયું કે હવે ગમે તે થાય, પણ ફત્તુને ખતમ કરવો.

બીજે દિવસે ફતેમામદ દરબારમાં દાખલ થયો. પ્રવેશતાંની સાથે નિયમ મુજબ રાવ રાયધણને સલામ કરી. ફતેમામદ સલામ કરવા જેવો નીચો વળ્યો કે રાવે ખંજર કાઢી, નિશાન તાકીને માર્યું. ફતેમામદ રાવથી વધુ ચાલાક નીકળ્યો. પળોપળ એ આ રાજમાં સાવધાનીથી કામ લેતો હતો. નીચે નમતાં નજર ઊંચી રાખી હતી. નિશાન તાકેલું રાવ રાયધણનું ખંજર આવ્યું કે તરત બાજુમાં ખસી ગયો, અને દરબારની બહાર નીકળીને ઝડપથી દોડવા લાગ્યો.

રાવ રાયધણે મોટેથી સૈનિકોને હુકમ કર્યો, "પકડો, જાવ, ફત્તુને અબી ને અબી પકડી લાવો."

સૈનિકો દોડ્યા, પણ રાવને સૈનિકો પર ભરોસો નહોતો. દગાબાજને વિશ્વાસ હોય પણ કેવી રીતે ? એ જાતે ફતેમામદની પાછળ પડ્યો. ફતેમામદ તો પંખીની પેઠે ક્યાંયનો ક્યાંય નીકળી ગયો. રાવ રાયધણ હાથ ઘસતો પાછો ફર્યો.

એક તરફ રાયધણની જુલમલીલા બેફામ વધવા લાગી. બીજી બાજુ ફતેમામદ પોતાના વીર સાથીઓ સાથે લશ્કર એકઠું કરવા લાગ્યો.

આખરે એક લડાયક સેના તૈયાર કરી. એની મદદથી જમાદાર ફતેમામદે રાવને કેદ કર્યો.

રાવના જુલમથી ત્રાસ પામેલી પ્રજાએ જમાદારને પૂરી મદદ કરી. ચારે તરફ જમાદાર ફતેમામદની તારીફ થવા લાગી. એની વીરતા વખણાવા લાગી. એની બુદ્ધિ માટે સૌને માન થયું. વીર ફતેમામદના રાસ રચાયા.

એક ગરીબ, નિરક્ષર ભરવાડ કચ્છની પ્રજાનો મુક્તિદાતા બન્યો.

આખા કચ્છમાં જમાદાર ફતેમામદનું નામ ગાજવા લાગ્યું. એણે ભાયાતોનો અસંતોષ દૂર કર્યો. સણવાના ઠાકોર અને લખપતના હાકેમ પાસે કચ્છની સત્તા સ્વીકારાવી. માંડવીના હંસરાજ શેઠને કળથી તો મુંદ્રાના મહમદને બળથી વશ કર્યો.

ફતેમામદની સેનાની હાક વાગવા લાગી. એની બેપાળી વ્યૂહરચના અને લડાઈમાં એકાએક આગળ ધસી જવાની આવડત આગળ સહુના

હાથ હેઠા પડતા. અંગ્રેજોની લશ્કરી કેળવણી પામેલા સૈનિકો પણ જમાદાર ફતેમામદના સૈનિકો સામે પરાજય પામતા.

ફતેમામદે આખા કચ્છમાં સત્તા સ્થાપી. એની વીરતા અને ચતુરાઈનાં ચોતરફ ગુણગાન થવા લાગ્યાં. એ ધારે તો કચ્છનો ધણી બને તેમ હતું, પણ આટલી વિશાળ સત્તા હોવા છતાં ફતેમામદ કચ્છનો રાજા ન બન્યો. એને મન રાજ્ય મહાન હતું. આથી એણે પોતાની બેઠક સિંહાસન પર નહીં, પણ અશ્વ પર જ રાખી.

એવામાં એક સમાચાર આવ્યા. ભારતમાં ધીરેધીરે પોતાનો પગદંડો જમાવતા અંગ્રેજો આગળ વધતા આવે છે. હવે એમની નજર કાઠિયાવાડ-કચ્છ તરફ ગઈ છે.

અંગ્રેજોની નીતિ ઉંદર જેવી, ધીરેધીરે પૂરી જાણકારી સાથે રાજમાં પગપેસારો કરે, એમાં ફૂટ પડાવે.

અવનવાં બહાનાં ખોળી રાજ પાસે કોલ-કરાર કરાવે. એવા કરાર કરાવે કે રાજ અંગ્રેજનું બની જાય, રાજા તો પૂતળું રહે. એમની આ ઉંદર જેવી ફૂંકી-ફૂંકીને ફોલી ખાવાની નીતિ જમાદાર ફતેમામદની નજર બહાર નહોતી.

એ માનતો કે રોગ અને શત્રુનો તો જેટલો વહેલો નાશ કરીએ તેટલો સારો.

એમાં વળી મૈસૂરનો ટીપુ સુલતાન એ જમાદાર ફતેમામદનો ગાઢ મિત્ર હતો. બંને વચ્ચે પત્રવ્યવહાર ચાલતો. બંનેને અંગ્રેજોની ચાલબાજી કઠતી હતી.

બંનેએ અંગ્રેજો સામે બાથ ભીડી હતી. ટીપુ સુલતાને ફતેમામદને પોતાની દોસ્તીની ભેટ તરીકે એક તોપ પણ મોકલાવી હતી.

એવામાં જામનગરથી ખબર આવી. ફોજદાર ફતેમામદને વહારે ધાવાનું કહેણ હતું. જામનગરની સ્વતંત્રતા ઝૂંટવાઈ જવાનો ભય ઊભો થયો હતો. અંગ્રેજો એને પોતાના રાજમાં ભેળવી દેશે એમ લાગવા માંડ્યું.

ડાહ્યા માણસોએ વિચાર્યું કે જમાદાર ફતેમામદ ભલે આપણો દુશ્મન



**કર્નલ વોકરે જમાદારને મીઠી મીઠી વાતો કરી**

રહ્યો, પણ બહારનો દુશ્મન આવે ત્યારે જરૂર મદદે આવશે. કૌરવ અને પાંડવ અંદરોઅંદર લડે ખરા, પણ બહારના શત્રુની સામે તો એ સહુ એક - એકસોને પાંચ !

જમાદારને જામનગરનો પત્ર મળતા એ તરત તૈયાર થઈ ગયો. અંગ્રેજો એને આંખના કણાની પેઠે ખૂંચતા હતા.

વીસ હજારની ચુનંદી સેના લઈને ફતેમામદ નીકળ્યો. કચ્છના રણને પાર કર્યું. સામે કિનારે પહોંચતાં એક અંગ્રેજ અમલદાર મળ્યો.

આ અમલદાર તે કાબેલ સેનાપતિ કર્નલ વોકર. એ જેટલો બળવાન તેટલો જ કળવાન હતો. એણે ભારતમાં રાજ જમાવવા ઘણાં યુદ્ધો ખેડ્યાં હતાં. એ એવી તો સ્પષ્ટ અને શુદ્ધ હિંદુસ્તાની ભાષાઓ બોલતો કે સામાને એમ જ લાગે કે આ હિંદુસ્તાની જ છે.

ફતેમામદ અને કર્નલ વોકરની એકાંતમાં બે કલાક સુધી ચર્ચા ચાલી. એણે ફતેમામદને એનો મિત્ર હોય તેવો દેખાવ કરીને ઘણી સૂફિયાણી સલાહ આપી. કંપની સરકારની વિશાળ સત્તાની વાત કરી. એને મદદ કરનારને સરકાર કેટલા માનથી જાળવે છે તે સમજાવ્યું.

આખરે કર્નલ વોકરે ફતેમામદને કહ્યું, "આ અંગ્રેજ સત્તા બધે જ સ્થપાશે. તમે કદાચ એક વાર જામનગરને બચાવશો, પરંતુ તેનાથી શું વળશે ? અમારું બળ કેવું ને કેટલું છે એ તો તમે જાણો છો."

અંગ્રેજોના બળ અને સત્તાની વાત સામે જમાદાર અચળ રહ્યો. એનું એક રૂંવાડું પણ ફરક્યું નહીં. આથી કર્નલ વોકરે એક બીજો પાસો ફેંક્યો. એણે કહ્યું, "તમે વીર છો, કંપની (અંગ્રેજ) સરકાર તમને ચાહે છે અને માન આપે છે. તમારે માટે અંગ્રેજોની દોસ્તી રાખવી વધુ ફળદાયી છે. આ ભૂખડી બારસ રાજ્યો તમને શું આપી શકે તેમ છે ? વળી તમારી મદદનો અહેસાન સરકાર કદી ભૂલશે નહીં. તમારી હયાતીમાં તમારો મુલક અજિત રહેશે."

ફતેમામદ એમ મીઠાં વાક્યોથી મોહ પામે તેવો માનવી ન હતો. અંગ્રેજોની ચાલબાજીનો એ પૂરો જાણકાર હતો.

જમાદાર આ મધ જેવાં ગળ્યાં વચનોની પાછળ રહેલા હળાહળ ઝેરને પારખી ગયો. એણે અંગ્રેજ અમલદારને સ્પષ્ટ ના કહી અને જામનગરને મદદ કરવા દોડી ગયો.

અંગ્રેજ સરકારનાં ફરમાન છૂટવા લાગ્યાં હતાં. કચ્છમાં વ્યવસ્થા નથી એમ કહી તેઓને રાજ હાથમાં લઈ લેવું હતું.

જમાદાર ફતેમામદ આ સાંખી લે ખરો ? એને પણ થયું કે હવે આ પરદેશી સરકારને સ્વાદ ચખાડવો પડશે.

કચ્છ અને કાઠિયાવાડમાંથી અંગ્રેજોને સદાને માટે દેશવટો આપવા તૈયારી કરવા માંડ્યો. ચારેકોર યુદ્ધની તૈયારી થવા લાગી.

પરંતુ વિધાતાની યોજના જુદી હતી. ૧૮૭૦માં એકસઠ વર્ષની વયે એકાએક પ્લેગની ગાંઠ નીકળી અને આ વીર મરણ પામ્યો.

આમ છતાં એક નિરક્ષર ભરવાડમાંથી એક ચતુર અને વીર રાજવી બનનાર જમાદાર ફતેમામદ કચ્છના ઇતિહાસમાં અમર છે.

❖

# ૫

# દોસ્તીના દાવે

ઓગણસાઠ વર્ષનો યુવાન લાખો ચારેકોર ઘૂમી રહ્યો હતો. એની વીરહાકના પડછંદા આકાશે ગાજતા હતા, 'આજ દોસ્તીનું દિલ બતાવવું છે, મિત્રતાનાં મૂલ કરવાં છે, વિશ્વાસઘાતનાં ફળ ચખાડવાં છે, સહુ કચ્છી વીરો, સાબદા થાઓ.'

કેરાનો કિલ્લો ધમધમી ઊઠ્યો હતો. શસ્ત્રોના ખડખડાટ ચારે તરફ પડઘા પાડતા હતા. જ્યોતિષીઓ આ યુદ્ધના પરિણામને બહુ વેધકતાથી જોઈ રહ્યા હતા.

કચ્છી નારી કુમકુમ તૈયાર કરી રહી હતી. કચ્છી ઘોડીઓ રણે ચડવા થનગનાટ કરતી હતી.

કચ્છી જુવાન યુદ્ધને ઉત્સવ માનતો. યુદ્ધમાં જવા સમો એને કોઈ આનંદ નહોતો. ધારદાર ભાલાથી કે ચમકતી તલવારોથી દુશ્મનનાં માથાં વધેરવા જેવી મજાની બીજી કોઈ રમત એમને મન નહોતી. યુદ્ધમાં ખપી જવા કરતાં સારું કોઈ મોત એમણે જાણ્યું નહોતું.

એમાંય આ તો લાખા ફૂલાણીનો બોલ. લોકો એના નામે ઓળઘોળ થઈ જાય. કચ્છનું એકેએક કાંગરું લાખાની દિલાવરીની વાત કરે. એકેએક કિલ્લો એની વીરતાની ગાથા સંભળાવે. નાનામાં નાનું શિવાલય એના ઉદાર દિલની કથા કહે.

લાખાની ખ્યાતિ તો એટલી કે કોઈ કિલ્લો કે મંદિરના કશા લેખ ન મળે તો એ લાખાએ બંધાવેલાં કહેવાય.

રાજદરબાર ભેગો થયો. કચ્છના ખૂણેખૂણેથી કચ્છી વીરો આવી ગયા. લાખાએ સહુને સૂચના આપી કે મૂળરાજના એક પણ સૈનિકને આજે છોડશો નહીં.

એવામાં લાખાની નજર રાજજ્યોતિષ પર પડી. એમનો ચહેરો ગંભીર હતો, મોં પર વિષાદની છાયા હતી. લાખાએ પૂછ્યું,

'રાજજ્યોતિષજી ! આપ ઉદાસ કેમ છો ? કચ્છી વીરને માટે આ તો જીવનનું ધન્ય ટાણું છે.'

રાજજ્યોતિષી બોલ્યા, 'રાજા ! આ યુદ્ધમાં જવું રહેવા દો તો!'

લાખાને માથે વીજળી પડી. એણે મક્કમ અવાજે કહ્યું, 'જુઓ, મૂળરાજ સોલંકીને મહાત કરવાની આથી રૂડી તક મને મળવાની નથી. ગુજરાતમાં હતો ત્યારે ચાવડાઓનું લૂણ ખાધું. સામન્તસિંહ ચાવડાના રાજમાં ગુજરાતની સેનામાં નાયક તરીકે રહી ચૂકેલો લાખો સામન્તસિંહને મારનારનું વેર વાળવાની તક કેમ જવા દે ?'

રાજજ્યોતિષી ગંભીરતાથી બોલ્યા, 'પણ તમે પછી લડવાનું રાખો તો ? હાલમાં સંજોગો સારા નથી.'

લાખાએ કહ્યું, 'તમારી વાત સાચી. વેર તો ગમે ત્યારે વાળી શકાય. પણ જ્યોતિષીજી, આજ જેવી રૂડી તક ફરી નહીં આવે. મૂળરાજ ગ્રહરિપુ સામે યુદ્ધે ચડ્યો છે. હું અને ગ્રહરિપુ બાળપણમાં પાટણમાં સાથે યુદ્ધવિદ્યા શીખેલા. મિત્રને મદદ કરવી એ આપણી ફરજ છે.'

રાજજ્યોતિષી કહે, 'મહારાજ, ફરજની વાત ખરી, પણ...'

'પણ શું ? જે હોય તે સ્પષ્ટ કહો.' લાખાએ આતુરતાથી પૂછ્યું.

'મહારાજ, મારા જોષ એમ કહે છે કે અત્યારે મારા રા' લાખા રણે ચડશે તો પછી પાછા નહીં આવે ! રા' આ વખતે જવાનું રહેવા દો, પછી જજો.'

આખી સભા રાજજ્યોતિષીની વાત સાંભળી સ્તબ્ધ બની ગઈ. બધાનાં મોં પર મેશ ઢળી ગઈ, પણ લાખો ફૂલાણી તો ખડખડાટ હસી પડ્યો ને બોલ્યો,

'વાહ રે વાહ ! અત્યારે લડવા ન જવું ને મોત ન આવવાનું હોય તે જોઈને જવું ? કચ્છી વીર કદી આમ રણે ચડ્યો છે ખરો ? ગ્રહરિપુ આપણો મિત્ર છે. મિત્રને માટે મોતને ભેટવા તૈયાર છું. જ્યોતિષીજી, એક નહીં, પણ એકસો વાર મોત મારા મુકદ્દરમાં હશે તોપણ મિત્રને ખાતર લડવા જઈશ.'

ઓગણસાઠ વર્ષના લાખાની આ છટા જોઈ સહુ દંગ થઈ ગયા. એની વીરતા અને એની દોસ્તીને સહુ ધન્યવાદ આપવા લાગ્યા.

લાખો હવે પળવાર થોભે એમ ન હતો. મૂળરાજ સાથે ગ્રહરિપુનું યુદ્ધ શરૂ થવાની અણી પર હતું. પળનો વિલંબ પાલવે તેમ નહોતો. તમામ કચ્છી લડવૈયાઓને એકઠા કર્યા. બધાં સાધન-સરંજામ લીધાં. દરિયો પાર કર્યો અને આટકોટ શહેર પાસે આવી પહોંચ્યો.

યુદ્ધ આરંભાઈ ચૂક્યું હતું. હાથી પર બેઠેલા પાટણપતિ મૂળરાજે જોરથી એક બાણ સોરઠના ધણી ગ્રહરિપુ પર ફેંક્યું.


ગ્રહરિપુએ નિશાન ચૂકવી દીધું. ગ્રહરિપુ એટલા જ વેગથી ધાયો. એણે મૂળરાજના હાથી પર બાણ છોડ્યું. હાથીના ગંડસ્થળને ભેદી નાખ્યું. પણ વફાદાર હાથી અણનમ રહ્યો, મૂળરાજ ક્રોધે ભરાયો. એણે પોતાની બધી તાકાત એકઠી કરી જોરથી ભાલાનો ઘા કર્યો. ભાલો અંબાડી સાથે અથડાયો. આખી અંબાડી હાલી ઊઠી. અંદર લડી રહેલો ગ્રહરિપુ બીજું તીર તાકવા જતો હતો, પણ અંબાડી હાલી ઊઠતાં એ નીચે ફંગોળાઈ ગયો.

મૂળરાજે દુશ્મનને જીવતો પકડવા કહ્યું, ગ્રહરિપુ પકડાયો. એના લશ્કરમાં નાસભાગ થઈ, પણ ત્યાં એક મોટી ત્રાડ સંભળાઈ.

'મૂળરાજ ! માન સાથે ગ્રહરિપુને છોદી દે ! આ લાખો, તારું માથું લેવા આવી પહોંચ્યો છે.'

મૂળરાજે કહ્યું, 'લાખા ફૂલાણી, તમે છો ઓગણસાઠ વર્ષના અને હું છું સાવ યુવાન ! યુવાન-યુવાન સાથે હોડ બકે એ બરાબર! તમારા જેવા ઘરડા સામે શું લડવું ?'

લાખાએ જવાબ વાળ્યો, 'મૂળરાજ, હજી લાખાના ઘા ખાધા નથી



**મૂળરાજે પૂરી તાકાતથી લાખાને ભાલો લગાવ્યો**

ત્યાં સુધી તારું અભિમાન છે. લાખાના ઘા ખાઈશ એટલે ખબર પડશે કે ઘા કોને કહેવાય. માટે ગ્રહરિપુને છોડીને પાછા ફરી જવાની સલાહ આપું છું. તારા જેવા યુવાનની બધી આશાઓ વાઢી નાખવી ગમતી નથી.'

મૂળરાજ બોલ્યો, 'ગ્રહરિપુ હવે નહીં મળે, બોલો, હવે શું કરવું છે ?'

'વીરને બીજું હોય શું ? ચાલ, લડવા તૈયાર થઈ જા.' કહીને લાખો ફૂલાણી મૂળરાજ ઉપર તૂટી પડ્યો.

કચ્છી વીરો અને વીર પટ્ટણીઓનો જબરો જંગ જામ્યો. ભાલાં ને તલવારોની ઝપાઝપી વચ્ચે લાખો ફૂલાણી એક યુવાનના ઝનૂનથી લડતો

હતો. મૂળરાજ માટે પોતાના જીવનમરણનો સવાલ હતો.

બંને વચ્ચે ખૂબ ઝપાઝપી થઈ. લાખાના ઘણા ઘા મૂળરાજે ચૂકવ્યા ને ઝીલ્યા.

મૂળરાજના ઘણા ઘા લાખાએ સિફતથી ચુકાવ્યા. પણ મૂળરાજે 'જય સોમનાથ'ની ગગનભેદી ગર્જના સાથે એક ભાલો માર્યો. લાખા ફૂલાણીના શરીરને આરપાર વીંધતો ચાલ્યો ગયો.

લાખો મરાયો, હસતો-હસતો મર્યો. એક મિત્રને માટે લાખાએ મોતને વધાવી દીધું.

❖

## ૬

# જનતા અને જનેતા

કચ્છની કારી કચ્છી નામે જાણીતી કોરી ધરતી છે. એ કોરી ધરતી પર ઝાંઝવાનાં નીર જેવાં ઠગારાં પાણી વહે જાય છે અને એ ઠગારાં નીરને પીવા બે જાતવંત ઘોડીઓ હરણફાળ ભરે છે.

એક લાલ રંગની માણકી ઘોડી છે, તો બીજી ધોળા રંગની રેશમ નામની ઘોડી છે.

ઘોડી પર સવાર બે પુરુષોમાં એક ઉંમરલાયક છે, બીજો આવતી ફૂલગુલાબી જુવાનીનો આદમી છે. બંને વચ્ચે ચાલતી વાતચીત પરથી એમ લાગે છે કે બંને વચ્ચે પિતા-પુત્રનું સગપણ છે. પુત્રની ઘોડી આગળ છે, પિતાની ઘોડી પાછળ છે.

પિતા ઘોડીને ચાર ચાબુક મારીને દીકરાની ઘોડીને પહોંચવા મહેનત કરે છે, પણ પુત્ર પિતાની ઘોડીને આંબવા દેતો નથી.

પિતા બૂમ પાડી પુત્રને વિનવતાં કહે છે, ‘દીકરા કારાયલ, સમા કુટુંબના સૂરજ, ધીરો પડ અને મારી વાત સાંભળ.’

પુત્ર ઘોડીને એડી મારીને ઉતાવળી દોડાવતો કહે છે, ‘પિતાજી, હવે નહીં થોભું, સતની ધરતી પર મસ્તક ચડાવવાનું મન થઈ ગયું છે.’

વળી પિતા-પુત્ર વચ્ચે સ્પર્ધા થાય છે. પુત્ર આગળનો આગળ રહે છે, ને પિતાને જોરથી કહે છે, ‘ઓહો ! જરા જુઓ તો ખરા, દુનિયામાં કેવો અધર્મ ચાલે છે ! રાજા પ્રજાને ખાય છે ! વેપારી વસ્તીને લૂંટે છે ! અમલદાર પ્રજાને રંજાડે છે. કોઈને કોઈ પૂછનાર નથી. મારે તો બહારવટાં

ખેડવાં છે ને સતધર્મનાં માન કરવાં છે.'

પિતા વળી વીનવીને કહે છે, 'બેટા, મારે તું સાત ખોટનો છે. કારી કચ્છી પ્રદેશના આપણે કીર્તિમાન પુરુષો છીએ. સિંધપતિ જામ લાખિયારના નાના ભાઈ જખરા સમા એ તારા દાદા થાય. મારે દીકરો નહોતો, માટે ચિત્રાણા ડુંગર પર મેં ચિત્રનાથ યોગીને આરાધ્યા હતા.'

યુવાન કારાયલે ઘોડીને બમણી એડ મારતાં કહ્યું, 'પિતાજી, મારા કામમાંથી મને ચળાવશો નહીં. કુળની અને કીર્તિની વાતો આડી લાવશો નહીં. સતધર્મના યુદ્ધે ચડવું છે. કાયાના કટકા કરવા છે. કોઈ આળપંપાળ વચ્ચે લાવશો મા.'

કારાયલની ઘોડીનો વેગ વધ્યો, પણ પાછળ આવતા એના પિતા નારાયણે પોતાની ઘોડીને પણ એડ મારી.

બંને ઘોડીઓ સરખી જાતવંત ઓલાદની હતી. નૂર એકેનું ઓછું નહોતું. એ પણ સગપણે મા અને દીકરી હતી.

માતા માણકીએ દીકરી રેશમને આંબવા ઝડપ વધારી. બંને ઘોડીઓ એકસાથે થઈ ગઈ.

પિતાએ પુત્રને પોતાના સમ આપીને કહ્યું, 'બસ, દીકરા, એક પળ થોભી જા. મારી વાત સાંભળીને તારા પંથે પડી જજે. આજ તને નહીં રોકું.'

દીકરો કારાયલ બોલ્યો, 'પિતાજી, વાત જલદી પતાવો. એવું ન થાય કે માયાનાં બંધન મારા પગ બાંધી લે. વસતીની વેદનાભરી ચીસ મારાથી ખમાતી નથી. મૂઠી ધાન વિના માનવી કમોતે મરે છે.'

પિતાએ ઘોડી સાથોસાથ રાખતાં કહ્યું, 'બેટા, તું દેવનો દીધેલ છે. જ્યારે પાંજરામાં ઘેર પોપટ નહોતો, ને ખોળામાં દીકરો નહોતો, ત્યારે મેં ચિત્રનાથ યોગીને સાધ્યા. યોગીએ મને કહ્યું, 'જો, પેલા આંબા પરથી એક કેરી લઈ આવ' મારા મનમાં પાપ હતું. મેં એક કેરીના બદલે બે કેરી તોડી. મેં એક કેરી યોગી બાબાને આપી અને એક કેરી મારી ભેટમાં મૂકી.

યોગી કહે, 'બેટા, તારા પર પ્રસન્ન થયો છું. એક દીકરો આપીશ,

પણ તેં ચોરી કરી છે માટે તારો દીકરો ચોર નીકળશે. એને આપ્યું ખાવામાં રસ નહીં રહે. એ આંચકીને ખાશે. બેટા, આ વાત આજ ફળી છે. તને રાજ પાસેથી આંચકીને લેવાનું મન થયું છે. જા, ગુરુના બોલ મિથ્યા નહીં થાય, પણ એટલું યાદ રાખજે કે તું યોગીનો દીધેલ દીકરો છે.'

પિતાએ ઘોડીની લગામ ખેંચી. માણકી ઊભી રહી ગઈ અને રેશમ જંગલને ગજવતી હાવળ દેતી કચ્છની ધરતી પરથી વહી ગઈ.

કારાયલે તો પોતાની કટારી અને સમશેરની આબરૂ એકદમ વધારી દીધી. કારાયલનો સિદ્ધાંત હતો કે મારવો તો મીર, નહીં તો ફકીર શું મારવો?

ધીરેધીરે કારાયલની આજુબાજુ યુવાન કચ્છીઓનું જૂથ ભેગું થયું અને તેઓ પોતાના વીરત્વની દસે દિશામાં હાક બોલાવવા લાગ્યા.

કારાયલ કચ્છનો બેતાજ બાદશાહ બની ગયો. જાણે એની કચેરી બેઠી અને એનો હેડ-કોરડો ગાજવા લાગ્યો. કારાયલ તો દુખિયાનો બેલી. રાંક-રૈયત એની પાસે દાદ માગવા આવે, ગરીબ પ્રજા એની પાસે પેટ પૂરતા અનાજની માગણી કરે. વેપારીઓથી ત્રાહ્ય તોબા પોકારતા ખેડૂતો કારાયલની પાસે ધા નાખવા આવે. અમલદારોથી કંટાળેલી પ્રજા કારાયલ પાસે ફરિયાદ કરે.

કારાયલ સહુનો ન્યાય કરે, જુલમી અમલદારોનાં અને લોહીચૂસ વેપારીઓના તો એ રામ બોલાવી છે.

એક દિવસ તેણે સિંધ-બાંભણાસરના બાદશાહના ખજાના પર ધાડ પાડી. આજ એને મીર મારવો હતો. અઢળક સોનું, રૂપું અને તાંબૈયાનો મોટો ખજાનો એના હાથમાં આવ્યો. કારાયલે ચાર-ચાર હાથે પ્રજામાં સોનું-રૂપું વહેંચ્યું. લોકો તો ખુશખુશાલ થઈને કારાયલની કીર્તિ ગાવા લાગ્યા.

રૈયતને આનંદી જોઈને કારાયલ ખુશ થયો. હવે એ જેવા તેવાને તો ગણકારે નહીં. પણ આ તરફ સિંધના બાદશાહે પોતાના સિપેહસાલારોને આદેશ કર્યો,

'બાદશાહનો ખજાનો લૂંટાય એ બાદશાહની આબરૂ લેવા બરાબર

છે. ગમે તેમ કરો, પણ ચોરને હાથ કરો અને મારી સામે હાજર કરો.'

સિંધના સિપેહસાલારો અને સિપાહીઓ ચારે તરફ ખજાનાના લૂંટારુને પકડવા નીકળી પડ્યા. વને-વને, જંગલે-જંગલે, ગામે-ગામ ને શહેરે-શહેર ફેંદી વળ્યા.

સમા રજપૂત નારાયણ પર પોતાના લૂંટારુ પુત્રને પકડવા, કાં એને ઘરબહાર કરવા શાહી ફરમાન છૂટ્યું.

રજપૂત પિતા નારાયણ તો જાણતો જ હતો કે આ કારાયલનાં કામોનાં ફળ છે. એ ફકીર મારતો નથી, મીર મારે છે. એણે સંગાથીઓ સાથે કહેવડાવી દીધું કે કારાયલનાં કામોથી હું રાજી છું, પણ હવે મારા ઘરના દરવાજા તેને માટે બંધ છે.

કારાયલ પોતે ચિત્રાના ડુંગર પર આવ્યો અને પોતાની જન્મભૂમિને છેલ્લા જુહાર કરી, પિતાને રામરામ કહેવડાવી વિદાય થયો.

હવે કારાયલ પોતાનું નિવાસસ્થાન નક્કી કરવા સ્થળે-સ્થળે ઘૂમવા લાગ્યો. પહેલાં ધડા ડુંગર પર આવ્યો. અહીં વનરાજિ ખૂબ સારી હતી, પણ કારાયલનું મન માન્યું નહીં. એ ત્યાંથી ચંદ્રિયા ડુંગરે આવ્યો. ચંદ્રિયા ડુંગરની માટી પોચી-પોચી હતી. મરદને એ ભાવે નહીં. અંતે એ પચ્છમાઈ ડુંગર પર આવ્યો.

પચ્છમાઈ ડુંગર ઉપર લખગુરુનું સ્થાનક હતું. કારાયલે અહીં પોતાનું મથક કર્યું, અને પોતાના ભેરુઓને કહ્યું કે મારું બહારવટું એ સતનું બહારવટું છે. સતને લાંછન લાગે તેવું એક પણ કામ મારો કોઈ ભેરુબંધ ન કરે.

પચ્છમાઈ ડુંગર પર કારાયલ પણ લખગુરુના ચેલા જેવો ગણાવા લાગ્યો. દુઃખી, દરિદ્રી પોતાનાં દુઃખ ફેડવા ને પોતાની ગરીબી દૂર કરવા એ ડુંગરે આવતા અને કારાયલ એમનું મન સંતોષતો.

એ વખતે કચ્છમાં કાળો દુષ્કાળ પડ્યો. અષાઢ-શ્રાવણ નકામા ગયા, ભાદરવો જરા પણ વરસ્યો નહીં. ઢોર મરવા લાગ્યાં અને માણસોની સ્થિતિ એથી પણ ભયંકર થઈ રહી.

આ વખતે ધારા નામની નગરીમાં વિશળ વાઘેલો રાજ કરતો હતો.

વિશળ વાઘેલો બહુ જુલમી રાજા હતો અને અન્યાયનું ધન ભંડારમાં એકત્ર કરતો હતો.

રાજા જ્યારે અન્યાયી હોય ત્યારે એના અમલદારો પણ પાપિયા જ હોય. અમલદારો પ્રજાને ખૂબ કનડગત કરતા અને જે પ્રજાના ઘરમાં હોય તે પોતાના ઘર ભેગું કરતા.

ઓછા વરસાદવાળા કચ્છમાં કાળો બોકાસો બોલી ગયો. હજારો માણસો ભેગા થઈને વિશળ વાઘેલા પાસે આવ્યાં અને કરગરવા લાગ્યાં,

'રાજા, અમને મજૂરી આપ, અમે ભૂખે મરીએ છીએ.'

પણ વિશળ તો સાંભળે જ શેનો ? એ તો આ માણસો, ધારામાં રહેશે તો એમને કંઈ ખાવા આપવું પડશે, એ વિચારે કંઈ પણ આશ્વાસન આપ્યા વગર એણે સહુને હડધૂત કરી કાઢી મૂક્યા. કેટલાય દુકાળિયાઓ ત્યાં ને ત્યાં મરણ પામ્યા, કેટલાક કિલ્લાની બહાર મરણ પામ્યા ને કેટલાક પાછા જતાં રસ્તામાં જ મોતને ભેટ્યા.

આ સ્થિતિ અતિ કરુણ હતી, પણ વિશળ વાઘેલાના હૃદયમાં દયાનો જરા પણ છાંટો ન હતો. એણે બધાંના મૃતદેહો ઘસડાવીને કોટની બહાર ખાઈમાં નંખાવી દીધાં, ને પોતાના કિલ્લાના દરવાજા દુકાળિયાઓ માટે બંધ કર્યા.

ધારામાંથી બચેલા કેટલાક અધમૂઆ થઈ ગયેલા દુકાળિયાઓ પચ્છમાઈ ડુંગર પર વીર કારાયલ પાસે પહોંચ્યા અને ધા નાખી.

'હે વીર કારાયલ, અમારે ઉપર આભ અને નીચે ધરતી રહી છે. અમારું કોઈ નથી, પેટનો ખાડો પૂરવા પાશેર અનાજ પણ અમારી પાસે નથી. હે વીર, તું સતધર્મનો બેલી છે, અમારી વહારે ધા.'

વીર કારાયલ બેઠો હતો ત્યાંથી છલાંગ મારીને ઊભો થઈ ગયો અને કહ્યું, 'ભૂખ્યા અને દુખ્યાનું પાલન એ મારો ધર્મ છે. માનવજાતની સેવા કરવી, કંગાલ ને ભિખારીને રોટી પહોંચાડવી એ મારો ઈમાન છે. હું દુઃખી માનવોને ઠોકરે મારનાર વિશળ વાઘેલાની ખબર લઈ નાખીશ. મને જો એક ટંકનું ભોજન મળશે તો અડધા ટંકનું ભોજન દુખિયાઓને આપીને જમીશ. મારો દેહ દુખિયાં ભાઈબહેનો માટે કુરબાન છે.'

વીર કારાયલ એ દિવસે ઘોડે ચડ્યો. એની સાથે એનો જુવાનજોધ દીકરો વીંઝાર પણ હતો. વીંઝારને કહ્યું,

'બેટા, માનવજાતને માટે ખપી જવાની આ ઘડી છે. રજપૂત મોતથી ડરે નહીં, મોત તો માણવા જેવી ચીજ છે. દુશ્મન બળવાન છે. મને જો કંઈ રજાકજા થાય તો મારા સત્ધર્મનું તું પાલન કરજે. આ ગરીબ લોકોના મોંમાં રોટી પહોંચાડજે.'

બાપ અને દીકરાએ વાઘેલાની ભૂમિ ઉપર ઘોડાં રમતાં મૂક્યાં. શમશેર ફેરવવા માંડી. શહેરનાં શહેર લૂંટાવાં માંડ્યાં અને ત્યાંથી જે મળે તે લાવીને પોતાની ધરતીનાં ભૂખ્યાં ભાઈ-બહેનોને આપવા માંડ્યું.

કોઈ-કોઈવાર પિતા-પુત્ર બબ્બે દિવસ ને ત્રણ-ત્રણ રાતના પંથ ખેડતા. અને જ્યાં અન્નભંડાર હોય, ધનનો સંગ્રહ હોય ત્યાંથી રાતોરાત ઉપાડીને પાછા ફરતા.

સતધર્મનું એ યુદ્ધ હતું. ઘણો લાંબો સમય ચાલ્યું અને હવે વિશળ વાઘેલાને એક ઠેકાણે સૂઈ રહેવાનું પણ ભારે પડવા માંડ્યું. કારાયલે ધનવાનોના ભંડાર લૂંટ્યા. અમલદારોની હવેલીઓ સાફ કરી અને હવે રાજદરબાર પર એ ત્રાટકવા લાગ્યો.

વિશળ વાઘેલાએ જેની મૂછે ત્રણ-ત્રણ લીંબુ ઠરે એવા બહાદુરોને લાવીને પહેરા પર મૂક્યા, મોટા-મોટા સિપેહસાલારોને બંદોબસ્ત માટે રાખ્યા, પણ કારાયલે બધાનો બોરકૂટો કરી નાખ્યો.

ઘણી યુક્તિઓ લડાવી, પણ કારાયલ પકડાય જ નહીં અને પકડાય પણ કેવી રીતે ? કારાયલ પ્રજાને માટે સર્વસ્વ હતો. પ્રજાના માણસો આવીને જ તેને બાતમીઓ આપી જતા હતા. વીર કારાયલ જે લૂંટતો હતો, તે પ્રજામાં વહેંચી દેતો ને કહેતો કે જે જેનું છે તે તેને આપું છું.

વિશળ વાઘેલો આખરે કંટાળ્યો. એણે ફરમાન કર્યું કે જે કોઈ કારાયલને જીવતો પકડી લાવશે તેને મનમાન્યું ઇનામ આપીશ.

રાજનો ઓધવજી નામનો નાગર મંત્રી તરકીબ પણ લડાવી જાણે ને તલવાર પણ ચલાવી જાણે. એણે વીર કારાયલને જીવતો પકડી

લાવવાનું બીડું ઝડપ્યું.

કસોટીની એ રાત આવી પહોંચી. નગરની આજુબાજુ ચારેતરફ કાળાં અંધારાં ઊતરી ગયાં. આજે વીર કારાયલે પોતાના બહાદુર અને જુવાનપુત્ર વીંઝારને સાથે લીધો અને કહ્યું,

"બેટા, આજ તારા પિતાનું પાણી જોજે, અને તારું પાણી બતાવજે. પાછો પગ ભરીશ મા."

ઓધવજી મંત્રી પણ ઘેરથી ધર્મપત્નીના હાથનું પાનનું બીડું લઈને કેડે કટાર ખોસી, અંધાર પછેડો ઓઢીને બહાર નીકળ્યો હતો. એણે કિલ્લાની ચારે તરફ બંદોબસ્ત રાખ્યો હતો, પણ એક બાજુ રસ્તો ખુલ્લો રાખ્યો હતો અને એ રસ્તે નાની એવી ખાઈ ખોદાવી એમાં કાંપ ભરાવ્યો હતો. એ કાંપ એવો હતો કે માણસ જેમ-જેમ એમાંથી બહાર નીકળવા પ્રયત્ન કરે, તેમ-તેમ ઊંડો ખૂંપતો જાય.

મધરાતના ગજર ભાંગ્યા ત્યારે વીર કારાયલે રાજમહેલમાં પ્રવેશ કર્યો, ખજાનાની પેટીઓ હાથ કરી. રાજા વિશળ મોડો-મોડો હમણાં જ સોનાની ખાટ પર સૂતો હતો.

કારાયલના પુત્ર વીંઝારે કહ્યું, "બાપુ, આ સોનાની ખાટ લેતા જઈએ. લખગુરુના આશ્રમમાં શોભશે."

કારાયલે કહ્યું, "બેટા, ખાટે હીંચકવાના વખત ગયા. આજે તો આભ સાથે બાથ ભીડી છે. યાદ રાખજે કે મર્દની મહોંકાણમાં જઈએ પણ પાવૈયાની જાનમાં ન જઈએ. આજની રાત કટોકટીની થશે. ભલે તું કહે છે તો ખાટેય ભેગી લેતા જઈએ."

સોનાની ખાટને હીરની દોરીથી ગૂંથી હતી અને ઉપર રાજા સૂતો હતો.

કારાયલે હીરની દોરીઓને કાપી નાખી અને રાજાને સાચવીને નીચે મૂકી દીધો, ખાટ ઉઠાવી લીધી.

બધી માલમત્તા લૂંટીને પિતા અને પુત્ર નીચે ઊતરી ગયા અને ત્યાંથી દોડવા લાગ્યા. કોટની પાસે આવ્યા. બિલ્લી પગે બંને જણા કોટ

ચડી ગયા. ઓધવજી કે એનો કોઈ સાથી રસ્તામાં મળ્યો નહીં. બંને જણા નિરાંતે કિલ્લો ઊતરી ખાઈ પાસે આવ્યા.

ખાઈ લાંબી-પહોળી હતી અને માલસામાન ઘણો હતો. કારાયલે વીંઝારને કહ્યું, "દીકરા ! મારા માથે ઘણો બોજ છે. કદાચ હું ઠેકી શકું કે ન પણ ઠેકી શકું. હું ફસાઈ જાઉં તો તું મારા માથે રહેલો બધો સામાન લઈ જઈને ગરીબ લોકોને પહોંચાડજે."

વીંઝારે છલાંગ મારી અને તે પેલે પાર ચાલ્યો ગયો.

કારાયલ કૌવતવાળો હતો. એણે હનુમાન-કૂદકો લગાવ્યો, પણ થોડુંક છેટું રહી ગયું અને ખાઈના કાંપમાં ખૂપી ગયો. હવે નીકળવું મુશ્કેલ હતું. કારાયલ ધીરેધીરે અંદર ઊતરતો જતો હતો. એણે બૂમ પાડી.

"વીંઝાર, મારું માથું ઉતારી લે. લઈ જઈને તારી માને આપજે. કહેજે કે મારા પિતાની આ ભેટ છે."

પણ વહાલસોયા વીંઝારનું હૈયું પિતાનું માથું લેતાં કેમ ચાલે ?

પિતાની વિચિત્ર માગણી સાંભળીને પુત્ર થરથરી ગયો.

વીર કારાયલે મોટેથી ચીસ પાડીને કહ્યું, "વીંઝાર, તું મારો દીકરો ન હોય. સતધર્મના જુદ્ધ તને આવડે નહીં. મને શરમ આવે છે કે મારે ત્યાં તારા જેવો નામર્દ દીકરો પાક્યો ! શું તું મારા મસ્તકની દુર્દશા જોઈ શકીશ ? અને તારી જનેતાને તું શું ભેટ આપી શકીશ ?"

વીંઝાર હવે ઊભો રહી શક્યો નહીં, એણે વીજળીવેગે કમર પરથી તલવાર ખેંચી ને દોડ્યો.

દેવસેવા માટે વેલ ઉપરથી ફૂલ ઉતારે એટલી ચપળતાથી એણે પોતાના પિતાનું મસ્તક ઉતારી લીધું. ને એ માથાનો રેશમી ચોટલો હાથમાં લઈ પિતાના રક્ત ટપકતા મસ્તકને કપાળ પર અડાડ્યું.

રાતનો ગજર ભાંગતો હતો. સિપાહીઓ સાવધ થતા હતા. કૂકડાઓ નેકી પોકારી રહ્યા હતા. વીંઝારને થયું, જનેતાને પિતાનું મસ્તક આપીશ, પણ એ મસ્તકનો બદલો શું લીધો, તેની પણ વાત કરવી પડશે ને ?



**વીંઝારે ભારે હૈયે પિતાનું મસ્તક જનેતાના ખોળામાં મૂક્યું**

વીંઝાર એક હાથમાં મસ્તક રાખીને દોડ્યો. ખાઈની પેલી બાજુથી ઓધવજી પોતાનું કારસ્તાન સફળ થયેલું જોઈને હરખાતો-હરખાતો ચાલ્યો આવતો હતો. જુદા વેશમાં રહેલા ઓધવજીને વીંઝાર પારખી ગયો. પાંચ-સાત સિપાહીઓ સાથે હતા. વીંઝારે જોશભેર ચીસ પાડી અને હલ્લો કર્યો.

ઓધવજી પોતાની જાતને સમાલે એ પહેલાં વીંઝારની તાતી તલવાર એના મસ્તક પર ફરી વળી. મેઘથી ભરેલા આભમાં વીજળીનો ચમકારો જોઈ જેમ ચોર મોં છુપાવે એમ સિપાહીઓ મોં છુપાવી ગયા. ઓધવજીનું ધડ કાંપમાં નાંખ્યું. વીંઝાર આજ કોઈનો સગો ન હતો.

બે હાથમાં રક્ત ટપકતાં બે મસ્તકો સાથે વીંઝાર ખાઈ પાસે આવ્યો, પોતાના પિતાના કાંપમાં ખૂંપેલ ધડ પાસે આવી વીંઝારે એના પર ઓધવજીનું મસ્તક મૂકી પોતાનો રસ્તો લીધો.

આજ સૂર્ય પણ વીંઝારને પહોંચી શકે તેમ ન હતો. સૂર્ય ઊગે તે પહેલાં વીંઝાર પોતાની જનેતાના પગ પાસે જઈને ઢળી પડ્યો ને પિતાનું મસ્તક ખોળામાં મૂકી દીધું અને બોલ્યો,

"મા, આજ સંસારમાં જનેતા સિવાય મારું કોઈ નથી."

માતા બોલી, "બેટા, તારે તો ખબર લે એવી જનેતા પણ છે, પણ જેને માટે તારો પિતા મર્યો એ જનતાનું તો કોઈ નથી, તું એની વહારે ધાજે. તારા બાપનું સાચું તર્પણ એ હશે."

સૂર્યોદય થઈ ચૂક્યો હતો અને વીર કારાયલના કપાયેલા મસ્તક પર એ પોતાની કિરણાવલીઓ ચડાવી રહ્યો હતો.

❖

## ૭

# વીરપુત્ર વીંઝાર

આખા શહેરમાં અચરજ ફેલાઈ ગયું. સહુ વિચારમાં પડી ગયા કે આમ બને કેવી રીતે ?

આટઆટલી તકેદારી છતાં ચોર મહેલમાં પેસી જાય કેવી રીતે? મહેલમાં પ્રવેશે એ તો ઠીક, પણ રાજની તિજોરી ખાલી કરી નાખે, એ કેમ બને? એય બને, પણ જે ખાટ પર રાજા વિશળ વાઘેલો સૂતો હતો, એ ખાટ કેવી રીતે ગાયબ થઈ જાય ?

કોઈને સમજાતું જ નથી કે કાળા માથાનો માનવી આ કામ કરી શકે કેવી રીતે ? આ કામ કરનાર કોઈ ચોર હોઈ ન શકે, જાદુગર જ હોવો ઘટે.

વધારામાં ચોરને ચપટીમાં પકડી પાડવાનું ને તે માટે ભયંકર કાવતરું ગોઠવનાર ખુદ ઓધવજીનું માથું ખાઈના કાંપમાંથી મળ્યું !

આ બધું બને કેવી રીતે ? સહુ કોઈને આ ચમત્કાર જ લાગતો.

ખાઈમાંથી માથું અને ધડ બહાર કાઢવામાં આવ્યાં. ધડ પર કાળો કીટાડો જેવો કાંપ વીંટળાયેલો હતો. આથી એ કોનું ધડ છે તે ઓળખવું અઘરું હતું.

સહુ વિચારમાં પડ્યા. વિશળ વાઘેલાને કંઈ સમજ ન પડી. લાંબા વિચારને અંતે નક્કી કર્યું કે આ માથું ઓધવ મંત્રીનું છે, પણ આ ધડ ચોરના સાથીદારનું લાગે છે. પોતાનો સાથી ઓળખાઈ ન જાય એ માટે એણે એનું માથું કાપી લીધું હશે અને એને ઠેકાણે ઓધવજી મંત્રીનું માથું રાખી દીધું હશે.

દરબાર ભરાયો, વિશળ વાઘેલાની વાત સહુએ વાગોળી. ને આખરે નક્કી કર્યું કે એ બાહોશ ચોર પોતાના સાથીનું ધડ લેવા આવવો જોઈએ. એના ધડને જરૂર એ અગ્નિસંસ્કાર આપવા આવશે. બસ, એ વખતે એ ચોરને હોશિયારીથી ઝડપી લેવો. આ કામ માટે કાબેલ માણસોની તાબડતોબ નિમણૂક થઈ ગઈ.

વિશળ વાઘેલાએ એ ધડને ધારાનગરીના ચોગાનમાં મુકાવ્યું. એ તરફ કોઈને પણ ફરકવાની મનાઈ કરી. પોતાના સિપાહીઓને ચોકીએ બેસાડ્યા. વધારામાં જણાવ્યું કે ચોર ભારે ચાલાક છે, માટે આંખનું મટકું પણ ન મારશો !

આખો દિવસ એમ ને એમ ગયો. એ બાજુ કોઈ ફરક્યું પણ નહીં. ચોકી કરતા જમાદારોને પણ કંટાળો આવવા લાગ્યો. બધા ધડની નજીક બેસી ગપ્પાં મારવા લાગ્યા.

એક જમાદાર બોલ્યો, "મારા દાદા એવા પહેલવાન હતા કે હાથી પર ચડે ને બેઠાબેઠા જોર કરે તો હાથી જમીન પર બેસી પડે."

બીજા જમાદારે બમણો બણગો ફૂંક્યો. એ બોલ્યો, "બસ, એટલું જ ને. મારા દાદા તો એવા પહેલવાન હતા કે જંગલમાં જઈ સિંહને કાન ઝાલીને પકડી લાવતા. ઘરનું કામકાજ કરાવતા, ગાડે જોડતા ને સાંજે પીઠ પર દંડુકો લગાવી ભગાડી મૂકતા."

એવામાં ત્રીજો જમાદાર બોલી ઊઠ્યો, "ઓહ, એમાં તે વળી શી ધાડ મારી ? મારા દાદા એક વાર જંગલમાં ફરવા ગયા હતા. હાથી અને સિંહને ખૂનખાર લડતા જોઈ એમને ગુસ્સો ચડ્યો. બંનેને પૂંછડીએ પકડીને એવા ફંગોળ્યા કે બાર ગાઉ પર જઈ પડ્યા."

આમ ઠંડા પહોરની વાતો ચાલી રહી હતી. રાત વધુ ને વધુ ઘેરી બનતી હતી. જમાદારોના પેટમાં કકડીને ભૂખ લાગી હતી અને બીજી તરફ આંખો ઊંઘથી ઘેરાવા લાગી હતી.

એવામાં જોયું તો સામેથી એક ગાડું ચાલ્યું આવે. જમાદારો આંખો ચોળીને બરાબર તૈયાર થઈ ગયા. હથિયાર પર હાથ રાખ્યો અને ગાડું નજીક આવતાં હાક મારી,

"ખડે રહો, કિધર સે આતે હો ? કિધર જાતે હો ?"

ગાડાવાળો વાણિયો નીચે ઊતર્યો અને ગર્જ્યો, "શું છે તે ખડે રહો? આજ તો શુકન જ ખરાબ થયા છે. આ ગાડામાં લાકડાં ભરી વેચવા આવ્યો. પણ ખબર નહીં કે ધારામાં બધા રૂપિયાના ત્રણ અડધાવાળા જ રહે છે."

એક જમાદાર બોલ્યો, "એય, જરા જીભ સમાલીને બોલ, નહીં તો જોયા જેવી થશે."

વાણિયાએ ઠાવકાઈથી કહ્યું, "હવે વળી વધારે જોવા જેવી શી થશે? આજે ઘણું થઈ ગયું છે. આ મીઠાઈ લાવેલો તેના પણ પૈસા માથે પડ્યા. માગી ચાર શેર અને આપી બશેર; અને તેય વાસી; દુનિયા ભરોસાલાયક રહી નથી."

તરત વાણિયો મીઠાઈની માટલી લઈને ગાડામાંથી નીચે આવ્યો ને પોતાની વાતની ખાતરી કરાવવા જમાદારોની વચ્ચે માટલી મૂકી.

"તેરી મીઠાઈ વાસી હૈ, પણ અમારી તો એ માસી છે, પેટમાં ગલૂડિયાં બોલે છે !" ને મીઠાઈની સોડમે ભૂખ્યા ડાંસ જમાદારોના મોંમાંથી પાણી છૂટવા લાગ્યું ને હોઠ પર જીભ ફેરવવા લાગ્યા.

વાણિયાએ ધીમે રહીને માટલીના કાંઠલે વીંટાળેલું કપડું છોડ્યું. બધા જમાદાર ઊંચા થઈને જોવા લાગ્યા. એક જમાદારથી રહેવાયું નહીં, તે બોલ્યો,

"ભાઈ, જરા સ્વાદ તો ચખાડો, કેવી મીઠાઈ લાવ્યા છો ?"

વાણિયો ખેસ સરખો કરતાં બોલ્યો, "લો ભાઈ લો. આજે કમાણી તો થઈ નથી, ખોટનું ખાતું ખોલ્યું છે. લાખ ભેગા સવા લાખ. ઘા ભેગો ઘસરકો. લો, તમેય મિજબાની ઉડાવો ! તમારા નસીબની હશે, અહીં તો દાણા-દાણા પર ખુદાએ ખાનારનાં નામ લખ્યાં છે."

વાણિયાએ જેવી મીઠાઈ બહાર કાઢી કે ભૂખ્યા જમાદારો ત્રાટકી પડ્યા. ઝપાટાબંધ મીઠાઈ આરોગવા લાગ્યા. માટલી ખાલીખમ ! ઠંડું પાણી પણ હતું, બધા પી ગયા. થોડી વારમાં જમાદારોની આંખો ઘેરાવા લાગી.

મીઠાઈમાં રહેલા ઘેનની અસર થવા લાગી, અને ટપોટપ જમાદારો આંખો ચોળતા જમીન પર સૂઈ ગયા.

વાણિયો મનોમન હસ્યો. આ વાણિયો તે બીજો કોઈ નહીં, પણ વેશપલટો કરીને આવેલો કારાયલનો વીરપુત્ર વીંઝાર હતો. ગાડામાંથી લાકડાં કાઢીને ચિતા રચી, ચિતા પર પોતાના પિતાનું ધડ મૂક્યું અને ચિતા સળગાવી.

ધડ બળી રહે ત્યાં સુધી વીંઝાર ઊભો રહ્યો.

ઉષાના આગમનની તૈયારી થઈ ચૂકી હતી, આથી વીંઝાર પિતાની ચિતાનાં અંતિમ દર્શન કરીને ઝપાટાબંધ ઘર તરફ રવાના થયો.

વિશળદેવ ચોરના વિચારમાં આખી રાત તરફડિયાં મારતો રહ્યો. જેવી સવાર પડી કે તરત જ તપાસ કરાવી. તપાસ કરતાં ખબર પડી કે પેલા ધડને તો અગ્નિસંસ્કાર અપાઈ ગયા છે અને ચોકીદારો હજી ત્યાં લાંબા થઈને ઘસઘસાટ ઊંઘે છે !

આ જાણી વિશળ વાઘેલાને ખૂબ ગુસ્સો ચડ્યો. જમાદારોને ઘેનમાંથી ઉઠાડ્યા. ચાંદખા ચમકીને બેઠા થયા. માનભા ભમ લઈને ખડા થઈ ગયા. તખુભા તલવાર તાણીને હોંકારા દેવા લાગ્યા, પણ હવે શું થાય ? સહુને ખબર પડી કે કોઈ એમને બનાવી ગયો ! વીલા મોંએ એ બધા વિશળ વાઘેલા પાસે આવ્યા.

ક્રોધાયમાન વિશળે તમામ જમાદારોને પાણીચું આપી દીધું.

વિશળ વિચારમાં પડ્યો. ચોર એને કેવી થાપ આપીને ચાલ્યો ગયો! સિપાઈઓની બેદરકારીને લીધે એ પેલા ધડને અગ્નિસંસ્કાર પણ આપી ગયો. એણે વિચાર કર્યો કે હવે ચોરને પકડવાનું કામ બીજાને સોંપવું નથી. આજે રાતે જાતે જ ચોરને પકડવા ધારાનગરીમાં નીકળવાનો વિચાર કર્યો. આ માટે તમામ ચોકિયાતોને સાબદા કરી દીધા.

આ બાજુ વીંઝાર એના બાપની પેઠે પ્રજામાં ઘણો પ્રિય થઈ ગયો હતો. કેટલાય દુકાળિયાઓને એણે મોતના મુખમાંથી બચાવ્યા હતા. આથી એને પ્રજાના જ માણસો રાજા વિશળની યોજનાની રજેરજ માહિતી આપી જતા.

વીંઝારને ખબર પડી કે આજે રાજા જાતે પોતાને પકડવા નીકળવાનો છે, ત્યારે એને આનંદ થયો. વિચાર્યું કે રાજા જેવા રાજાને કંઈ ચમત્કાર દેખાડું તો મારું નામ વીંઝાર સાચું કહેવાય.

રાત ઢળવા લાગી. ધારાનગરી પર અંધકારના ઓળા ઊતરવા લાગ્યા. નગરજનો તો સૂઈ ગયા હતા, પણ ચોકીદારો આજે ખુદ વિશળ વાઘેલો નીકળવાનો હોવાથી સાબદા થઈને ખડા હતા.

વીંઝારે એની યોજના વિચારી લીધી. વીંઝાર એવો તો વેશપલટો કરી શકતો કે એનો પડોશી પણ એને પારખી શકતો નહીં. વીંઝારે એક ધનાઢ્ય શેઠનો વેશ પહેર્યો, માથે મોટી પાઘડી. ધોળાં દૂધ જેવાં વસ્ત્રો ને કપાળમાં તિલક.

શહેરની બહાર આવેલા એક તળાવ પાસે રાજાના આવવાના રસ્તા સામે જઈને બેઠો. રાજાના ઘોડાના ડાબલાનો અવાજ ક્યારે સંભળાયે તેની રાહ જોવા લાગ્યો.

મધ્યરાત્રી થઈ. સરવા કાન કરીને બેઠેલા વીંઝારને ઘોડાના ડાબલા સંભળાયા. એને ખાતરી થઈ કે નક્કી રાજા એકલો આવે છે. તરત જ વીંઝારે પોકેપોક મૂકીને રડવાનું શરૂ કર્યું અને વચ્ચે બોલવા માંડ્યું,

'ઓ બાપલિયા રે... હવે મારું શું થશે ? આખી જિંદગી મજૂરી કરીને મેળવેલું જતું રહ્યું, રે..હાય, હાય, હું બાવો બની ગયો.'

આવો અવાજ સાંભળી વિશળ વાઘેલો ચોંકી ઊઠ્યો. એણે ચારે તરફ નજર ફેરવી, તો તળાવની પાળે એક શાહુકાર જેવો માણસ જોરજોરથી છાતીફાટ રુદન કરી રહ્યો હતો.

વિશળ વાઘેલો તરત એની પાસે ગયો અને એને સાંત્વન આપ્યું. શાહુકાર બનેલા વીંઝારે ખૂબ ગદ્ગદિત અવાજે કહ્યું કે, 'ચોર મારું બધું જ લૂંટી ગયો. તમને આવતા જોઈને હજી હમણાં જ તળાવમાં પડ્યો. જુઓ, પેલો જાય...પેલો જાય.' આમ કહી વીંઝારે આંગળી તળાવની વચ્ચે એક જગ્યાએ ચીંધી ને વિશળને તે જગ્યાએ કશું તરતું દેખાયું.

વિશળ વાઘેલાને થયું કે નક્કી આ ચોર એ પેલો ચતુર માનવી જ



**ધનાઢ્ય શેઠના વેશમાં છાતીફાટ રૂદન કરતો વીંઝાર**

હશે. આજે હાથ કરવાનો ઠીક લાગ મળ્યો છે. ચાલ આજે કેટલી વીસુએ સો થાય, એ એને આ વિશળ એકલે હાથે બતાવશે !

વિશળ વાઘેલાએ પોતાનો પોશાક અને ઘોડો શાહુકારને સાચવવા આપ્યાં અને ધીરજ આપતાં બોલ્યો,

'વિશળ વાઘેલાના રાજમાં મૂંઝાવાનું હોય નહીં. પળવારમાં એ ચોર તારા ધન સાથે જીવતો લાવી દઉં છું. અહીં જ ઊભો રહેજે.'

મોઢામાં તલવાર રાખીને વિશળ વાઘેલો તળાવમાં પડ્યો. ઝડપથી પાણી કાપતો અંધારામાં પેલું માનવી જેવું કંઈ દેખાતું હતું તે તરફ જવા લાગ્યો.

આ બાજુ વીંઝારે ઝડપથી રાજવીનો વેશ ધારણ કર્યો અને ઘોડા પર સવાર થઈને ચાલી નીકળ્યો. રાજવી હોય એવા દોરદમામથી

શહેરના દરવાજામાં પ્રવેશ કર્યો. તરત જ એ પોતાના પિતાની ચિતા સળગાવેલી એ સ્થળે ગયો. જેમ-જેમ એ આગળ વધે તેમ-તેમ સહુ એને વિશળ વાઘેલો માનીને નમન કરે.

કારાયલની ચિતા પાસે જઈને ફૂલ (હાડકાં) લીધાં. રાજાને પૂછે કોણ ? સહુને થયું કે રાજા જરૂર ચોરને પકડવા કોઈ નવો જબરો દાવ અજમાવતા લાગે છે. વળી પોતે રાજા આવ્યો તે સમયે બરાબર સાબદા હતા તે જાણીને મનમાં ફુલાવા લાગ્યા. રાજાને વધુ ને વધુ લળીને નમવા લાગ્યા.

રાજા થોડી વારમાં ચાલ્યો ગયો. સિપાઈઓ રાજાના ગયા પછી વિચારવા લાગ્યા કે નક્કી રાજાએ પોતાની તરફ જોયું હતું અને હવે તે આવતીકાલે પોતાને બઢતી આપશે ! આમ વિચારતાં સહુ મૂછ આમળતા હતા.

વિશળ વાઘેલાના વેશમાં રહેલો વીંઝાર દરવાજા પાસે આવ્યો. મુખ્ય દરવાનને અને બીજા ચોકીદારોને બોલાવ્યા અને કહ્યું, કે 'આજની રાત તમે એક મટકું પણ મારશો નહીં. પેલો ચોર મારું નામ લઈને દરવાજો ખોલવા તમને વિનંતી કરશે. તમને ખોટી રીતે છેતરવા પ્રયત્ન કરશે. તમને મોટી-મોટી લાલચ આપશે. પણ જો કોઈએ ભૂલ કરીને દરવાજો ખોલ્યો તો ધારજો કે તમારામાંથી એકેનું માથું સવારે ધડ પર સલામત નહીં રહે. તમારું કામ બરાબર હશે તો કાલે તમને જરૂર બઢતી મળશે.'

આટલું કહી વિશળ વાઘેલાના વેશમાં રહેલો વીંઝાર પોતાના રહેઠાણ તરફ ચાલી નીકળ્યો. વેશ અને ઘોડાને ઘરમાં રાખ્યા અને નિરાંતે સૂતો.

તળાવમાં પડેલો વિશળ વાઘેલો ઝપાટાબંધ તરતો પેલા ચોરની નજીક પહોંચ્યો. એણે તલવાર ઉગામી અને જોરથી ઘા કર્યો.

ઘડામ કરતો અવાજ થયો અને અંધારામાં વિશળ વાઘેલાની પાસે અડધું તૂટેલું માટલું તરતું-તરતું આવીને અથડાયું. વિશળે પોતાની આજુબાજુ ઠીબડાં તરતાં જોયાં. એ એકદમ ઝંખવાણો પડી ગયો. કાપો તોય લોહી ન નીકળે એવી એની સ્થિતિ થઈ. એને થયું કે નક્કી પેલો માણસ પોતાને

બનાવી ગયો છે.

વિશળ ઝપાટાબંધ તરતો તળાવને કિનારે આવ્યો. એનો ઘોડો, એનો વેશ અને એ શાહુકાર ત્રણે ગાયબ ! વિશળને થયું કે પેલો શાહુકાર એ નક્કી રાજનો અત્યાર સુધી બનાવી જનાર ચોર જ હોવો જોઈએ. પળવારમાં ચોરને લાવીને હાજર કરું છું એવી વાત કરી હતી એ ખોટી ડંફાસ ઠરી.

વિલા મોંએ વિશળ વાઘેલો શહેરના દરવાજા પાસે આવ્યો. આવીને જોયું તો દરવાજો બંધ હતો.

વિશળે જોરથી બૂમ મારી, 'અરે કોઈ છે કે ? દરવાજો ખોલો.'

અંદરથી જવાબ આપ્યો, 'દરવાજો ખોલવાની મનાઈ છે. સવારે આવજો.'

બીજો અવાજ આવ્યો, 'દરવાજો ખૂલે ખરો, પણ તમારું નામ કહો તો ?'

વિશળે જોરથી ગુસ્સે થઈ કહ્યું, 'મને નથી ઓળખતા ? હું વિશળ વાઘેલો.'

અંદર રહેલા મુખ્ય દરવાન અને ચોકીદારો ખડખડાટ હસી પડ્યા. એમને થયું કે પોતાને રાજા જે વાત કરી ગયા તે સાવ સાચી પડી !

એક ચોકીદાર બોલ્યો, 'બરાબર, બરાબર, ચોર થઈને જાતને વિશળ વાઘેલામાં ખપાવો છો ?'

વિશળ વધુ ક્રોધે ભરાઈને બોલ્યો, 'ચૂપ રહે, દરવાજો ખોલ, નહીં તો માથું ધડ પર નહીં રહે.'

એક ટીખળી ચોકીદાર કહે, 'ભાઈ, દરવાજો ખોલીએ તો અમારું માથું સલામત નથી, સમજ્યો ને !'

વિશળે ઘણી વાતો કરી. વિગતો આવી. આખરે કંઈ ન વળતાં લાલચ આપી, 'જલદી દરવાજો ખોલો. તળાવમાં પડેલો હોવાથી આ ઠંડીમાં રહેવાતું નથી. તમને બઢતી આપીશ.'

અંદર રહેલા ચોકીદારો ફરીથી ખડખડાટ હસી પડ્યા, પણ દરવાજો

ઉઘાડે કોણ ?

વિશળ વાઘેલાને બાકીની રાત કડકડતી ઠંડીમાં બહાર ગાળવી પડી. સવારે શહેરનો દરવાજો ખૂલતાં ગૂપચૂપ મહેલમાં જતો રહ્યો.

બીજે દિવસે વિશળ વાઘેલાએ કચેરીમાં જાહેર કર્યું કે પેલા ચોરને પકડવાના તમામ ઇલાજ નાકામયાબ નીવડ્યા છે. હવે એ જાતે હાજર થશે તો એ જે માગશે તે આપીશ.

કારાયલનો વીરપુત્ર વીંઝાર કચેરીમાં હાજર થયો અને બોલ્યો, ‘રાજવી, આપ જેની શોધ કરો છો એ ચોર, ઠગ કે વીર - જે કહો તે આપની સમક્ષ ખડો છે.’

વિશળ વાઘેલો અને આખી કચેરી આ વીર યુવાન પર વારી ગઈ.

વીંઝારને વિશળ વાઘેલાએ અડધું રાજ્ય આપવા માંડ્યું, પણ વીંઝારે એનો અસ્વીકાર કરતાં નમ્રતાથી કહ્યું, ‘રાજવી, મેં રાજ મેળવવા આ બધું કર્યું નથી. મારા બાપ કારાયલ સતને જાળવવા જુદ્ધે ચડ્યા હતા. મારી જનેતાએ મને, જેમની કોઈ જનેતા નથી એવી ભૂખી ને દુઃખી જનતાને માટે આવાં સાહસો કરવાની પ્રેરણા આપી છે. રાજાએ ધન એકઠું કરવાને બદલે ધન વહેંચવાનું છે. પ્રજાની પીડા એ રાજાની પીડા છે. માટે મારે એટલું જ માગવું છે કે રાજા તમે જનેતા બનીને જનતાને જાળવજો.’

વીંઝારને પોતાના દાદા નારાયણ સમાને તરત મળવા જવાનું હતું. એણે વિશળ વાઘેલાની રજા માંગી. વીંઝાર એની માતા કપુરી સંઘાર સાથે પોતાના દાદાને મળવા કારી કચ્છી આવી પહોંચ્યો. પુત્ર અને પૌત્રનાં પરાક્રમોની વાત સાંભળી નારાયણ સમાની છાતી ગજગજ ફૂલી. એણે પોતાના પૌત્ર વીર વીંઝારનો કારી કચ્છીની ગાદી પર રાજ્યાભિષેક કર્યો.

કચ્છની ભૂમિ પર કારાયલ, કપૂરી અને વીંઝારનાં નામો અમર અક્ષરે લખાઈ ગયાં.

❖

## ૮

# ત્યાગની ત્રણ મૂર્તિઓ

કચ્છના પંથકમાં હાહાકાર મચી ગયો.

કચ્છવાસીઓ તમામ કાળો કકળાટ કરી રહ્યાં.

અરે ! આવો તે દગોફટકો હોય ? આવો તે વિશ્વાસઘાત હોય?

વાત એવી બની હતી કે જામ રાવળે દગાથી જામ હમીરજીનું ખૂન કર્યું હતું. ખૂન તો થયું, રજપૂતને મોતનો ભય નથી હોતો; પણ આ તો ભરોંસો આપીને ભીંત પાડી.

માતા આશાપુરી જાડેજાનાં કુળદેવી. એમની સામે જામ રાવળે છાતી પર હાથ મૂકી પ્રતિજ્ઞા લીધી કે જામ હમીરજી મળવા આવશે, તો એને ઊની આંચ નહીં આવવા દઉં. એને આંચ આવે તો આ જીવના સોગન.

આ પ્રતિજ્ઞા લેનાર જામ રાવળે જામ હમીરજીનું ખૂન કર્યું !

જામ રાવળે પ્રતિજ્ઞા લેતી વખતે ભેટમાં ચકલી રાખી હતી. છાતી પર હાથ મૂકવાને બદલે એણે પેલી ચકલી પર હાથ મૂકી કહ્યું હતું કે આ જીવના સોગન.

આમ જીવના સોગન એટલે પેલી ચકલીના સોગન ! જામ હમીરજીનું ખૂન થયું એટલે એના સાથીઓ પર જામ રાવળની સેના પર તૂટી પડ્યા. જામ રાવળનો હુકમ હતો કે જામ હમીરજીનો એક માણસ શું, નાનું બાળ પણ ન બચવું જોઈએ.

આ વખતે હમીરજીનો એક સેવક છચ્છર બુટ્ટો સાચો સ્વામિભક્ત હતો. આ વખતે એ એમની સાથે હતો.

નિમકહલાલ છચ્છરે જોયું કે કોઈ પણ ભોગે આ ખૂનખરાબામાંથી છટકવું જોઈએ અને પોતાના માલિકના બાળકને બચાવવો જોઈએ.

બાળક બચશે, તો ભવિષ્યમાં રાજને રાજા મળશે. એ ચોતરફ તલવાર વીંઝતો માર્ગ કરવા લાગ્યો. તક મળતાં જ એ ચાલતી લડાઈએ છટકી ગયો. છચ્છર મચ્છર બની અલોપ થઈ ગયો.

છચ્છર પોતાના રાજમાં પાછો આવ્યો. એને થયું કે મારે કોઈ પણ રીતે રાજકુંવરોને બચાવવા જોઈએ. જો એમને બચાવી શકીશ નહીં, તો મારા માલિકના વંશનો નાશ થશે. એટલું જ નહીં પછી મારા વહાલા વતનનું શું થશે ? રાજકુંવરો એમની માસીને ઘેર હતા.

છચ્છર બુટ્ટો ગામમાં આવી, તરત જ રાજકુમારોની માસીના ઘર ભણી દોડ્યો. આ પહેલાં જામ રાવળના માણસો અહીં પહોંચી ગયા હતા. તેઓ ચારે બાજુ ચાંપતી નજર રાખતા હતા. રખે ! કોઈ ઘરમાંથી છટકી જાય નહીં !

જામ હમીરજીને બે દીકરા.

એક અગિયાર વર્ષનો ખેંગારજી.

બીજો નવ વર્ષનો સાહેબજી.

આ બંનેને લઈ છચ્છર છૂપે રસ્તેથી બહાર નીકળી ગયો.

છચ્છર નાઠો. જંગલમાં આવીને ઊભો રહ્યો. બે રાજકુમારો અને ત્રીજો પોતે. એમ ત્રણે જણાએ વેશ બદલ્યા. જામ રાવળના માણસોને થાપ પર થાપ આપી, આંખમાં ધૂળ નાખી નાસી છૂટ્યા, પણ હજી માથે ભય તો ઝઝૂમતો જ હતો.

જામ રાવળના કેટલાક સિપાઈઓ છચ્છરનું પગલે પગલું દબાવતા પીછો કરી રહ્યા હતા. ઠેરઠેર ચોકી ગોઠવાઈ ગઈ હતી, અંગત માણસોને છૂપા વેશે રાજકુંવરોની તલાશી માટે રવાના કર્યા હતા. જામ હમીરજીનો વંશ તો શું, પણ એના ઘરનું ચકલું મળે, તોપણ કતલ કરી નાખવાનો હુકમ હતો.

છચ્છરને માટે દિવસો ભયંકર હતા. રાત્રીઓ એથી પણ વધુ

ભયંકર હતી.

જામ રાવળે લાલચ આપીને જામ હમીરજીના કેટલાક માણસોને ફોડી નાખ્યા હતા. આથી સગા ભાઈનો પણ વિશ્વાસ રાખી શકાય એવું રહ્યું ન હતું.

બહાદુર છચ્છર આ લાખેણી મૂડી સાથે દુશ્મનોથી લપાતો-છુપાતો આગળ ચાલ્યો.

સ્વામીભક્તિની બાજી પર આજે એણે જીવની હોડ લગાવી હતી.

થોડે દૂર જઈને ત્રણે જણાએ ભિખારીનો પોશાક પહેર્યો. ભીખ માગતા હોય એમ હાથમાં રામપાતર લઈ, ભીખ માગતા રસ્તો કાપવા લાગ્યા.

સાપર નામના ગામમાં આવ્યા, પણ દુશ્મનો પાછળ જ હતા. તેઓની સાથે જામ રાવળના માણસો પણ ગામમાં આવી પહોંચ્યા. છચ્છરની સ્થિતિ કપરી હતી. એ રાજકુમારો સાથે ગામમાં ઘેરાઈ ગયો.

પણ છચ્છર વીરબંકો એમ હાર માની જાય એવો ન હતો. એણે બંને કુંવરોને ઘાસની ગંજીમાં સંતાડી દીધા.

ભિયાં કકલ નામનો એક ચોકીદાર ત્યાં રહેતો હતો. એ એક વફાદાર માણસ હતો. એને ચોકી કરવા કહ્યું. સહુ પૈસા પાસે મદારીનાં માંકડાં બની ગયાં હતાં, ત્યારે એ એકલિયો સાવજ બનીને ખડો રહ્યો. જાનના ભોગે પણ આ રાજવંશી બાળકોનું જતન કરવા એણે પ્રતિજ્ઞા કરી.

અને છચ્છર દુશ્મનને થાપ આપવા પોતે એક ઊંટ પર બેસીને આડે રસ્તે ભાગ્યો. એની ધારણા હતી કે લશ્કર એનો પીછો કરશે અને એ રીતે કુંવરોના પ્રાણ બચી જશે.

જામ રાવળ ભારે કુનેહબાજ આદમી હતો. એણે ઊંટના પગના સગડ જોયા. એ જોઈને તરત કહ્યું,

'ઊંટના પગના સગડ પરથી જણાય છે કે ઊંટ પર એક જ માણસ બેઠો છે. એના પર ત્રણ માણસનો બોજ નથી. આપણા ગુનેગાર આ

ગામમાં જ સંતાયા છે.'

તરત આજુબાજુ તપાસ શરૂ થઈ.

જામ રાવળે ચોકીદાર ભિયાં કકલને બોલાવ્યો અને કહ્યું, 'ભિયાં, બંને કુંવરો અહીંયાં છે. માટે એને હાજર કર. અને મોં માગ્યું ઇનામ લઈ લે.'

'મહારાજ, અહીં રાજકુંવરો આવ્યા જ નથી. મને કશી જ ખબર નથી.' ભિયાંએ કહ્યું.

જામ રાવળે એને ડરાવતાં કહ્યું, 'કેમ, જૂઠું બોલે છે ? જો રાજકુમારોને બતાવીશ તો તારું દળદર ફીટી જાય એટલું ધન આપીશ. નહીં તો મને ઓળખે છે ને ?'

ભિયાં જરા પણ ડર્યો નહીં કે એકનો બે થયો નહીં. એણે કહ્યું, 'મહારાજ, હું સાચું જ કહું છું.'

'એમ, ત્યારે હવે તું નહીં માને ?' એમ કહીને જામ રાવળે ભિયાં કકલના ઘરની તલાશી લેવા હુકમ કર્યો.

ભિયાં કકલની પત્ની અને એનાં છ છોકરાંઓને સિપાઈઓએ બહાર લાવીને જામ રાવળ સામે ખડાં કર્યાં.

જામ રાવળે કહ્યું, 'બોલ, આમાં કયા બે છોકરાં હમીરજીનાં છે ?'

'મહારાજ, આપ જ જુઓને ! આ કેવા ગરીબ છોકરા છે. કચ્છનો રાજધણી આમાં હોય તો કંઈ છૂપો રહે ખરો ?'

'એમ ત્યારે હવે તું સીધી રીતે નહીં માને.' જામ રાવળે તલવાર પર હાથ મૂકતાં કહ્યું અને તરત ભિયાંના છોકરાઓની કતલ કરવાનો સિપાઈઓને હુકમ આપ્યો.

ભિયાં કકલ કંઈ બોલ્યો નહીં. જામ રાવળ સ્વાર્થમાં દીવાનો અને વેરમાં પાગલ થયો હતો. એણે ભિયાં કકલના છયે છોકરાઓનાં માથાં એક પછી એક વધેરી નાખ્યાં.

સામે ભિયાં કકલની પત્ની ઊભી હતી. એણે એક પછી એક પોતાના દીકરાઓને વધેરાતાં જોયાં, પણ જરાય ઢીલી ન પડી.



**ઘાસની ગંજીમાં ભાલો ખોસતા જામરાવળના સૈનિકો**

આવે સમયે કોઈ સૈનિકે ઘાસની ગંજીમાં ભાલો ખોસ્યો. આ ભાલો અંદર છુપાયેલા રાજકુમાર ખેંગારજીના હાથમાંથી આરપાર નીકળી ગયો પણ ખેંગારજીએ ઊંહકારો પણ ન કર્યો.

હળવેથી પોતાના કપડાં વતી એ ભાલાને લૂછી બહાર જવા દીધો.

જામ રાવળ નાસીપાસ થઈ વધુ શોધ કરવા આગળ વધ્યો.

છચ્છર છુપાતો-છુપાતો પાછો સાપર ગામમાં આવ્યો. એણે ભિયાંની નિમકહલાલી જોઈ. એની આંખમાં આંસુ આવ્યાં ! ભિયાં ! ધન્ય તને અને તારી પત્નીને ! ધન્ય તમારી જનનીને ! મરદ હજો તો આવા હજો!

છચ્છર રાજકુંવરોને લઈ આગળ વધ્યો. કચ્છનું નાનું રણ ઓળંગ્યું. સાત ઊંડી નાળો પસાર કરી. આખરે કચ્છની સરહદ નજીક આવેલા ધ્રાંગધ્રા રાજના ચરાવડા ગામે આવ્યો. છચ્છર થાક્યો-પાક્યો તળાવને કાંઠે બેઠો. બંને બાળ રાજકુમારો પણ પાસે બેઠા.

બરાબર એ જ વખતે આ તળાવ પાસેથી એક જૈન સાધુ પસાર થયા. એમની નજર ભિખારીના વેશમાં રહેલા બે રાજકુમારો પર પડી. એ રાજવંશી તેજને સાધુ પારખી ગયા. એકીટસે આ કુંવરોને જોવા લાગ્યા ને જોતાં-જોતાં કિસ્મતની બલિહારી જોઈ માથું ડોલાવી રહ્યા.

આ જોઈને છચ્છરને વહેમ ગયો. કદાચ સાધુના વેશમાં કોઈ શેતાન તો નહીં હોય ને ! કદાચ જામ રાવળનો કોઈ છૂપો જાસૂસ તો ન હોય !

છચ્છરે તલવાર કાઢી. એ સાધુ પાસે આવ્યો અને બોલ્યો, 'અલ્યા મૂંડિયા! આ છોકરાઓને ધારીધારીને શા માટે જોઈ રહ્યો છે ? સાચું બોલ, તું કોણ છે? નહીં તો માની લેજે કે આ તલવાર તારી સગી નહીં થાય.'

સાધુએ કહ્યું, 'હું જતિ છું. મારું નામ માણેક મેરજી. આ તો વિહાર કરતાં આ બે છોકરાને જોયા, તે ઊભો રહ્યો.'

'પણ એમાં જોવા જેવું શું છે ?' છચ્છરે કહ્યું.

જતિ માણેક મેરજી દૃઢ આત્મવિશ્વાસ અને નીડરતાથી બોલ્યા, 'આ છોકરાઓએ ભલે ભિખારીનાં કપડાં પહેર્યાં હોય, પણ છે રાજવંશી. વાદળ છવાઈ જાય તો પણ ચંદ્ર કંઈ છૂપો રહે ખરો ! આ છોકરાઓ ટૂંક સમયમાં જ રાજ મેળવશે.'

છચ્છર તો સાધુની વાણી સાંભળીને એમનાં ચરણમાં નમી પડ્યો. એણે કહ્યું, 'અમારા માથે દુઃખનાં ઝાડ ઊગ્યાં છે. દુશ્મનના ભયથી રાતે પણ પગ વાળીને બેસી શકાતું નથી. અમને એક રાત વિશ્રામ કરવા કોઈ સ્થળ આપો.'

જતિજીએ પોતાની સાથે આવવા કહ્યું. ત્રણેને પોતાની પોષાલમાં લઈ ગયા, ત્યાં રાત રહેવાની વ્યવસ્થા કરી આપી. બીજે દિવસે સવારે છચ્છર અને બે રાજકુંવરો જવા તૈયાર થયા. જતિજી પાસે વિદાય લેવા ગયા. ત્રણે જતિજીના પગમાં પડ્યા.

જતિજીએ તેમને ઉઠાડતાં કહ્યું, ‘ભાઈ ઊઠો, મારા આશીર્વાદ છે કે આ બંને બાળકો બહાદુર થશે. તેઓ પોતાનું રાજ્ય પાછું મેળવશે.’

આમ કહી જતિજીએ એક સાંગ ખેંગારજીના હાથમાં આપીને કહ્યું, ‘અહીંથી તમે અમદાવાદના દરબારમાં જાઓ, ત્યાં તમારી ઉન્નતિ થશે. અને આ સાંગ હંમેશાં સાથે રાખજો. એ તમારી ઉન્નતિમાં મદદરૂપ બનશે.’

છચ્છર બંને રાજકુમારોને લઈને અમદાવાદ આવ્યો.

આ વખતે અમદાવાદમાં સુલતાન મહમદ બેગડો રાજ કરતો હતો. બેગડો બહાદુર પુરુષને પારખનારો આદમી હતો. એણે આ બે જુવાનોનું તેજ જોઈ દરબારમાં નોકરીએ રાખ્યા.

એક વાર સૌ શિકારે ગયા હતા. સુલતાન મહમદ બેગડાએ એક સિંહને જોયો. એણે સિંહ પર તીર છોડ્યું, પણ એ તીર સિંહના પગ પર વાગ્યું. સિંહ છંછેડાયો. એણે સુલતાન મહમદ પર તરાપ મારી. સૌ ગભરાઈ ગયા. બધાને થયું કે હવે સુલતાનના રામ રમી જશે.

આ વખતે ખેંગારજી પાસે પેલી સાંગ હતી. સાંગ લઈને ખેંગારજી કૂદ્યો. સિંહ જેવો છલાંગ મારીને સુલતાન પર પડે એ પહેલાં સાંગ સિંહના શરીરમાં પરોવી દીધી.

બેગડાએ આ બહાદુર જુવાનની ભરદરબારમાં કદર કરી. એણે કહ્યું, ‘માગ, માગ, માગે તે આપું.’

ખેંગારજીએ કહ્યું, ‘આપ અમને લશ્કર આપો. અમે યુદ્ધ ખેલીને અમારું વતન કચ્છ પાછું મેળવવા માગીએ છીએ.’

સુલતાને લશ્કર આપ્યું, બંને યુવરાજોએ કચ્છ પર ચડાઈ કરીને વિજય મેળવ્યો.

ખેંગારજી કચ્છના રાજા થયા પણ રામના હનુમાન જેવો છચ્છર બુટ્ટો તો એવો ને એવો જ રહ્યો. એને તો સેવા સિવાય કંઈ ખપતું નહોતું.

❖

૯

# એકથી એક સવાયો

રાજસભામાં સિંધના ઉમરકોટના રાજવી ઘોઘા સુમરાનો દૂત હાજર થયો હતો ને અબડાની અણનમગીરીનાં ગીત ગાઈ, ક્ષાત્રવટને ખમ્મા કહી, એણે પોતાનું દર્દીલું નિવેદન રજૂ કર્યું હતું :

'રાજન્ ! ઉમરકોટના રાજવીને આજે ઊંચે આભ, નીચે ધરતી છે. સગો ભાઈ ઊઠીને દિલ્હીપતિ બાદશાહને તેડી લાવ્યો છે. દિલ્હીપતિ જેટલો દીનપરસ્ત છે, એટલો ધનપરસ્ત ને સૌંદર્યપરસ્ત છે. સુમરી સ્ત્રીઓનું સૌંદર્ય તો આપ જાણો છો; નોતરેલા બાદશાહને નોતરમાં એણે ચૂંટેલી એકસોચાળીસ સુમરી સુંદરીઓનો સૌંદર્યભોગ પીરસવાનું નક્કી કર્યું છે ! દુશ્મનાઈની બન્ને આંખો બંધ હોય છે. રાજા ઘોઘા તો રણે ચડ્યા છે. બળિયા સાથે બાથ છે. રજા-કજા થાય તો સુમરીઓને આપનું શરણ મળવાનું વચન માગે છે !'

દૂતે પોતાનું દાસ્તાન ખતમ કર્યું, ને અબડો રાજા ગજભર છાતી ફુલાવીને ગર્જ્યો :

'મારે મન જુલમ અને જખમ સરખા છે. તેમાંય જખમ સહેવા સહેલા છે, પણ અબડો જુલમ જોઈ શકતો નથી, સાંભળી શકતો નથી ! જુલમ મિટાવવા એ મેદાને પડે છે. જુલમ મિટાવી ન શકાય તો એ પોતે પોતાની જાતને મિટાવી દેવા તૈયાર છે. જાઓ, એકસોચાળીસ સુંદરીઓને મારું શરણ છે, ક્ષત્રિયનું રક્ષાબંધન છે. આશ્રિતની કોમ એક જ હોય છે.'

'હે નેકીલા નરેશ ! એ મૃગાક્ષી સુમરીઓના પતિ મેદાને મર્યા છે.

એ સુવર્ણરસી સુંદરીઓનાં ઘરબાર લૂંટાઈ ગયાં છે. વિલાપ કરતી એ સુમરીઓની કેડે ધાવણાં બાળક છે ! ભૂખી-તરસી સુંદરીઓ શું પીએ, શું પિવરાવે ! છતાં બાદલછાયા ચાંદ જેવું એમનું રૂપ ભલભલા યોગીને ચળાવી દે તેવું છે.' દૂતે આગળ કહ્યું.

'દૂત ! વધુ વાત ન કર. ધર્મ ગમે તે હોય, કુળ ગમે તે હોય, દેશ કે પ્રાંત ગમે તે હોય, પણ ગાય, સ્ત્રી, જતિ ને જાચક ક્ષત્રિયને મન પોતાનાં છે, પ્રાણના ભોગે રક્ષવાજોગ છે. જાઓ, લઈ આવો, એ મારી ધર્મની બહેનોને !' અબડા રાજવીએ કહ્યું.

કચ્છના નિરભ્ર આકાશમાં જોતજોતામાં વાદળીઓ ચડી આવી. ગર્જનાના ઢોલ પિટાવા લાગ્યા. વીજળીઓ પટાબાજી રમવા લાગી. સુમરી સુંદરીઓને હાથ કરવા ખીલજી બાદશાહની સેનાનાં પૂર ઊમટ્યાં. નીરસ થતા જીવનમાં આજ અબડા રાજવીને નવો રસ ઘૂંટાતો લાગ્યો.

દૂત સિંધ પાછો ફર્યો. બીજે દિવસે સમાચાર આવ્યા કે ઉમરકોટનો રાજવી ઘોઘો સામી છાતીએ લડતાં માર્યો ગયો ને એના માથાનો રણદડો બનાવી ખીલજી બાદશાહ લાત મારવા જતો હતો, ત્યાં તેના ખૂટલ ભાઈનો આતમરામ જાગ્યો. એણે પણ સામી છાતીએ લડી પ્રાણાર્પણ કર્યું.

પણ મોડું થયું હતું. સિંધની સત્તા, સૌંદર્ય ને સુવર્ણ નોધારાં બન્યાં હતાં.

ઉમરકોટના અંત:પુરનો ચાકર. નામે ભાગ. ભાગે એકસો ચાળીસ સુંદરીઓના ઝૂમખાને લઈ કચ્છનો કેડો પકડ્યો. એ આખો કેડો સુમરીઓના સૌંદર્યથી પ્રકાશિત ને તેઓનાં સુવર્ણથી આચ્છાદિત બની ગયો; પણ ભારતવર્ષનો ક્ષત્રિય સ્ત્રીઓનો અકારણ બંધુ હતો ! અણહકનું સૌંદર્ય ને સુવર્ણ એને રસ્તાની માટી બરાબર હતું. કોઈની કમજોરીનો લાભ લેવો એને મોટા ભાગના એ હિંદુ મહારથીઓ કાયરતા લેખતા.

સિંધનું અનાશ્રિત સૌંદર્યવૃંદ કચ્છના કાંઠે નોતમાં પહોંચ્યું. એના રાજવી ઉઢાર નોતિયારનાં લગ્ન લેવાયેલાં. મીંઢળબંધા એ રાજવીએ પરદેશી પદમણીઓને વચન આપ્યું :

‘શાહી ફોજ કચ્છ આવશે તો મરણ લગી ખાળીશ, દુર્ગ થઈને તમારું રક્ષણ કરીશ, સંસારની બેન-દીકરીઓ આ ભૂમિમાં સુરક્ષિત સમજજો.’

સૌંદર્યવૃંદ આગળ વધ્યું, પણ બાદશાહનું લશ્કર શિકારને હાથવગે કરવા ઝડપી કૂચ કરવા લાગ્યું. એ કચ્છકાંઠે પહોંચ્યું; પણ ત્યાં મીંઢળબંધો ઉઢાર તૈયાર હતો. લેવાદેવા વગર, ફક્ત નીતિધર્મની બાંહ્ય પકડવા ખાતર, એણે પોતાના દેહનો દુર્ગ રચ્યો ને આમ કરતાં પોતાને રજા-કજા થાય તે પહેલાં, અબડા રાજવીને સુંદરીઓને જલદી-જલદી પનાહ આપવા પેગામ આપ્યો !

અબડો રંગમાં હતો. એ ખાધાપીધાનો કે પહેર્યા-ઓઢ્યાનો જીવ નહોતો. પરમાર્થે પ્રાણ કાઢવાના પ્રસંગને એ લગ્નપ્રસંગ કરતાં અધિકો લેખતો. એણે એકસોચાલીસ ઘોડીઓને રવાના કરી. હુકમ કર્યો કે મારગમાં જ્યાં મળે ત્યાંથી સુમરીઓને તરત અહીં લઈ આવો ! ધર્મની મારી બહેનોને મારગમાં દુ:ખ ન પડે તે જોજો !

સુમરીઓ બીકણ સસલીની જેમ ફફડતી હતી. એ ફફડાટમાં—ઓ આવ્યો એબનો લેનારો—ની બીકમાં—મારગમાં બાર સુમરીઓ ગુજરી ગઈ. એકસોઅઠ્ઠાવીસ સુમરીઓ વડસર ગામે ભેગી થઈ.

રોજ દરબાર ભરાવા લાગ્યો. બાદશાહના ભયંકર લશ્કરને ખાળવાના રોજ ઉપાયો શોધાવા લાગ્યા. કેટલાક એવા પણ હતા કે જેઓ માનતા કે અબડો રાજા આ અડબંગપણું શા માટે બતાવે ? સિંધ તો એનું પાડોશી. રાજકાજમાં પાડોશી પહેલો શત્રુ !

જો પોતે બાદશાહ અલ્લાઉદ્દીનની ખાતરબરદાસ્ત કરે તો કોણ જાણે શુંનું શું મળે ! સિંધ સાથે શી સગાઈ ? સુમરીઓ સાથે શો નાતો? ઘોઘો એનો કયો માજણ્યો ભાઈ હતો ! અને માજણ્યા ભાઈએ જ તો ઘોઘાનું નખ્ખોદ કાઢ્યું હતું ! વળી સૌંદર્ય અને સુવર્ણ તો સદા આમ લૂંટાતાં આવ્યાં છે ! તું કોણ છે એને અટકાવનારો ?

પણ આ બધી મનઝરૂખાની વાતો હતી, ને મનના મહેલમાં જ સંઘરી રાખવામાં સાર હતો. અબડા રાજવી પાસે એમાંનો એક હરફ પણ ઉચ્ચારી શકાય એમ ન હતું. એને મન તો દેહ કોડિયું હતો, દીવારૂપ એનાં

નેક-ટેક હતાં ! ધર્મ માટે દેહના ટુકડા કરવા-કરાવવા એ ક્ષત્રિયની માતાએ ક્ષત્રિયને ગળથૂથીમાં પાયું હતું. ધર્મશૌર્ય એ એમનો મુદ્રાલેખ હતો. બીજું શૌર્ય તો કસાઈની કરણી જેવું લાગતું !

આ ધર્મશૌર્યના પ્રતીક જેવો એક મેઘવાળ અબડાની રાજસભામાં હતો. એનું નામ ઓરસો. ઓરસાએ કહ્યું :

'ધર્માવતાર ! હુકમ હોય તો દિલ્હીપતિનું માથું દરબારમાં રજૂ કરું.'

'ઓરસા ! શત્રુને દગાથી હણવો ધર્મવિરુદ્ધ છે, પણ જા, એક વાર આપણો પરચો દે !'

એ રીતે ઓરસો વડસરમાંથી અદૃશ્ય થયો. સિંધી કૂતરાની ખાલ પહેરી બાદશાહના તંબૂમાં દાખલ થઈ ગયો. બાદશાહ નિરાંતે ઘોરતો હતો. ડીંટા પરથી રીંગણું ઉતારી લેવાય એવી ઘડી હતી, પણ પોતાના અણનમ રાજવીની આજ્ઞા યાદ આવી. એણે દિલ્હીપતિનું ખંજર લઈ લીધું ને તે ઠેકાણે પોતાની રાંપી મૂકી દીધી ને લખ્યું :

'બાદશાહ ! તું બે ઘડીનો હતો, પણ અણનમની આજ્ઞા છે, એટલે શું કરું ? હજી સમજીને પાછો વળી જજે !'

સવારે બાદશાહના પેટનું પાણી હાલી ગયું. એણે કહેવરાવ્યું : 'પાછો વળી જાઉં, પણ બે રીતે : કાં તું ઇસ્લામ કબૂલ કર, કાં સુમરીઓ મને સુપરત કર !'

અબડા અણભંગે જવાબ આપ્યો : 'એક પલ્લામાં પ્રતિજ્ઞા ને બીજા પલ્લામાં પ્રાણ લઈને બેઠો છું. આડીઅવળી વાત નહિ.'

દિલ્હીપતિએ લશ્કરને રવાના કર્યું. દુશ્મનનું લશ્કર માર્ગ ન ચૂકી જાય, આડુંઅવળું ફસાઈ જાય નહિ, એ માટે અબડાએ ઊંચી ટેકરી પર કપાસના છોડ તેલમાં બોળી રોશની કરી !

દિલ્હીનું દળ આવી પહોંચ્યું. વડસર ઘેરી લીધું. ફરી વાર કહેણ ગયું, 'એક સુમરી આપી દે; તારી નોક રહેશે. મારું નાક રહેશે.'

અબડાએ કહ્યું : 'ન બને. જેને રક્ષણ આપ્યું એનું ભક્ષણ થાય નહિ.



**સુમરી સુંદરીઓની વિદાય લેતો રાજા અબડો**

દેહ, સત્તા ને વૈભવ નશ્વર છે, શાશ્વત છે ધર્મશૌર્ય !'

અને અબડા રાજવીના ભાઈ સપડાએ પ્રથમ યુદ્ધ આપ્યું; દિલ્હીપતિને મદદ કરનારા અનેક રાજવીઓ હતા, અને અબડાની ભેરમાં એનો પડોશી પણ નહોતો. ગુમાન અને ગફલતે બધા ક્ષત્રિયોને વગર હથિયારે હણી નાખ્યા હતા.

અબડાનો પક્ષ ધીરેધીરે ઢીલો પડવા લાગ્યો. આ વખતે દિલ્હીપતિના એક પ્રબળ સૈયદ સરદારના દિલમાં ખુદા જાગ્યો. વાહ રે અબડા ! તું સાચો અલ્લાનો માણસ ! તું સાચો ઈમાનનો દીપ ! લેવા-દેવા વગર પ્રાણ જોખી આપનાર જવાંમર્દ તને જ જોયો ! તારી ભેર એ જ ધર્મની ભેર !'

સૈયદ સરદારે કહેવરાવ્યું : 'રાજન્ ! તારા પર આફરીન છું. પણ મારી પ્રતિજ્ઞા છે કે ધર્મબંધુ સિવાય કોઈની મદદે જવું નહિ ! સાચો ધર્મ

તો ઇન્સાનિયતનો. તું ઇસ્લામ કબૂલ કર ! મારી બે હજાર તેગ તારી તાકાત બનશે.'

અબડાએ સુમરીઓનાં શીલ ખાતર ઇસ્લામ કબૂલ કર્યો. હિંદુ-મુસ્લિમ યોદ્ધાઓની એકતાથી રણમેદાન ગાજી રહ્યું. સૈયદ સરદારે યુદ્ધની આગેવાની લીધી ને પહેલી કુરબાની પોતાની ધરી દીધી.

અબડો રાજવી સૈયદ સરદારની લાશને ભેટી પડ્યો, ને પોતે કેસરિયો વાઘા સજ્યા. છેલ્લી વાર પોતાની સુમરી બહેનોને મળી લીધું. સુંદરીઓએ કહ્યું :

'અબડા ભાઈ ! તારાં મીઠડાં લેવા અમે સ્વર્ગમાં હાજર હોઈશું. ચિંતા ન કરીશ.'

એ દિવસે અબડાએ કેસરિયાં કર્યાં. સમી સાંજે અતુલ ધર્મશૌર્ય દાખવીને એ મૃત્યુ પામ્યો.

ફાગણની એ રૂપેરી રાત હતી. એકસોઅઠ્ઠાવીસ રૂપવતીની ઝંખના સાથે આવેલા દિલ્હીપતિએ એ રૂપને ત્યાં નિર્જીવ પડેલું જોયું !

દિલ્હીપતિએ કહ્યું : 'ખરો અડબંગ ! મારી સાદી-સીધી શરત ન સ્વીકારી અને આડકતરી રીતે ઇસ્લામ સ્વીકાર્યો ને આખરે સુમરીઓને પણ હાથથી ખોઈ ! ખાધું નહિ અને ખાવા દીધું નહિ. સાવ મૂરખ !'

ભારતવર્ષના ઇતિહાસકારો એ અબડા અડબંગને આજે પણ બિરદાવી રહ્યા છે - જ્યારે અલ્લાઉદ્દીન પણ નથી, સુમરી પણ નથી ને અબડો પણ નથી !

નદીનાં રૂપેરી નીર રોજ એ ખાંભીને પ્રક્ષાલીને પાછાં ફરે છે ત્યારે નશ્વર અને શાશ્વતની ચર્ચા કરતાં માલૂમ પડે છે !

એ નદીકાંઠે વિસામો લેતાં આજકાલનાં નર-નાર અબડા રાજવીની ચર્ચા કરતાં કહે છે કે અબડો અણભંગ કે અડબંગ ? જમાનો જેવો મૂલવે તેવો.

❖

# ૧૦

# રણબંકો રણમલ

જામ રાયધણની વાત આગળ વાંચી ગયા.

એ જામ રાયધણનો મોટો કુંવર દેદો નામોરી કંથકોટની ગાદીએ બેઠો. દેદા નામોરીને સાત દીકરા. સાતમો કુંવર તે રણમલ. ભાગ પાડતાં રણમલને સૌરાષ્ટ્રના વવાણિયા બંદર પાસે આવેલું મૂળા જેવું મોરાણું ગામ મળ્યું.

કુંવર રણમલ પરાક્રમી હતો. એણે બહાદુરીથી મચ્છુકાંઠા તરફનો કેટલોક પ્રદેશ સર કરી લીધો.

કુંવર રણમલ વીર હતો, દાનવીર હતો ને વિદ્યા કળાનો શોખીન હતો. સાથે કવિ અને વિદ્વાન પણ હતો.

એક વાર સાંગણ વાઢેર નામના રજપૂતે પોતાની દીકરી બાદશાહને આપવાનો વિચાર કર્યો. લગ્નની તૈયારીઓ થઈ.

કુંવરી આ લગ્ન ઇચ્છતી નહોતી, પણ આભ સાથે કોણ બાથ ભીડે ? બાદશાહ સામે કોણ થાય ? આખરે એણે રણમલની મદદ માગી.

રણમલ તો તૈયાર જ હતો. આ વખતે એના વફાદાર સામંતે રાજાને ચેતવતાં કહ્યું,

'રાજવી, રહેવા દો ને. બાદસાહ સાથે બાથ ભીડવી કેટલી કપરી છે, એ તો તમે જાણો છો.'

'તો સામંત, શું મારે બાદશાહીથી ડરીને મારી રજપૂતાઈને કલંક લગાડવું ? રજપૂત ખરો સમય આવે અને સમરાંગણે ન ચડે, તો એના

કુળમાં ફેર, એના વંશમાં ફેર ! મારા રાજને સાચવવા મારી ક્ષત્રીવટનું શું મારે દેવાળું કાઢવું ?'

'રાજવી, ખરી વાત કહું. કોઈ સામાન્ય રાજા સાથે વેર બાંધવાનું હોત તો હું તમને આમ ન રોકત. આ તો ખુદ બાદશાહ સાથે બાખડવાની વાત છે. જેને તમે બચાવવા ચાહો છો એ સાંગણ વાઢેરની કુંવરીને એના બાપે જાતે જ બાદશાહને વરાવી છે. જો સગા બાપને એની કશી ખેવના ન હોય તો આપણે શું ?'

'સામંત, સાંગણ વાઢેર રજપૂતાઈ ચૂક્યો, પોતાનો ધર્મ ચૂક્યો એટલે આપણેય એમ કરવું ? સાંભળ, રણમલ જીવશે ત્યાં લગી ધર્મને ખાતર મોટા ચરમબંધીની સાથે પણ ટકરાતાં ડરશે નહીં. જા, કુંવરીની દાસીને કહી દે કે કશી ચિંતા ન કરે. રણમલ શરણાગતને રક્ષણ આપવામાં પાછો પડે તેમ નથી.'

સાંગણ વાઢેરની કુંવરીને આ ખબર મળતાં એના મોં પરથી દુઃખનાં વાદળ દૂર થયાં અને આનંદનો સૂર્ય ઊગી નીકળ્યો.

એના બાપ સાંગણ વાઢેરે બાદશાહી કોપથી ડરીને પોતાની દીકરીને કમને અમદાવાદના બાદશાહને વરાવી હતી. દીકરી બહાદુર હતી, પણ બાપની કાયરતા અને લાચારી સમજતી હતી.

કુંવરીનું આણું અમદાવાદ ભણી ચાલ્યું. એવામાં સામે વીર રણમલે મુકામ નાખ્યો હોવાની ખબર મળતાં રજપૂત કુંવરીએ પોતાને બચાવવા કહેણ મોકલ્યું.

રણમલના રોમેરોમમાં રજપૂતનો ધર્મ વસતો હતો. એને ખબર હતી કે આ કુંવરીને લાવીને બાદશાહ સાથે વેર બાંધવાનું છે. વિશાલ સત્તા અને સૈન્ય ધરાવનાર બાદશાહ જરૂર એને રોળી નાખશે, પણ રણમલ રક્ષા કરવામાં પાછો પડે તેવો ન હતો. પરિણામનો વિચાર કરે એ વણિક. રજપૂત તો માત્ર કર્તવ્યનો જ વિચાર કરે.

રણમલે એક યુક્તિ કરી. એ બાદશાહી રસાલાના સરદાર પાસે ગયો અને કહ્યું,

'ઓહ, આટલા ઓછા માણસો સાથે ક્યાં જાઓ છો ?'

સરદારે કહ્યું, 'સાંગણ વાઢેરની કુંવરીનું આણું અમદાવાદના બાદશાહી જનાનખાના તરફ જાય છે.'

રણમલે હસતાં-હસતાં કહ્યું, 'બરાબર છે, બરાબર છે. નહીં તો આવા નબળા ઘોડા પર તમે ન જ હો.'

રસાલાનો સરદાર ગુસ્સે ભરાયો, 'અલ્યા, આને નબળો ઘોડો કહે છે ? આ કાઠિયાવાડી ઘોડાનું પાણી જોયું નથી લાગતું. તમે કચ્છીઓ તો ઊંટને ઓળખો, ઘોડાને નહીં.'

'સરદાર, ખોટું ન બોલશો. તમને કચ્છી ઘોડાના વેગની ખબર નથી. જાણે પવનપાવડી જોઈ લો. પવનપાવડી !'

'વાહ વા ! તમે કદી સ્વપ્નમાંય કાઠિયાવાડી ઘોડો દોડતો જોયો લાગતો નથી. નહીં તો આવું ન બોલો.'

રણમલ બોલ્યો, 'સરદાર, ઝાઝી લપછપમાં સમજતો નથી. ચાલો, કોનું પાણી ચડે તે દોડ લગાવીને જ માપી જોઈએ.'

સરદારે જોરમાં ને જોરમાં શરત કબૂલ રાખી. રણમલે આણાના મુકામથી ઘણે દૂર ઘોડાની દોડ શરૂ કરવાનું નક્કી કર્યું.

બાદશાહી રસાલાના માણસો તો આણાને મૂકીને ઘોડાદોડ જોવા દૂર ગયા.

રણમલ ઊંચામાં ઊંચી જાતનો કચ્છી ઘોડો લાવ્યો.


સરદાર બાદશાહી થાણાનો તેજદાર કાઠિયાવાડી ઘોડો લાવ્યો.

દૂરના ગામે જઈને પહેલો પાછો આવે એને તે માગે એવા પાંચ પાણીદાર ઘોડા આપવાની શરત થઈ.

દોડની તૈયારી થઈ. બાદશાહી રસાલાના માણસો તો જોરજોરથી પોતાના સરદારની જય પોકારવા લાગ્યા.

બંદૂકના ભડાકા સાથે બંનેના ઘોડા છૂટ્યા. પૂરવેગથી બંને આગળ ધસવા લાગ્યા. બેમાંથી એકે પાછા પડે તેવા ન હતા.

સામેનું ગામ નજીક આવ્યું કે રણમલે પોતાના ઘોડાને ધીરે પાડ્યો.



**સરદાર અને રણમલ ઘોડાદોડમાં ઊતર્યા**

સરદાર તો તરત ગામના પાદરે પહોંચીને જુસ્સામાં ને જુસ્સામાં પાછો વળ્યો. થોડી વારે રણમલ ગામના પાદરે પહોંચ્યો. પણ એણે ઘોડાને પાછો ન વાળ્યો, સીધેસીધો હંકારી ગયો.

બાદશાહી રસાલાના માણસો તો કોણ પહેલો આવે છે એની રાહમાં ઊભા રહ્યા. પોતાના સરદારને પહેલો આવતો જોયો. બધા નાચી ઊઠ્યા અને સરદારનો જય પોકારવા લાગ્યા.

સહુ રણમલની રાહ જોવા લાગ્યા. શરતમાં જીતેલા પાંચ તેજદાર ઘોડા લેવા તલપાપડ થઈ રહ્યા, પણ રણમલ પાછો આવે ક્યાંથી ? આખરે બધા પાછા ફર્યા, આવીને રથમાં જોયું તો બધાનાં મોં કાળાંધબ

થઈ ગયાં. રથમાં કુંવરી કે દાસી ન મળે. સરદારને રણમલની ચાલાકીની ખબર પડી ગઈ. પોતે ઘોડાદોડમાં રહ્યો અને પોતાના માણસો એ જોવામાં તલ્લીન રહ્યા, તેટલામાં નક્કી રણમલના માણસો કુંવરી અને એની દાસીને લઈ ગયા હશે.

ખરેખર બન્યું હતું પણ એવું જ. સામંત અને એના સાથીઓ કુંવરી અને દાસીને રથમાં બેસાડી મોરાણા તરફ લઈ ગયા હતા. વીર રણમલ પણ થોડા વખતમાં મોરાણા આવી પહોંચ્યો.

રણમલને ખ્યાલ હતો કે હવે કઈ ઘડીએ બાદશાહી ફોજ આવે તે કહેવાય નહીં. આથી વધુ સમય મોરાણા રહેવું સલામત લાગ્યું નહિ.

રણમલ, સોઢી રાણી અને ધર્મની બહેન સાંગણ વાઢેરની કુંવરી અને પોતાના સૈન્યની સાથે એ નીકળી પડ્યો. એની ઇચ્છા પોતાના ભાઈઓની મદદ મેળવી બાદશાહી ફોજ આવે ત્યારે ખાંડાના ખેલ ખેલવાની હતી.

રણમલ કંથકોટના માર્ગે જવા સાત શેરડાને માર્ગે પડ્યો.

આ તરફ અમદાવાદનો બાદશાહ સાંગણ વાઢેરની કુંવરીનું આણું આવવાની રાહ જોઈ રહ્યો હતો, પણ સોહામણી કુંવરીને બદલે કાળુંધબ મોં લઈને સરદાર આવ્યો.

સરદારે બધી વાત કહી.

બાદશાહે સરદારને ફિટકાર આપી કાઢી મૂક્યો.

બાદશાહે પોતાના વીર અને પ્રખ્યાત સરદાર ખિલચીખાનને કોઈ પણ રીતે રણમલને પકડવા ફરમાન કર્યું. ખિલચીખાન વિશાળ સૈન્ય સાથે રણમલના નગર મોરાણા આવ્યો, પણ ત્યાં તો એક ચકલુંયે ન મળ્યું.

શાહી સરદાર ખિલચીખાને લશ્કરને ઝડપથી સાત શેરડાને રસ્તે કૂચ-કદમ કરવા હુકમ કર્યો.

રણમલ કચ્છ-અંતરજાર આવ્યો ત્યારે એને ખબર મળી કે વિશાળ શાહી સૈન્ય વાયુવેગે એને ખતમ કરવા ધસી આવે છે. રણમલે આગળ જવાનું માંડી વાળ્યું અને સૈન્યનો સામનો કરવા અંતરજાર પાછો વળ્યો.

અંતરજારનો એકેએક યુવાન રણમલની મદદે આવ્યો. આ વખતે અંતરજારમાં આહીરોની સાત વીસુ જાન આવેલી. આહીરોનો મોટો વિવાહ હતો, પણ જાનની વાત મૂકી રણની વાત થવા લાગી. સહુ કોઈ રણમલની મદદે આવ્યા.

વિશાળ શાહી સૈન્ય સાથે રણમલનું લશ્કર ખૂબ ઝઝૂમ્યું. જોરથી ધસારો કરીને બાદશાહી સૈન્યનો ઘાણ કાઢી નાખ્યો, પણ બાદશાહી સૈન્યના સંખ્યા-બળના હિસાબમાં રણમલનું સૈન્ય કશી વિસાતમાં ન હતું.

રણમલ પર ચારે તરફથી તલવારો વીંઝાતી હતી, છતાં પણ ઘાયલ રણમલે પૂરી તાકાતથી ખિલચીખાન પર કૂદીને તલવારનો ઘા કર્યો. ખિલચીખાનનું મસ્તક ધડ પરથી નીચે દડી પડ્યું.

ઘાયલ રણમલ પણ ત્યાં જ રણમેદાનમાં સૂતો.

આહીરોની સાત વીસું જાનના માણસો પણ લગ્નના માંડવે મહાલવાને બદલે રણના માંડવે મરદાઈના ખેલ ખેલીને પોઢી ગયા.

❖

## ૧૧

# છત્તો મેહાર

પાણીપંથા ઘોડાઓ પૂરઝડપે આગળ ધસી રહ્યા છે. એક પળ થોભવાની ઘોડેસવારોની તૈયારી નથી. ધૂળના ગોટેગોટ ઊડે છે. પાછળ આવનારાઓના દેહ ધૂળથી ભરાઈ ગયા છે. આંખની આજુબાજુ ધૂળના થર બાઝી ગયા છે, પણ પાછળ રહેવાની કોઈની સહેજે પણ ઇચ્છા નથી.

ઇચ્છા માત્ર એટલી જ છે કે વહેલી તકે મેમાતુર નગરમાં પહોંચી જઈએ. અભિમાની અને દુષ્ટ હમીર સુમરાની સાન ઠેકાણે લાવીએ.

પાટવીકુંવર હીંગોરજીનો ઘોડો સૌથી આગળ છે. એ પછી એના છ ભાઈઓ છે. સહુના હાથ સુમરાને સીધો કરવા તલપી રહ્યા છે. સાતેના મનમાં પોતાના પિતા હાલા સમા વિશે એક અફસોસ થયા કરે છે.

સિંધના હમીર સૂમરાએ હાલા સમા પાસે એવી સ્વરૂપવાન પુત્રીનું માગું કર્યું. સૂમરાની વિશાળ સત્તાથી ડરીને હાલા સમાએ કોઈને પૂછ્યા વિના એનો સ્વીકાર કર્યો.

હમીર સુમરાએ લગ્ન માટે ઉતાવળ કરવા માંડી, ત્યારે હાલા સુમાના પુત્રોને પોતાની બહેનના લગ્ન હમીર સુમરા જેવા માનવી સાથે થવાના છે, એની ખબર પડી. લગ્ન લેવાયાં, પણ કોઈ રાજકુમારે એમાં રસ ન લીધો.

હાલા સમાએ દાયજામાં ગાયો, ભેંસો, ઊંટો વગેરેની મોટી-મોટી ઓથો આપી. કેટલાંય દાસદાસીઓ આપ્યાં. વધારામાં પોતાનાં ત્રણ શક્તિશાળી અને બુદ્ધિમાન માણસો પણ આપ્યાં. માઓ જાતિનો જબ્બર

માનો, માંજોઠા જાતિનો છત્તો મેહાર અને મારડો એમ ત્રણ સેવકરત્નો આપ્યા.

હમીર સૂમરો સિંધમાં આવ્યો. પણ હાલા સમાના એકે દીકરાએ પોતાના લગ્નમાં ભાગ લીધો ન હતો, એ વાત એના મનમાં ખટકતી હતી. એણે હાલા સમાને સંદેશો મોકલ્યો કે એમની પુત્રી એકાએક સખત બીમાર પડી છે, માટે પળનોય વિલંબ કર્યા વિના આવી પહોંચો.

હાલા સમા તો સમાચાર મળતાં જ પવનવેગી સાંઢણી પર સવાર થઈને દોડી આવ્યા. પણ આવીને જોયું તો પોતાની પુત્રીને કશું થયું ન હતું. એ તો સાજી-તાજી હતી.

હાલા સમા રાજદરબારમાં ગયા. અહીં હમીર સુમરો તો રાહ જોઈને જ બેઠો હતો કે ક્યારે હાલા સમા આવે અને ક્યારે ભરદરબારમાં એમનું અપમાન કરું.

હાલા સમાને એમના પુત્રો વિશે હમીર સુમરાએ કુવેણ કહ્યાં. દીકરા તો રતન છે, એ વાત બાપ જાણતો હતો અને માનતો હતો. એણે ગુસ્સે થઈને દીકરાઓનો બચાવ કર્યો : પણ હાલાની સ્થિતિ બિલાડીના દરબારમાં ઉંદર જેવી હતી.

હમીર જાણતો હતો કે છંછેડાયેલો કચ્છી વીર કેટલો ખતરનાક હોય છે ! એને છુટ્ટો મૂકવો એટલે પૂરું જાનનું જોખમ. આથી એણે હાલા સમાને કેદ કર્યો.

હાલા સમાની હાલતના ખબર હીંગોરજીને મળ્યા. એ પોતાના ભાઈઓ સાથે મોટી સેના લઈને સિંધના મેમાતુર નગરને ખેદાનમેદાન કરવા નીકળી પડ્યો. બાપના અપમાનનું દીકરાઓને વેર લેવું હતું.

સામે મેમાતુર નગર નજરે પડતું હતું. હીંગોરજી બમણા વેગે એ તરફ ધસતો હતો. નગરની સીમ આવી. જોયું તો સીમમાં ગાયો, ભેંસો અને ઊંટોની ઓથો પડી હતી. હીંગોરજીએ એક રખેવાળને પૂછ્યું કે આ ઓથો કોની છે, તો ખબર મળી કે એ હમીર સુમરાની ઓથો હતી.

હીંગોરજી હમીર સુમરા પર ઘા કરવાનું ચૂકે એવો માનવી ન હતો. આખી સેના ઊભી રાખી. ઓથોના સરદાર પર હુમલો કરીને ઓથો

વાળવાનો હુકમ આપ્યો.

એવામાં એક માનવી ટેકરી પરથી સડસડાટ નીચે ઊતરતો દેખાયો. જાણે આ પ્રદેશનું જાણકાર કોઈ પ્રાણી ઊતરતું ન હોય ! દૂર રહીને એણે પડકાર કર્યો, 'જે કરતા હો એ કરજો, બાકી આ ઓથોને હાથ અડકાડ્યો તો પછી ભારે થશે હોં.'

હીંગોરજીએ જવાબ વાળ્યો, 'જરા આ આવડી સેના તો જો, પછી વિચાર કર કે કોને ભારે પડશે ?'

ઓથોના સરદારે કહ્યું, 'એક બળિયો અનેકને ભારે પડે. તમને એમ કે હું ડરી જઈશ; પણ યાદ રાખો કે મારા જીવતાં આ ઓથોને હાથ પણ લગાડવા દઈશ નહીં.'

હીંગોરજીનો ભાઈ બોલ્યો, 'અલ્યા, વિચારીને તો વાત કર, ક્યાં આવડી સેના અને ક્યાં એકલો તું ?'

'ફરજ એટલે ફરજ. થવાનું હોય તે થાય, પણ ફરજ નહીં ચુકાય.'

એક સિપાહી બોલ્યો, 'વાહ રે વાહ, શું ફરજ શીખ્યો છે ? એવી તે કઈ મોટી ફરજ બજાવે છે ?'

પેલા સરદારે જવાબ વાળ્યો, 'જુઓ, ઝાઝી વાત ન કરો. હાલા સમાનો આ સેવક એની ફરજ નહીં ચૂકે.'

'હેં..હેં.. હાલા સમાનો સેવક ? તું છે કોણ ?' હીંગોરજીએ પૂછ્યું.

પેલા માનવીએ નજીક આવીને કહ્યું, 'હું હાલા સમાનો સેવક છત્તો મેહાર. દાયજામાં મનેય હમીર સુમરાની સેવા કરવા સોંપ્યો હતો. એ સુમરાની ઓથોનો હું સરદાર છું.'

'તો હું હીંગોરજી. હાલા સમાનો પાટવીકુંવર. અમે અમારા બાપને છોડાવવા આવ્યા છીએ, પણ એ પહેલાં આ ઓથો અમને વાળી લેવા દે.'

છત્તા મેહારે કહ્યું, 'ના, કુંવરસાહેબ, એમ તે ઓથ કેમ વાળી લેવા દેવાય ? આની રખેવાળી તો મારી જવાબદારી છે.'

'અરે જવાબદારીની વાત પછી. તારે સમા કુળના માલિકની આજ્ઞા તો માનવી જોઈએ ને ?'



**છત્તા મેહારે હીંગોરજીને પોતાની ઓળખાણ આપી**

છત્તા મેહારે જવાબ વાળ્યો, 'સમાની આજ્ઞા શિરોધાર્ય, પણ એથીય ઊંચી મારી ફરજ.'

હીંગોરજીએ કહ્યું, 'ભાઈ છત્તા મેહાર, ફરજની વાત જવા દે. અમને સુમરાની ઓથો વાળી વેરની આગ થોડી શાંત કરવા દે.'

'ના, એ તો ન બને. મારા જીવતાં આ ઓથો કોઈ વાળીને લઈ જઈ શકે નહીં. ફરજમાંથી ચૂકવું એ મરણ કરતાંય બદતર છે.'

'પછી શું ?' હીંગોરજીએ પ્રશ્ન કર્યો.

છત્તો બોલ્યો, 'બીજું શું ? ચાલો રણ ખેલી લઈએ.'

સહુને આશ્ચર્ય થયું કે આ એકલો માનવી શા માટે આખી સેના સામે થતો હશે ?

બંને પક્ષ તૈયાર થયા. એક તરફ એકલો છત્તો અને બીજી તરફ વિશાળ સેના. આમ છતાં છત્તાની તીરંદાજીએ કેર વરસાવ્યો. કેટલાયને વીંધી નાખ્યા, પણ સાથે એ પણ વીંધાતો જતો હતો. છતાં એ થંભ્યો નહીં. પૂરઝડપે તીરોનો વરસાદ વરસાવવા લાગ્યો.

એવામાં હીંગોરજીનું તીર આવ્યું. છત્તાનો ડાબો હાથ કપાઈને દૂર પડ્યો.

છત્તો તલવાર લઈને દોડ્યો. રસ્તામાં બે-પાંચને વધેરી નાખ્યા, પણ એટલામાં આ વિશાળ સેના વચ્ચે એ ઘેરાઈ ગયો. લોહીથી નીતરતો છત્તો તલવાર ચલાવે જતો હતો પણ આખરે એ ધરતી પર ઢળી પડ્યો. હીંગોરજીના ઘોડાનો પગ જ એની છાતી પર પડ્યો. પોતાના માલિકના ઘોડાના દાબડા નીચે છત્તો છૂંદાઈ ગયો.

ઘમસાણ અટક્યું. છત્તાને અગ્નિદાહ આપ્યો, સહુની આંખમાં આંસુ હતાં. માર્યો છતાં મરનાર વિશે દુઃખ હતું.

માલિક કરતાંય મહાન ફરજને ખાતર છત્તો મેહાર ખપી ગયો. એ દિવસે વેર વાળવાનું કામ અધૂરું રહ્યું. છત્તાની નિમકહલાલીને બિરદાવતા સહુ ઘોડેથી નીચે ઊતર્યા.

❖

૧૨

# ઉમર અને મારઈ

ચકલાં પિંજરમાંથી પાંખો ફફડાવીને ઊડી ગયાં : અને બાજનો ગુસ્સો બેહદ વધી ગયો. ઉમરકોટનો અધર્મનો શોખીન રાજવી ઉમર સુમરો ક્રોધથી લાલચોળ થઈ ગયો અને એની આંખો અંગારા વરસાવવા લાગી. એ ગુસ્સામાં હથેળીઓ મસળવા લાગ્યો.

ધોળે દિવસે એના રાજમાંથી રૂપવતી સુંદરી મારઈનું હરણ થયું હતું. પોતે મહામહેનતે મારઈને મલીર પ્રદેશમાંથી ઉઠાવી લાવ્યો, અને એ જ મારઈ પળવારમાં તો પોતાના પતિ ખેતસિંહની મદદથી સાંઢણી પર બેસી અદૃશ્ય થઈ ગઈ, હવાના ઝકોરાની જેમ અલોપ થઈ ગઈ.

કેટલાય ચુનંદા અસવાર દોડાવ્યા, ઘણી-ઘણી મહેનત કરી, પણ મારઈ અને એનો પતિ હાથ લાગ્યાં નહીં.

ઉમર સુમરો ખૂબ ક્રોધે ભરાયો. ધોળે દિવસે પોતાને થાપ આપનાર ખેતસિંહને ખતમ કરવાનો નિશ્ચય કર્યો. મારઈને કોઈ પણ રીતે પાછી મેળવવાનો નિરધાર કર્યો.

સેનાને તૈયાર થવા હુકમો આપી દીધા, ઉમર સુમરાએ જાતે સેનાની આગેવાની લીધી. આ તરફ બહાદુર ખેતસિંહ મારઈને પાછી લઈ આવ્યો. બંને આનંદથી સોહામણા પ્રદેશમાં રહેવા લાગ્યાં. મારઈનું સૌંદર્ય જોઈને એનું નામ 'મહારૂઈ' પાડ્યું હતું. મહારૂઈ એટલે ચંદ્ર જેવી કાંતિવાળી.

આ સોહામણો પ્રદેશ સુંદર મારઈથી અધિકો શોભતો હતો. ખેતસિંહ ગાયો, ભેંસો, બકરાં અને ઘેટાંની મોટી ઓથોનો માલિક હતો. બંને આનંદથી પશુધન સાચવતાં હતાં, પણ હવે ગમે ત્યારે ઉમર સુમરો વેર

વાળવા ચડી આવશે, એની તેઓને જાણ હતી.

ખેતસિંહ અને એના કાકા પાલણસિંહ યુદ્ધની તૈયારી કરવા લાગ્યા. આજુબાજુથી રજપૂત લડાયક વીરોને ભેગા કર્યા. મૂછનો દોરો ફૂટ્યો હતો એવાય આવ્યા, સફેદ પૂણી જેવી ધોળી મૂછોવાળા પણ કેટે કટારી ને ખભે ઢાલ લઈને આવી પહોંચ્યા. તલવારની અણીએ સુમરાને સત્કારવા બધા થનગની રહ્યા.

સહુનો એવો અણનમ નિરધાર હતો કે પ્રાણ જાય તો ભલે જાય, પણ મલીરમાંથી મારઈ જાય નહીં. ટેક છોડીને પ્રાણ બચાવનારી આ પ્રજા નહોતી. પ્રાણ આપીને ટેક જાળવનારી જનતા હતી.

એટલામાં વિશાળ સૈન્ય સાથે ઉમર સુમરાના મલીર પ્રદેશ પર ચડી આવવાના સમાચાર મળ્યા.

ક્યાં ઉમરકોટના રાજવીનું વિશાળ સૈન્ય અને ક્યાં મલીરના મુઠ્ઠીભર યોદ્ધાઓ ! પણ ખપી જનારા કદી આવી ગણતરી કરતા નથી. સ્વમાન માટે ઝઝૂમનારા ક્યારેય જીવની ચિંતા રાખતા નથી.

ઉમર સુમરાની સેના સામે કેસરિયાં કરવા મલીરના યોદ્ધાઓ થનગની રહ્યા. સહુએ કહેવરાવ્યું કે મુસાફરના વેશમાં રહેલા ઉમરા માટે પાણી પાવા આવેલી મારઈને દગાથી ઉપાડી જવી સહેલી વાત હતી પણ હવે સામી છાતીએ મારઈને લેવા આવવું એ માથું મૂકવા સમી વાત છે.

એટલામાં તો એક સાંજે ઉમર સુમરો આવી ગયો. સૈન્યની છાવણીઓ ખડી થઈ. મશાલો હરતી-ફરતી થઈ. શસ્ત્રોનાં ખડખડાટથી વાતાવરણ ભયંકર બની ગયું.

માનવંતી નારી મારઈ ઝરૂખે ઊભી-ઊભી આ બધું જુએ છે. એ વીર નારી હતી, એને મનોમન થયું કે શું પોતાને ખાતર આટલાં બધાં માનવીઓના જાનની બાજી ખેલાશે, કેટલાય વીર હોમાઈ જશે, કેટલીય સ્ત્રીઓ પતિ ગુમાવશે, કેટલીય બહેનો વહાલસોયો ભાઈ ખોશે, કેટલાય માનવીને જખમી થઈ જીવન પારકાને આધારે ગાળવું પડશે.

લડાઈ થાય એટલે સહુથી વધુ સહેવાનું બાળકોને આવે. કેટલાંય નોંધારાં થઈ જાય. કોઈ બાપ ગુમાવે, તો કોઈ માતા !

આવી ચિંતા કરતી મારઈ ઊંડા વિચારમાં ડૂબી ગઈ.

રાત પૂરી થઈ. ઉષા આછી-આછી પ્રગટી ચૂકી હતી. આકાશનો એક ખૂણો થોડો લાલ બની ગયો હતો. એવામાં મારઈએ પોતાના પતિને એક વિનંતી કરી. કેસરીવાઘા સજી એને એકલાને તૈયાર થવા કહ્યું, કેડે ઝૂલતી તલવાર રાખવા કહ્યું.

મારઈ પોતે બાજુના ખંડમાંથી તૈયાર થઈને આવી. ઉત્તમ પ્રકારનાં વસ્ત્રો સજ્યાં. રૂમઝૂમ અવાજ કરતાં ઝાંઝર પહેર્યાં. કપાળે સુશોભિત ચાંદલો કર્યો.

હાથમાં કંકુ-ચોખાનો થાળ લીધો. માથે પાણીનો કળશ મૂક્યો. મંગળ ગીત ગાતી એ ચાલી. પાછળ સુંદર વસ્ત્રોમાં સજ્જ એની સખીઓ ગીત ઝીલતી ચાલવા લાગી.

સામે ઉમર સુમરાના સૈન્યમાં દુંદુભિ ગગડી ચૂક્યાં હતાં. બધા બરાબર તૈયાર થવામાં લાગી ગયા હતા. કોઈ તલવારની ધાર તેજ કરે છે, તો કોઈ ઘોડાને થાબડે છે. કોઈ મ્યાન ભેરવે છે, તો કોઈ બાહુબળને કસે છે.

એવામાં ઉમર સુમરાના એક સરદારે છાવણીમાં રહેલા ઉમરને ખબર આપી. “રાજવી, અચરજ ! ભારે અજબ વાત ! જે દરવાજાનાં કમાડ તોડવા આપણે ઊંટ અને હાથી લાવ્યા છીએ, એ કમાડ આપોઆપ ઊઘડી રહ્યાં છે.”

એટલામાં બીજો સરદાર દોડતો આવ્યો, “મહારાજ, સાચું છે કે સપનું એ કંઈ સમજાતું નથી. જે મારઈને મેળવવા માટે ઉમરકોટથી આટલી સેના લઈને આપણે આવ્યા છીએ તે મારઈ ખુદ સુંદર વસ્ત્રોમાં સજ્જ થઈને સામે ચાલી આવે છે.”

ઉમર સુમરો દોડતો છાવણીની બહાર આવ્યો. જોયું તો સામેથી રણઘેલા રજપૂતોને બદલે સુંદર રમણીઓ આવતી હતી. યુદ્ધનાં જોશ ચડાવતા ભાટચારણોના દુહાઓને બદલે સુંદરીઓના કંઠમાંથી નીકળેલાં મંગળ ગીતો ગુંજતાં હતાં.

અચરજમાં ડૂબી ગયેલો ઉમર સુમરો આગળ આવીને ઊભો રહી



**ઉમર સુમરો અને હિંમતબાજ મારઈ**

ગયો. પાછળ એના સરદારો અને સિપાહીઓ ખુલ્લી તલવારે ઊભા રહ્યા. કોઈ દાવપેચ તો નથી ને ? નવો પેંતરો તો ઘડ્યો નથી ને ! યુદ્ધ કરનારને લાખ શંકા થાય !

એટલામાં મારઈ ઉમર પાસે આવી, હજી ઉમર સુમરો કંઈ વિચાર કરે એ પહેલાં તો એના કપાળ પર તિલક કર્યું, ચોખા ચોંટાડ્યા, ઓવારણાં લીધાં અને ઉમર સૂમરાને માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા.

મારઈ બોલી, “ખમ્મા મારા વીરાને ! કોઈ મુસાફર હોત તો પાણીનો સત્કાર પૂરતો થાત, પણ બહેન એના વીરાને ગામને પાદરેથી કંઈ એમ ને એમ ન જવા દે.”

ઉમર સુમરો ગૂંચવણમાં પડ્યો. એ બોલ્યો, "અરે.... પણ હું તો..."

મારઈ બોલી, "જાણું છું. તમારી મૂંઝવણ જાણું છું. તમે લડવા આવ્યા છો ખરું ને ! તો હે ભાઈ, તારે મારી નાખવી હોય તો મને મારી નાખ, અને જિવાડવી હોય તો જિવાડ. વીર ભાઈની તલવારનો ઘા કેવો હોય એની બેનીને તો ખબર પડવી જ જોઈએ ને !"

ઉમર સુમરો તો થંભી ગયો, ન બોલે ન ચાલે. એને તો આ સપનું હોય  એમ લાગ્યું. મારઈના રૂપનું તેજ પહેલાં એને આકર્ષક લાગતું હતું, હવે એ રૂપ શીળા છાંયડા જેવું લાગવા માંડ્યું.

મારઈ બોલી, "ભાઈ, ચાલ ઘેર. પાદરે ભૂખ્યો-તરસ્યો ભાઈ ઊભો રહે, તો બેનીને પાપ લાગે !"

ઉમર સુમરો જૂની આંખે નવા તમાશા જોતો હતો. પળવાર એ વિચાર કરી રહ્યો. પોતે શું મેળવવા આવ્યો અને શું મળ્યું ? હવે મનમાં કોઈ બૂરો વિચાર નહીં. લડાઈ કરીને કશું મેળવવું નથી. સંધિથી સ્નેહ પામવો છે. ઉમરાનો આતમરામ જાગ્યો, એ બોલ્યો, "બેન મારઈ, મને આશ્ચર્ય તો તારી હિંમત માટે થાય છે. ધન્ય છે તારી હિંમતને !"

"મારી હિંમતને ધન્ય નથી, પણ ભાઈ ઉમરની ખાનદાનીને ધન્ય છે. જેણે મને કેદ રાખી, છતાં મારું સતીત્વ જાળવ્યું, એ ઉમર પરના ઇતબારે મને આ હિંમત આપી છે."

"ચાલ, બેન ચાલ. હવે તારે ત્યાં મારે આવવું જ પડશે. પાદરે ઊભા રહીને તારે માથે પાપ ન લગાડાય. આજથી તું મારી ધર્મભગિની છે." આમ કહીને ઉમર સુમરાએ માથું નમાવ્યું. મારઈએ અંતરથી આશીર્વાદ દીધા.

ચોતરફ યુદ્ધના બદલે આનંદ-મંગળનો ઉત્સવ રચાઈ ગયો.

❖

## ૧૩

# તીરંદાજ

દશેરાનો દિવસ હતો.

નિશાન-ડંકાના ગડગડાટ સાથે સલભાણના સત્તાધીશ કેરભાટની સવારી આગળ વધી રહી હતી. સલભાણની ચારેતરફ કેરભાટની હાક વાગતી હતી.

સવારીની આગળ પગપાળા સૈનિકો કૂચ કરતા હતા. એ પછી સુભટો ઘોડા પર અવનવા ખેલ બતાવતા ચાલતા હતા.

કેરભાટ પાણીદાર કચ્છી સાંઢણી પર બેઠો હતો. સાંઢણી વિવિધ રીતે શણગારેલી હતી : ને ગળામાં ઘૂઘરમાળ રણઝણતી હતી.

સવારીની સાથોસાથ ઊંચે ગગનમાં એક ગરુડ ઊડતું હતું. એ ગરુડ સલભાણના રાજવીનું ખૂબ માનીતું પંખી હતું. જ્યારે પોતાનો માલિક બહાર નીકળે ત્યારે આ ગરુડ ઊંડે રહે-રહે કેરભાટની છત્રછાયાનું કામ બજાવતું.

કીમતી માલઅસબાબથી સવારીની રોનક વધતી હતી. એનો લશ્કરી દમામ ચોતરફ હેકડેઠઠ ઊભેલા લોકોને આંજી દેતો હતો.

એવામાં એક અનોખી ઘટના બની. ક્યાંકથી સડસડાટ કરતું એક તીર આવ્યું અને સીધું સલભાણના રાજવી ઉપર ઊડતા ગરુડને આરપાર વીંધીને ચાલ્યું ગયું. ગરુડ ધબાક દઈને સીધું જમીન પર પડ્યું.

આ ધબાકાની સાથે જ કેરભાટની કસાયેલી લશ્કરી સાંઢણી એકદમ થંભી ગઈ.

રાજવી કેરભાટ પલવાર તો સ્તબ્ધ બની ગયો. એકાએક તીર ક્યાંથી આવ્યું અને પોતાના માનીતા પક્ષીના પ્રાણ કેવી રીતે હરી ગયું, એની સમજ પડી નહીં.

રાજવીને થંભેલા જોઈને આખી સવારી અટકી ગઈ. થોડી વારમાં સ્વસ્થ થતાં કેરભાટે ગરુડરાજનો શિકાર કરનારની તપાસ કરવાનો હુકમ કર્યો. એવામાં બાજુમાં રહેલો રાજ્યનો દીવાન બોલ્યો,

‘રાજવી, તીરના ફેંકનારને શોધવા જવાનો ન હોય. ઘણી વાર લીધેલું નિશાન જ નિશાનબાજની ઓળખ આપી જાય છે.’

કેરભાટે પૂછ્યું, ‘એટલે તમે શું કહો છો ?’

દીવાને જવાબ વાળ્યો, ‘મહારાજ, ઊડતા પંખીને આટલી સચોટ રીતે વીંધનાર સલભાણમાં એક જ વ્યક્તિ છે.’

‘એ વળી કોણ ?’

‘મહારાજ, યાદ છે ? ભદ્રામ વંશના સરદાર માંજુ ભદ્રામ પોતાની ટોળી સાથે આવીને આપના રાજ્યમાં રહ્યા. આપે એમને મિત્ર ગણીને સલભાણમાં આશ્રય આપ્યો. એ માંજુ ભદ્રામની સાળી કોરૂ કુમારી અચૂક તીરંદાજ છે. એના સિવાય ઊડતા પંખીને પાડે તેવું બીજું કોઈ આ રાજ્યમાં વસતું નથી.’

સવારી પૂરી થઈ. કેરભાટ તો સીધો માંજુ ભદ્રામને ત્યાં જઈ પહોંચ્યો. માંજુએ રાજવીને પોતાને બારણે આવેલા જોઈ ખૂબ આગતા-સ્વાગતા કરી. માંજુ તો ધન્ય-ધન્ય થઈ ગયો.

ઘણી વાતો ચાલી, એવામાં ધનુષ્યબાણ સાથે કોરૂ ઘરમાં પાછી આવી.

કેરભાટને પોતાની ઇચ્છા સફળ થતી લાગી. એણે કોરૂને જોઈ. એના રૂપનો કોઈ પાર ન હતો. આવું શૌર્ય અને આવા રૂપનો તો ભાગ્યે જ સંયોગ થાય.

રાજવી કેરભાટે માંજુને કહ્યું, ‘માંજુ, આજ તારે આંગણે એક

માગણી લઈને આવ્યો છું. સ્વીકારવી-ન સ્વીકારવી તારા હાથમાં છે.'

'શી છે આપની માગણી ? અમે અહીં-તહીં ભટકીને જીવન ગુજારતા હતા, ત્યારે તમે અમને ધન-ધાન્યથી ભરપૂર એવા સલભાણમાં આશ્રય આપ્યો. ઉપકાર ભૂલે એ ભદ્રામ નહીં.'

'તો હું તારી સાળી કોરૂકુમારીના હાથની માગણી કરું છું.'

માંજુ એકદમ સ્તબ્ધ બની ગયો. માથે વીજળી પડ્યા જેવો એને આંચકો લાગ્યો. એણે કહ્યું, 'મહારાજ એ તો ન બને.'

કેરભાટે જુસ્સાભર્યા અવાજે પૂછ્યું, 'કેમ ન બને ?'

'રાજવી, પીંગળ ભદુઆ સાથે એના વેવિશાળ થઈ ચૂક્યા છે. હવે તો લગ્નના સારા મુહૂર્તની જ વાટ જોવાય છે.'

'એ ગમે તે હોય, રત્ન તો ગમે ત્યાંથી ને ગમે તેની પાસેથી લાવીને વસાવવું ઘટે. કોરૂ રત્ન છે. કેરભાટના હાથમાંથી આવું નારીરત્ન જાય, તો એ કેરભાટ નહીં. માટે બીજો વિચાર છોડીને મારી માગણી કબૂલ કરી લે.'

'મહારાજ, આને બદલે માથાની માગણી કરી હોત તો વધારે સારું થાત. તમારા ઉપકારના બોજ નીચે દબાયેલો હોવા છતાં આ માગણી કબૂલ થઈ શકતી નથી.'

સલભાણનો સત્તાધીશ ઊકળી ઊઠ્યો. એણે ગર્જના કરતાં કહ્યું, 'માંજુ, સાંભળી લે. ક્યાં મને કોરૂકુમારી આપ, નહીં તો યુદ્ધમાં મારી સામે ખતમ થવા તૈયાર થઈ જા. વિચારી લે. કાલે સવારે તારો નિર્ણય જણાવજે.'

આટલું કહીને કેરભાટ તો ચાલ્યો ગયો. માંજુ વિચારમાં પડ્યો. એ જાણતો હતો કે કોરૂ કદી પણ બીજાને પરણવા તૈયાર નહીં થાય. કોરૂ ના કહે, તોય એ કેરભાટના હાથમાં જશે અને તમામ ભદ્રામ જુવાનોનાં લોહી રેડાશે એ વધારામાં.

કરવું શું ? માંજુની તો સૂડી વચ્ચે સોપારી જેવી સ્થિતિ થઈ. એણે

ભદ્રામ વીરોને એકઠા કર્યા. બધાનો વિચાર જાણ્યો.

સહુએ કહ્યું કે પાણીમાં રહેવું હોય તો મગર સાથે વેર ન પાલવે. આપણે કેરભારની માગણીનો અનાદર કરીશું તો સહુ કોઈનો નાશ થશે. એનો સ્વીકાર કરીશું તો આપણું સ્થાન રાજ્યમાં મજબૂત બનશે.

પરિણામે રાજવી કેરભાટની માગણીનો સ્વીકાર કરવામાં આવ્યો.

લગ્નનો દિવસ નક્કી થયો. ધામધૂમથી તૈયારીઓ થવા લાગી. શહેર આખું શણગારાવા લાગ્યું.

આ સમયે કોરૂને ખબર પડી કે આ ધમાલ તો પોતાના લગ્નની છે, અને ટૂંક સમયમાં જ એનાં લગ્ન સલભાણના રાજવી સાથે થવાનાં છે.

કોરૂના અંતરને મોટો આઘાત લાગ્યો. એને મન તો એનો પતિ - એક માત્ર પિંગળ ભદુઓ જ હતો - એના વિના બીજા કોઈને એનું હૃદય સ્વકારે તેમ ન હતું.

કોરૂ ખૂબ મૂંઝાઈ ગઈ. એ અવનવા ઉપાય ખોળવા લાગી.

પિંગળ ભદુઓ તો કેટલાય જોજન દૂર હતો, પણ કોરૂએ એના મિત્ર કાજળીઆની સહાય લીધી.

મધરાતે કોરૂ છૂપા વેશે ઘરની બહાર નીકળી. કાજળીઆએ ગામને પાદર બે સાંઢણી તૈયાર રાખી હતી.

આખી રાત કોરૂ અને કાજળીઓ આગળ વધતા રહ્યા. કઈ તરફ જાય છે એની ઘોર અંધારામાં કશી ખબર પડતી ન હતી, પણ એમને તો માત્ર સલભાણથી વધુ ને વધુ દૂર નીકળી જવું હતું.

પાણીપંથી સાંઢણીઓ એકધારી પાણીવેગે વહેતી હતી.

લાંબી સફરને અંતે કોરૂકુમારી અને કાજળીઓ ગઢકાછામાં આવ્યાં. અહીં આવીને થાક ખાધો. પેટ પૂરતું ભોજન લીધું,

એવામાં ગામમાં ગયેલો કાજળીઓ સમાચાર લાવ્યો કે આવતીકાલ સવારે ગઢકાછાના પાદરેથી પિંગળ ભદુઆનું સૈન્ય કૂચ કરતું નીકળશે.

જ્યારથી પિંગળે જાણ્યું કે કેરભાટ કોરૂકુમારી સાથે લગ્ન કરવા

તત્પર બન્યો છે, ત્યારથી એ એક ઘડીય હેઠો બેઠો નથી. યુદ્ધની તૈયારી કરવા લાગ્યો છે. સૈનિકો એકઠા કરવા લાગ્યો છે, પુરવઠો ભેગો કરવા માંડ્યો છે.

કોરૂકુમારીએ અને કાજળીઆએ પિંગળના સૈન્ય સાથે જોડાઈ જવાનો વિચાર કર્યો. બંનેએ વેશ બદલી નાખ્યા.

કોરૂકુમારીએ પુરુષનો વેશ પહેર્યો અને ધનુષ્ય ધારણ કર્યું.

થોડા વખતમાં પિંગળ ભદુઆનું સૈન્ય સલભાણના પાદરે પહોંચી ગયું.

કેરભાટ પણ ક્રોધે ભરાયો હતો. એના રાજમાંથી અને હાથમાંથી કોરૂકુમારી છટકી જાય એ કેમ ચાલે ?

પિંગળ તો પોતાનું અપમાન ભૂલે જ કેવી રીતે ? બંનેના દિલમાં અપમાનની આગ ભભૂકતી હતી. બંને એકબીજાને હણીને બદલો લેવા તલપાપડ થતા હતા. આથી એકેયનું સૈન્ય સહેજે પાછું પડે તેમ ન હતું.

યુદ્ધ શરૂ થયું. બરાબર ટકરામણ થઈ. બંને પક્ષે ખુવારી થઈ, પણ કોઈ પાછું હટ્યું નહીં.

બીજો દિવસ થયો. રાતના આરામ પછી ફરી હથિયારો ખખડ્યાં. યોદ્ધાઓ બરાબર બાખડ્યા, પણ કોઈ પાછું રહ્યું નહીં.

ત્રીજે દિવસે બેમાંથી એકેયે મચક ન આપી.

પિંગળ વિચારમાં પડ્યો. ત્રણ-ત્રણ દિવસ સમરાંગણ ખેલ્યા, તોય કશું પરિણામ નહીં, કેટકેટલાય દાવ અજમાવ્યા, પણ કશું વળ્યું નહીં.

એવામાં બે સૈનિકો એની છાવણીમાં દાખલ થયા. પિંગળ સહેજ ચમક્યો. પેલા બંને સૈનિકોએ પિંગળને નમન કર્યું અને એમાંનો એક કાળા રંગનો સૈનિક બોલ્યો,

'મહારાજ પિંગળ, તમે ત્રણ દિવસ લડ્યા, છતાં જીત ન મળી, હવે અમારો ઉપાય અજમાવશો ?'

પિંગળ આવી આકરી વાણીથી ગુસ્સો થયો. એ બોલ્યો : 'કેમ, અમે



**પિંગળ ભદુઓ અને સોહામણો સૈનિક**

કાયર છીએ એમ તને લાગે છે ? યુદ્ધમાં પિંગળ કરતાં તમે પારંગત હો તેમ માનો છો ?'

બાજુમાં ઊભેલા ધોળા રંગના સૈનિકે કહ્યું, 'અમને એક તક નહીં આપો ?'

'હજી પિંગળ પાસે ઉપાયની અછત ઊભી નથી થઈ.' પિંગળને આવે કપરે સમયે અજણ્યા માનવીની યોજના પ્રમાણે યુદ્ધ ખેલવું બરાબર

લાગતું ન હતું. 'પણ અમારો એક ઉપાય અજમાવવાથી જરૂર તમારું કામ પાર પડશે. ત્રણ દિવસની લડાઈથી જે કામ ન થયું, તે અમે કરી આપીશું.' પેલા કાળા સૈનિકે કહ્યું.

પિંગળ કોઈ વાતનું જોખમ ખેડવા તૈયાર ન હતો. એમાં અજાણ્યા સૈનિકોની આવી વાત સાંભળી એ ખૂબ ગુસ્સે થયો. એ બોલ્યો, 'તમે બંને અહીંથી ચાલ્યા જાવ. અમે નામર્દ હોઈએ અને તમે જાણે કોઈ મોટા બહાદુર હો, અને મદદે આવ્યા હો તે રીતે વાત કરો છો ?'

'બહાદુર નહીં, પણ મિત્ર તો ખરા !' આટલું કહી પેલા કાળા સૈનિકે બનાવટી દાઢી દૂર કરી. સૈનિકનો વેશ નીચે ઉતાર્યો. એને જોઈને પિંગળ બોલી ઊઠ્યો, 'અરે, આ તો મારો મિત્ર કાજળીઓ! બોલ, કહે તારો ઉપાય કેવો છે ?'

કાજળીઆએ કહ્યું, 'મારા સાથી આ સોહામણા સૈનિકને કાલે સેનામાં આગળ રાખજો, પછી જોજો એની કમાલ.'

ચોથા દિવસે યુદ્ધ શરૂ થયું. પિંગળના સૈન્યની મોખરે પેલો સોહામણો સૈનિક ચાલતો હતો. એના હાથમાં એકલું ધનુષ્ય હતું. એની પાછળ કાજળીઓ બાણનો મોટો જથ્થો લઈને ઊભો હતો.

યુદ્ધ શરૂ થયું. પેલા સોહામણા સૈનિકે પણછ પર તીર ચડાવ્યું. અને પછી તો એ ધનુષ્યમાંથી સતત તીર છૂટવા લાગ્યાં અને સામે ટપોટપ સૈનિકો પડવા લાગ્યા.

કેરભાટના સૈનિકો આગળ વધી તીર ચલાવવા તૈયાર થાય કે સામેથી તીર આવીને છાતીની આરપાર નીકળી જાય. આખા સૈન્ય પર તીરનો વરસાદ વરસવા લાગ્યો. કેરભાટના સૈન્યમાં નાસભાગ થવા લાગી. સામેથી આવતું એક તીર એક સૈનિકને તો જરૂર ખતમ કરતું.

કેરભાટના સૈનિકો આમતેમ દોડાદોડ કરવા લાગ્યા. સૈન્યની વચમાં રહેલો કેરભાટ હવે બરાબર સામે દેખાયો.

પેલા સોહામણા સૈનિકે પળવાર થોભીને બરાબર નિશાન લીધું અને કેરભાટનો રાજમુગટ ઊડી ગયો. મુગટ વગરનો રાજા લશ્કરને

નાહિંમત બનાવી નાખે છે. મૂંઝાયેલો કેરભાટ આમતેમ પોતાનો મુગટ ખોળવા લાગ્યો, ત્યાં તો બીજું બાણ એને વીંધીને પસાર થઈ ગયું. કેરભાટ જમીન પર ઢળી પડ્યો.

રાજાને પડેલો જોઈને કેરભાટના લશ્કરમાં ભંગાણ પડ્યું. બચેલા સૈનિકો શરણે આવ્યા. પિંગળનો વિજય થયો.

બીજે દિવસે દરબાર ભરાયો. સરદાર પિંગળે સૈનિકોને ભેટ આપી. સુભટોને શાનદાર પોશાક આપ્યો. છૂપી રીતે મદદ કરનાર માંજુ ભદ્રામને સલભાણનો વહીવટ સોંપ્યો. કાજળીઆને મંત્રી બનાવ્યો.

છેલ્લે વિજય અપાવનારા પેલા સોહામણા સૈનિકને પૂછ્યું, 'હે ચુનંદા તીરંદાજ, તમે જ અમને જીત અપાવી છે. માગો, જોઈએ તે માગો.'

સોહામણો સૈનિક નતમસ્તક ઊભો રહ્યો. ન બોલે કે ન ચાલે.

પિંગળે ફરીથી માગવા કહ્યું, પણ કશો જવાબ નહીં. આખરે કાજળીઆ તરફ ફરીને કહ્યું, 'મંત્રીજી, વીર સૈનિકને શું જોઈએ છે?'

કાજળીઆએ કહ્યું, 'મહારાજ, વીરને તો વીર જ ખપે ને ! એને આપ જેવા વીર જોઈએ છે.'

પિંગળને કશી સમજ ન પડી. એ બોલ્યો, 'કંઈ સમજ પડે તેવું બોલ.'

કાજળીઆએ કહ્યું, 'મહારાજ, આ અચૂક તીરંદાજ એ બીજું કોઈ નહીં, પણ કોરૂકુમારી છે.'

આખા દરબારમાં આનંદ-આનંદ વર્તી રહ્યો.

થોડા જ વખતમાં પિંગળ અને કોરૂકુમારીનાં લગ્ન ધામધૂમથી ઊજવાયાં.

❖

## ૧૪

# વીર લધાભા

કીર્તિવંત કચ્છના માંડવી બંદરનો દરિયો ઘુઘવાટા કરી રહ્યો છે.

દરિયાકાંઠે એક બાળક બેઠો છે. ઘુઘવાટા કરતા દરિયા સાથે એનું દિલ પણ ઘુઘવાટા કરી રહ્યું છે.

આંતરે મહિને કચ્છના આ માંડવી બંદરથી આફ્રિકા જવા માટે વહાણો રવાના થાય છે. એમાં જંગબાર પ્રસિદ્ધ બંદર છે. હજારો કચ્છી જુવાનો ત્યાં જાય છે. દોરી-લોટો લઈને જાય છે. ને ધનવાન થઈને પાછા આવે છે.

સહુ કોઈ જંગબાર જાય, તો હું કેમ ન જાઉં ? હું પણ જીવનનો જંગ ખેડવા જંગબાર જઈશ ! દરિયામાં ભરતી અને ઓટ આવે એમ આ કિશોરના દિલમાં સાહસની ભરતીઓટ આવ્યા કરે છે.

જે કોઈ મુસાફર જંગબારથી આવે એની પાસેથી વિગતો ભેગી કરે છે. ઓ હો હો ! આફ્રિકા અંધારિયો ખંડ કહેવાય. પણ કાચા સોનાનો એ દેશ છે. જંગબારનાં જંગલોનાં હાથીઓનાં હાથીદાંત સોનાના ભાવે વેચાય. એ હાથીદાંત લેવા ઠેઠ યુરોપના અંગ્રેજો ત્યાં પડ્યા-પાથર્યા રહે.

ત્યાં ગુલામોનો વેપાર ધમધોકાર ચાલે. આફ્રિકાના મૂળ વતની હબસીઓને ગુલામ તરીકે પકડી જાય. એનાં બજાર ચાલે. એના સોદા થાય. આ હબસીઓને નિર્દય બનીને પકડવામાં આવે. અણધારી રીતે હથિયારો સાથે એમનાં ઝૂંપડાંઓ પર દરોડા પાડવામાં આવે. ચાબુકે-ચાબુકે ફટકારવામાં આવે. સામે થાય એને બંદૂકે ફૂંદી દેવામાં આવે.

આ પછી પગે જંજીરો નાખી જકડી લેવામાં આવે. સ્ટીમર પર ચડાવી યુરોપના દેશોમાં મોકલવામાં આવે. ત્યાં ખેતીની કાળી મજૂરી કરાવવામાં આવે. મોત સુધી એમનો છુટકારો થાય નહીં. જો ગુલામ ભાગી જાય તો એનું આવી બને !

ગુલામોનો વેપાર કરવા દેશદેશના વેપારીઓ અંધારિયા આફ્રિકા દેશમાં આવી પડેલા. જંગબારમાં બીજો મોટો વેપાર લવિંગની ખેતીનો. નાળિયેરનો પણ ધમધોકાર વેપાર ચાલે.

બાળક લધાને રોજ સાગરકાંઠે આવી આ વિગતો ભેગી કરી લીધી. છેલ્લે એને ખબર પડી કે કચ્છની પ્રખ્યાત પેઢી જેરામ શિવજીની પેઢી ચાલે છે.

લધાના પિતા દામજી ઠક્કર ઠીકઠીક ઘરડા થયા હતા. સાગરના તરંગો જેવા મનના તરંગો મૂકી કામે લાગી જવા એ લધાને કહેતા, પણ લધાનું ધ્રુવબિંદુ એક જ હતું : ‘દરિયો ખેડવો. જંગબાર જવું ને કિસ્મત અજમાવવું.’

આખરે એક સગો મળી ગયો. એ વહાણ લઈને જંગબાર જતો હતો. લધાએ સ્ટીમર પર મજૂરીનું કામ લીધું અને પહોંચ્યો જંગબાર. જય જંગબાર કરીને એ જેરામ શિવજીની પેઢીએ પહોંચી ગયો. પેઢી કોઈ કચ્છીનો તિરસ્કાર કરતી નહોતી. ત્યાં આગળ વધવાનું પહેલું પગથિયું કચરો-પૂંજો સાફ કરવાનું હતું.

બાળક લધાએ કચરો-પૂંજો સાફ કરવાનું કામ સ્વીકારી લીધું. શ્રમની શરમ એને નહોતી.

ધીરેધીરે દીવાબત્તીનું કામ સોંપાયું પછી વહાણ સાફ કરવાની કામગીરી મળી. પછી રસોઈકામ અને ત્યાર બાદ પેઢીનું પરચૂરણ કામ સોંપાવા લાગ્યું.

જે કામ સોંપાય તે ડિલ ઘસીને અને દિલ દઈને લધો કરે. લધાની બાહોશી વખણાવા લાગી. આથી એને એક કપરું કામ સોંપવામાં આવ્યું.

જેરામ શિવજીની પેઢી બીજા વેપાર ઉપરાંત ગુલામોને પકડવાનો

વેપાર કરતી હતી. લધાનો મજબૂત બાંધો અને સાહસિક વૃત્તિ જોઈને એને આફ્રિકાનાં ગીચ જંગલોમાં જઈને ગુલામો પકડી લાવવાનું કામ સોંપાયું.

લધો તો જંગલો ફેંદવા લાગ્યો. જ્યાં મળે ત્યાંથી ગુલામોને પકડવા લાગ્યો. આ ગુલામો ઝડપાય તે માટે અગાઉથી કેટલીય તૈયારીઓ કરવી પડતી. સાથે મજબૂત અરબી સિપાઈઓ પણ રાખવા પડતા. આથી લડાઈ થાય તોય વાંધો ન આવે. મોટી-મોટી લોખંડની સાંકળોથી ગુલામોને બાંધવામાં આવતા.

એક વાર પકડાયેલો હબસી કદી છટકી ન શકે. પકડવાનું આ કામ ભરીબંદૂકે થતું. અભણ હબસીઓ બંદૂકથી ખૂબ ડરે. સામો થાય તો પળવારમાં બંદૂકની ગોળી એનો પ્રાણ લેતાં.

ઘણી વાર તો પહેલાં બંદૂકથી બે-ચાર હબસીને ધરતી પર ઢાળી દેવામાં આવતા. આથી બાકીના બીજા બધા થરથર કાંપતા, મૂંગે મોંએ શરણે આવી જતા.

રસ્તામાં કોઈ આડોઅવળો જવાની કોશિશ કરે તો એને ચાબુકનો સખત માર મારવામાં આવતો. ક્યારેક તરફડીને મરી જાય ત્યાં સુધી એના પર ચાબુક વીંઝાતી. હાથે અને પગે બેડીઓ પહેરાવી, ચાબુક મારીને આ હબસીઓને જાનવરની જેમ લઈ જવામાં આવતા.

એક જગ્યાએ હબસીને પકડ્યા પછી તરત જ બીજે ઠેકાણે સહુ છાપો મારવા જતા. જેટલા આવે તેટલાને હાથ કરી, કોઈ કોટડીમાં પૂરી રાખતા. એમને થોડું ખાવાનું આપવામાં આવતું ને વધારામાં મીઠાપાયેલા ચાબુકો ફટકારાતા. ભૂખ અને યાતનાને લીધે બધા હબસીઓ નરમ ઘેંસ જેવા થઈ જતા. આખરે એમને પકડીને પશુઓની પેઠે વહાણમાં પૂરીને યુરોપના દેશમાં મોકલવામાં આવતા. ત્યાં એમની પાસે ખેતીની કાળી મજૂરી કરાવવામાં આવતી. મોત સુધી આમાંથી એમનો છુટકારો થાય નહીં.

લધો આ બધું કામ કરે. પેઢી એની કામગીરીની ખૂબખૂબ તારીફ કરે. વેપાર વધારી આપવા માટે એના ગુણગાન ગાય. આમ બધી વાત

આનંદની, પણ તેમ છતાં લધાના હૃદયમાં આનંદ ન મળે.

લધો હવે લધાભા થયો. ધીરેધીરે પેઢીમાં નામના થવા લાગી. પોતાના કામમાં એ એક્કો હતો.

જેરામ શિવજીની પેઢીની નામના જંગબારના સુલતાન પાસે ઘણી હતી. રાજના દીવાન તરીકે કચ્છીની નિમણૂક કરતા. જકાતખાતું કચ્છીઓને સોંપતા. જંગબારમાં સૈયદ બિન સૈયદ રાજ કરે. લધાભા એમના વિશ્વાસુ બની ગયા. નાણાં ખાતું લધાભાને સોંપાયું.

સુલતાનના બે શાહજાદા. મોટો શાહજાદો મજીદ સુલતાન સૈયદના મરણ પછી ગાદીએ આવ્યો. એ ભલો અને ભોળો હતો. એનો ભાઈ સૈયદ બરગસ પ્રપંચી હતો. એને રાજ્યક્રાંતિ કરવી હતી. બળવો જગાવીને પોતાના મોટા ભાઈના હાથમાંથી સત્તા આંચકી લેવી હતી, પરંતુ સૈન્ય અને દારૂગોળો પૈસા વિના મળે ક્યાંથી ? અને નાણાંખાતું તો લધાભા પાસે હતું. એણે વિચાર્યું કે લધાભા જેવા વેપારીને ખંખેરી નાખું તો બધી ચિંતા ટળી જાય, કામ થઈ જાય, બળવો સફળ થાય.

એક વાર મધરાતે બરગસ લધાભાને ઘેર ગયો. ગાઢ નિદ્રામાં પડેલા લધાભાને ઢંઢોળ્યા. લાલ આંખ કરીને કહ્યું, ‘લધાભા, ઊગતા સૂરજને ઓળખો. ક્રાંતિ આવે છે. તૈયાર થાવ. અબી ને અબી તમારે દોલત મારે ચરણે ઠાલવવી પડશે.’

લધાભા બરગસની મેલી મુરાદ પારખી ગયા. એનો દોલતનો લોભ અને રાજસત્તાની લાલસા જાણી ગયા. એમણે કહ્યું, ‘પણ શા દુઃખે ક્રાંતિ આવે છે ?’

‘લધાભા, વાદવિવાદનો આ સમય નથી. નવા રાજનો ઉદય થવાનો છે. તમે એની ભેટ માટે થોડું ધન નહીં આપો ?’

લધાભા એમ ડરી જાય તેમ ન હતા. એમણે કહ્યું, ‘આ ધન પસીનાની કમાઈ છે. એને ગમે તેમ વેડફી દેવાય નહીં.’

બરગસ ગુસ્સામાં આવીને બોલ્યો, ‘સમજ્યો ! સમજ્યો ! આ ધન



**મધરાતે બરગસે લધાભાને જગાડ્યા**

તમે તમારી મરજીથી આપશો નહીં, મારે આંચકી લેવું પડશે !' બરગસ ખાલી હાથે, ગુસ્સામાં પાછો ફર્યો.

લધાભાને ખ્યાલ આવી ગયો કે આ ધુમાડામાંથી આગ પેદા થશે! તરત એ રાજમહેલ તરફ ગયા. સુલતાન મજીદ બહાર પ્રવાસે ગયા હતા, પણ આવે સંકટ સમયે શાંત બેસી રહેવાય નહીં. લધાભા હિંમત હાર્યા નહીં. એમણે રાજમાતાને ભર ઊંઘમાંથી જગાડ્યાં અને સમાચાર આપ્યા.

બીજી બાજુ બરગસ કિલ્લા પર હલ્લાની તૈયારી કરતો હતો. લધાભાએ પ્રધાનો, સેનાપતિઓ અને નૌકાદળના વડાઓને બોલાવ્યા. તેમની સાથે હલ્લાના સામના વિશે મસલત ચલાવી, ચોતરફથી સૈન્ય મંગાવવા કાસદો દોડાવ્યા. હાજર સૈન્યને બરાબર ગોઠવી દીધું.

સવાર પડતાં તો રંગ પલટાઈ ગયો. બીજી મદદ પણ આવી પહોંચી. બરગસને બળવો ભારે પડ્યો. એણે શરણું સ્વીકારી લીધું. લધાભાની સમયસૂચકતાએ સુલતાન મજીદનું રાજ બચાવ્યું, પણ બરગસ એની માનહાનિ ન ભૂલી શક્યો.

લધાભાની વગ રાજમાં ખૂબ વધી ગઈ. એમની પેઢી કરોડપતિ પેઢી બની ગઈ. મોટા-મોટા યુરોપિયન વેપારીઓ પણ એમને પૂછતા આવવા લાગ્યા. રાજકારણીઓને ઝવેરાત જોઈએ તો લધાભાને પૂછવામાં આવતું. લધાભાની પેઢી જંગબારના સુલતાનને વાર્ષિક વીસ લાખ રિયાલ આપતી. પોલાદી હૈયાના લધાભાને ગુલામો પકડવાનો હવે તિરસ્કાર આવ્યો હતો. એક વાર તો એમણે રાજીનામું આપી દીધું.

શેઠે કહ્યું, 'આ ગુલામો પિંજરના પંખી જેવા છે. છૂટા મૂકશો તો ભૂખે મરી જશે.'

લધાભા કહે, 'હું ધંધે ચડાવું. લવિંગની ખેતી કરતાં શીખવું.'

શેઠે હા પાડી ને લધાભાએ પ્રયોગ શરૂ કર્યા, પણ ત્યાં રાજરંગ પલટાયા. ચૌદ વર્ષ રાજ્ય કર્યા પછી સુલતાન મજીદનું અવસાન થયું. સૈયદ બરગસ ગાદીએ આવ્યો.

ફરી જૂનું વેર તાજું થયું. એણે લધાભા તરફ કડક વર્તન બતાવવા માંડ્યું. એમની પાસેથી નાણાંખાતાની વ્યવસ્થા આંચકી લીધી. જકાતના ઇજારા માટે ત્રણ ગણી રકમની માગણી કરી.

લધાભાએ પણ માજી સુલતાન પાસે પચીસ લાખ રિયાલ લેણા છે એમ કહી વળતો ફટકો માર્યો. કહ્યું કે પચીસ લાખ રિયાલ મળશે કે તરત સુલતાનને જકાતખાતું પાછું મળી જશે. વાદવિવાદ થવા લાગ્યા.

સહુએ લધાભાનું લેણું વાજબી ઠેરવ્યું. પ્રધાનો, સેનાપતિઓ, અને રાજમાતા સુધ્ધાંએ બરગસને સમજાવ્યો. બરગસ માનવા તૈયાર ન હતો. એ તો ગમે તે રીતે લધાભાને લૂંટીને ભૂખ ભેગા કરવા માંગતો હતો.

એક નવો ભય લધાભાની સામે આવ્યો. ગુસ્સે થયેલો સુલતાન લધાભાની પેઢી પર પણ હાથ નાખે ! લધાભાની પેઢી બ્રિટિશ પેઢી ગણાતી. આથી જંગબાર અને બ્રિટિશ સરકાર વચ્ચે જંગ થાય. આ બેની લડાઈમાં જંગબારમાં વસતા બાર હજાર ગુજરાતીઓની હાલત તો સહુથી વધુ કફોડી થાય. લધાભાએ લાંબો વિચાર કરીને નક્કી કર્યું કે સુલતાન સામે લડવામાં કશો સાર નથી. સુલેહ કરવી. પણ કઈ રીતે ?

પોતે સામે ચાલીને જાય તો ક્રોધે ભરાયેલો સુલતાન કદાચ ઠાર પણ કરે! છતાં સાહસિક લધાભા એમ મૂંઝાય તેમ ન હતા.

લધાભા સાબદા થયા. સાહસ વિના સુખ ક્યાંથી મળે ? એમણે મધરાતે સુલતાનનાં બારણાં ખખડાવ્યાં. સુલતાન પણ આ કચ્છીની વીરતા ને નીડરતા જોઈ આશ્ચર્ય પામ્યો.

લધાભાએ પોતાની પેઢીએ કરેલી રાજની સેવા, સુલતાનોનો પ્રેમ ને જરૂર પડે ત્યારે જંગબારના રાજને ધીરેલાં નાણાંની વાત કરી.

સુલતાન સમાધાન પર આવ્યો. એક વાર વીરતાથી તો બીજી વાર મુત્સદ્દીગીરીથી લધાભાએ આફતના ઓળા દૂર કર્યા.

લધાભાએ પૈસાની ક્ષણિકતા જોઈ. સત્તાની ચંચળતા જોઈ. એમના દિલમાં માનવ-સેવાની જ્યોત જાગી. તેમની દૃષ્ટિ હવે દયા અને માનવતા તરફ વળી.

લધાભાએ માનવતાના આ મહાપાપને ડામવાનો નિર્ણય કર્યો. પહેલો કુહાડો પોતાના પગ પર માર્યો. એમણે એક દિવસ જાહેર કર્યું કે માનવ કોઈ ગુલામ નહીં, અને પોતાની પાસે રહેલા સાત હજાર હબસીઓને મુક્ત માનવ બનાવ્યા. એમને લવિંગની ખેતી શીખવી. જાત ઉપર ઊભા રહેવાનો ઉપાય બતાવ્યો.

આફ્રિકાના અંધારા ખંડમાં આ બનાવ ધરતીકંપથી પણ ભયંકર હતો. ખુદ હબસીઓ મૂંઝાઈ ગયા. તેઓ વિચાર કરવા લાગ્યા કે ધણી વગર તે કેમ જિવાય ? કોણ કામ આપે ? કોણ ખાવાનું આપે ?

મોટા વેપારીઓને મન તો આ સત્યાનાશની વાત હતી. હબસીઓ એમને મન માનવ નહોતા નાણું રળી આપનારા જાનવર હતાં. એમણે લધાભાનો ભયંકર વિરોધ કર્યો.

જંગબારનું રાજ્ય પણ લધાભા સામે જંગે ચડ્યું. આટલી બધી મબલક આવક કેમ જવા દેવાય ? લધાભાની આસપાસ આફતની આંધી વીંટળાઈ ગઈ. એવામાં એક ઘટના ઘટી. સંશોધન કરવા નીકળેલા બે અંગ્રેજો આફ્રિકાના ઘનઘોર જંગલમાં ગુમ થઈ ગયા. ઠેર-ઠેર તપાસ કરી

પણ ક્યાંયથી સગડ ન મળ્યા. આથી માનવામાં આવ્યું કે નક્કી હબસી લોકોએ એમને પકડી રાખ્યા હશે. હવે એમની ભાળ મેળવવાનું કામ સોંપવું કોને ?

અંગ્રેજ સરકારે જંગબારના સુલતાનને આની જવાબદારી સોંપી. સુલતાને આ કામ જેરામ શિવજીની પેઢીને સોંપ્યું. પેઢીના શેઠે પહેલાં તો એમણે લધાભાને બોલાવીને ખોવાયેલા બે અંગ્રેજ સંશોધકોને શોધી લાવવાનું કામ સોંપ્યું.

દસ બાર હબસીઓને લઈને લધાભા શોધ માટે નીકળ્યા. ચારે કોર તપાસ કરવા લાગ્યા. દસ-બાર દિવસ તપાસ કરી પણ કંઈ પત્તો લાગ્યો નહીં. એવામાં એક ખબર આવી. હબસીઓનો એક મોટો મેળો ભરાઈ રહ્યો છે. લધાભા મેળામાં પહોંચ્યા. હબસી સ્ત્રી-પુરુષો કિકિયારીઓ સાથે જોરશોરથી નાચી રહ્યાં હતાં. કેટલાક ગુરુ જેવા લાગતા હબસીઓ દેવીની આરાધના કરતા બેઠા હતા. વચ્ચે એક થાંભલા સાથે બે અંગ્રેજ સાહેબોને બાંધ્યા હતા.

લધાભા નજરે પડતાં જ હબસીઓ રાજી થઈ ગયા. તેઓ જાણતા હતા કે આ વીર નરે આપણને ગુલામીમાંથી મુક્ત કરાવવા ઝુંબેશ ઉપાડી છે. ઘણાને મુક્ત કર્યા છે. આ તો આપણો તારણહાર ગુરુ છે.

સહુએ કહ્યું, ‘આવો ગુરુ ! પધારો પધારો !’

કેટલાક લધાભાને પગે પડ્યા. લધાભાએ કહ્યું, ‘તમે મને ખરેખર ગુરુ માનો છો ને ?’

સહુએ જોરથી ‘હા’નો અવાજ કર્યો.

‘તો પછી આ ગોરાસાહેબોને છોડી મૂકો. જુઓ, ગુરુની વાત પાછી ઠેલાય નહીં.’

પહેલાં તો સહુ આનાકાની કરવા લાગ્યા. હાથે ચડેલા ગોરાને તે કંઈ જીવતો જવા દેવાય. એમાંય એમનું તો દેવને બલિદાન આપવાનું છે. આવું બલિદાન બીજું ક્યારે મળે ?

ફરી લધાભાએ વિનંતી કરી. હબસીઓએ વાત વિચારી. એમનેય

થયું કે લધાભાને આપણે તારણહાર માન્યા છે. ગુરુ ગણ્યા છે. તો એમની વાત પાછી ઠેલાય કેવી રીતે ? આખરે ગોરાસાહેબોને છોડવામાં આવ્યા.

એમને લઈને લધાભા જંગબાર આવ્યા. પેઢીના શેઠને એમની સોંપણી કરી.

શેઠ જંગબારના સુલતાનને મળવા ગયા. સુલતાને માનવંતા ગોરા સાહેબોને ખાસ સ્ટીમરમાં ઇંગ્લૅન્ડ મોકલી આપ્યા. સુલતાન સામે ચાલીને લધાભાને મળવા આવ્યા અને એમની શરફરોશી પર ખુશ થતાં કહ્યું, 'લધાભા, માગો તમે માગશો તે આપીશ.'

લધાભાએ કશું લેવાની આનાકાની કરી. પણ સુલતાન એકનો બે ન થયો. એણે ઘોર આગ્રહ કર્યો ત્યારે લધાભાએ કહ્યું,

'સુલતાન, બહુ કહો છો તો માગી લઉં, આપી શકો તો આપજો. આ ગુલામોનો વેપાર બંધ કરી દો, એ જ મારી માગણી છે.'

સુલતાન આવી વિચિત્ર માગણી જાણીને વિમાસણમાં પડી ગયો. એણે કહ્યું. 'જાઓ, હું ગુલામોનો વેપાર બંધ કરી દઉં છું, પણ તમારે અંગ્રેજોને સમજાવવા પડશે. આમાં જેરામ ભાની મદદથી પણ જરૂર પડશે.'

તરત જ પેઢીના સંચાલક જેરામ શિવજી બોલી ઊઠ્યા, 'ભાઈ, હું તો લધાભાના દરિયાવ દિલને જોઈને ખુશ થયો છું. એની માનવતા જોઈને મારું મસ્તક નમી જાય છે. હું પણ જળ લઉં છું કે આજથી જ આ અઢળક કમાણી આપતો ધંધો બંધ કરું છું.'

અને આ દિવસે ગુલામી સામે જેહાદ પોકારનાર તરીકે કચ્છી જુવાન લધાભાનું નામ આફ્રિકાના ઇતિહાસમાં અમર થઈ ગયું.

એક માનવીએ માનવતાના અનેક દીપકોને અજવાળ્યા !

❖